STUDY MATERIAL

B.A. Sem-3

વિષય-અર્થશાસ્ત્ર

મુખ્ય   પેપર - 6

નાણું અને બેન્કિંગના આર્થિક સિદ્ધાંતો

અભ્યાસક્રમ (જુન-૨૦૧૯)

Prepared/Edited by

Dr. Kapil P. Ghosiya

Asst. Professor (Economics)

Govt. Arts & Commerce College, Vanthali (Sorath), Dist-Junagadh

ghosiyakapil@gmail.com

અભ્યાસક્રમ (જુન-૨૦૧૯થી અમલમાં)

(Bhakta Kavi Narsinh Mehta University - Junagadh)

મુખ્ય પેપર - 6 નાણું અને બેન્કિંગના આર્થિક સિદ્ધાંતો

અભ્યાસક્રમ/પ્રકરણ		માર્ક્સ
એકમ - 1 નાણું	1.1 વસ્તુ વિનિમય પ્રથાનો અર્થ અને મર્યાદાઓ 1.2 નાણાંની વ્યાખ્યા 1.3 નાણાંના કાર્યો 1.4 નાણાંના પ્રકારો (સ્વરૂપ)	15
એકમ - 2 નાણાંનું મુલ્ય	2.1 નાણાંના મુલ્યનો અર્થ 2.2 ભાવ સૂચક આંની પદ્ધતિઓ 2.3 ભાવ સૂચક આંકનું મૂલ્યાંકન	15
એકમ -3 નાણાંના મૂલ્યના સિદ્ધાંતો	3.1 નાણાં પરિમાણનો સિદ્ધાંત 3.2 રોકડ પુરાંતનો સિદ્ધાંત	20
એકમ - 4 ભારતીય બેન્કિંગ	4.1 વ્યાપારી બેન્કનો અર્થ અને વ્યાખ્યા 4.2 વ્યાપારી બેન્કનો કાર્યો 4.3 વ્યાપારી બેન્કની શાખ સર્જનની પ્રક્રિયા 4.4 મધ્યસ્થ બેન્કના કાર્યો	20

એકમ – 1 નાણું	માર્ક્સ
1.1 વસ્તુ વિનિમય પ્રથાનો અર્થ અને મર્યાદાઓ 1.2 નાણાંની વ્યાખ્યા 1.3 નાણાંના કાર્યો 1.4 નાણાંના પ્રકારો (સ્વરૂપ)	15

1.1 વસ્તુ વિનિમય પ્રથાનો અર્થ અને મર્યાદાઓ

• વસ્તુ વિનિમય પ્રથાનો અર્થ :

- વસ્તુના બદલામાં વસ્તુ આપવાની પ્રથાને સાટાપદ્ધતિ કે વસ્તુવિનિમય પ્રથા કહેવામાં આવે છે.

- વસ્તુવિનિમય પ્રથામાં જુદી-જુદી વ્યક્તિઓ વિવિધ ચીજવસ્તુઓનું ઉત્પાદન કરે છે અને ચીજવસ્તુઓની એકબીજાની સાથે પોતપોતાની જરૂરિયાત અનુસાર વિનિમય કરે છે. આમ, સાટાપદ્ધતિ એટલે વસ્તુઓની પરસ્પર અદલાબદલી અથવા નાણાંની દરમિયાનગીરી વગર પરસ્પર વસ્તુની અદલાબદલી.

- સાટાપદ્ધતિ એટલે વસ્તુઓની પરસ્પર અદલાબદલી અથવા નાણાંની દરમિયાનગીરી વગર પરસ્પર વસ્તુની અદલાબદલી.

- વસ્તુ વિનિમય પ્રથાને સાટા પદ્ધતિ તરીકે પણ ઓળખવામાં આવે છે.

- શરૂઆતમાં જ્યારે નાણાંની શોધ નહોતી થઈ ત્યારે સાટાપદ્ધતિ દ્વારા લેવડદેવડ થતી હતી. માનવી પોતાની પ્રાથમિક અવસ્થામાં શિકાર કરીને માંસ મેળવતો. તેના બદલામાં કોઈની પાસેથી અનાજ મેળવતો. સમય જતાં શિકારની સાથે ખેતી, પશુપાલનની પ્રવૃત્તિઓ થવા લાગી, તેથી એક કુટુંબ પોતાની વસ્તુઓ આપી બદલામાં બીજા કુટુંબ પાસેથી અમુક વસ્તુઓ મેળવતું. ધીમે ધીમે સાટાપદ્ધતિ વધુ વિસ્તૃત બની અને અમુક વસ્તુના બદલામાં અન્ય વસ્તુઓની આપ-લે થવા લાગી. દા.ત; ઘઉં આપીને બાજરો મેળવવો, કાપડ આપીને બળદ મેળવવો વગેરે. વસ્તુવિનિમય પ્રથા એ પરસ્પર સહકારનું પરિણામ છે. વસ્તુવિનિમય પ્રથાને લીધે વ્યક્તિઓ વચ્ચે કામનું વિભાજન થઈ શકે છે અને કામનું વિભાજન થવાથી વિવિધ પ્રકારની ચીજોનું ઉત્પાદન વધવા પામે છે.

• વસ્તુ વિનિમય પ્રથાની મર્યાદાઓ (સમસ્યાઓ) :

- જરૂરિયાતનો પરસ્પર મેળનો અભાવ: સાટાપદ્ધતિ ત્યારે જ શક્ય બને કે જ્યારે વિનિમય કરનારા બંને પક્ષોની જરૂરિયાતો વચ્ચે મેળ બેસતો હોય. જ્યાં સુધી બે પક્ષો વચ્ચે જરૂરિયાતોનો મેળ ન બેસે ત્યાં સુધી વિનિમય શક્ય બનશે નહિ. દા.ત; કોઈ ખેડૂતને ઘઉં આપીને બદલામાં કાપડ જોઈતું હોય, પરંતુ કાપડ અને વણકર વચ્ચે વિનિમય મુશ્કેલ બને છે. આથી ખેડૂતને એવા વણકરની શોધ કરવી પડશે, જે ઘઉં લઈને બદલામાં કાપડ આપવા તૈયાર હોય. આમ, બંને વ્યક્તિઓની જરૂરિયાતોને પરસ્પર મેળ ન બેસે ત્યાં સુધી વિનિમય અશક્ય બને છે. આ સાથે બંને વ્યક્તિઓની જરૂરિયાતો એક સમયે થવી જોઈએ. આમ, સાટાપદ્ધતિમાં એકબીજાની જરૂરિયાતોના મેળની મુશ્કેલીઓ હોય છે.

- સર્વસામાન્ય માપદંડનો અભાવ: વસ્તુ વિનિમય પ્રથામાં વિવિધ માલસામાન અને સેવાઓના મૂલ્યોને માપવા માટે સર્વસામાન્ય માપદંડના અભાવને લીધે માલસામાન વચ્ચેના વિનિમય ગુણોત્તર (એટલે કે, એકબીજાના સંદર્ભમાં માલસામાનની કિંમતો) ની સંખ્યા ખૂબ મોટી હશે. ઉદાહરણ તરીકે, એક ઘોડા માટે બે ગાય, એક ગાય, બે ક્વિન્ટલ ઘઉં. વેપાર મુશ્કેલ બને છે. વળી, બંને પક્ષો એ વિનિમય કયા દરે કરવો તે નક્કી કરવું મુશ્કેલ છે. દા.ત; ખેડૂત અને વણકર વચ્ચે ઘઉં અને કાપડની એકબીજાની જરૂરિયાત સંતોષવા તૈયાર થાય છે, પરંતુ ખેડૂતે દસ કિલોના ઘઉંના બદલામાં કેટલું કાપડ લેવું? આમ, વણકરે ૧૦ મીટર કાપડના બદલામાં કેટલા ઘઉં લેવા? તે નક્કી કરવાનું મુશ્કેલ છે. સાટાપદ્ધતિમાં વસ્તુના મૂલ્યનો આધાર જરૂરિયાતની તીવ્રતા પર રહેલો છે. આમ, સાટાપદ્ધતિમાં સર્વસામાન્ય માપદંડનો અભાવ હોવાથી વિનિમયદર સરળતાથી નક્કી થઈ શકતો નથી.

- વસ્તુ વિભાજનની મુશ્કેલી: સાટાપદ્ધતિમાં વસ્તુના વિભાજનની મુશ્કેલી પડતી હતી. કેટલીક વસ્તુઓનું વિભાજન અશક્ય હોય ત્યારે વિનિમય થઈ શકતો નથી. દા.ત; એક બળદ બરાબર 400 કિલો ઘઉં તેમ નક્કી કરવામાં આવ્યું હોય, પરંતુ જો કોઈ વ્યક્તિને માત્ર 100 કિલો ઘઉંની જરૂર હોય તો બળદનો ચોથો ભાગ થઈ શકે નહી કે તેના ટુકડા કરીને આપી શકાય નહી કારણ કે ટુકડાનું મુલ્ય રહેતું નથી. આમ, અમુક સંજોગોમાં વસ્તુના એકમોને વિભાજીત કરી

શકતા નથી. તેથી સાટાપદ્ધતિમાં મુશ્કેલીઓ સર્જાય છે. સાટાપદ્ધતિમાં અવિભાજ્ય માલનું વિનિમય કરવાનું મુશ્કેલ છે.

- મૂલ્યના સંગ્રહની મુશ્કેલી: સાટાપદ્ધતિમાં મૂલ્યનો સંગ્રહ કરવાની મુશ્કેલી રહેલી છે. નાણાંના અભાવે અનાજ, કાપડ, ઘેટાં, બળદ વગેરેનો વિનિમય માટે ઉપયોગ કરવામાં આવતો હતો, પરંતુ આ વસ્તુઓનો સંગ્રહ કરવાનું તેમજ એક સ્થળેથી બીજે સ્થળે ખસેડવાનું મુશ્કેલ હતું. દા.ત; ઘેટાં, બળદ મરી જાય, અનાજ સડી જાય, કાપડની ગુણવત્તા ઘટી જાય તેમજ તેનો સંગ્રહ ખર્ચ કરવો પડે વગેરે સમસ્યાઓ પેદા થાય છે, જેને પરિણામે મૂલ્યનો સંચય કરવાનું મુશ્કેલ બનતું. પરિણામે, મૂડીસંચય થઈ શકતો નહિ.

- વિલંબિત ચુકવણીની મુશ્કેલી: ઘણી વખત અમુક લેતી દેતી કે સોદો એવા હોય છે કે જેની ચુકવણી તાત્કાલિક કરવાને બદલે અમુક સમય પછી કરવાની હોય છે જેને વિલંબિત ચુકવણી કહે છે. વસ્તુ વિનિમય પ્રથામાં આવી વિલંબિત ચુકવણીમાં સમસ્યા ઉભી થાય છે. વિલંબિત ચુકવણી માટે વસ્તુને લાંબા સમય સુધી સાચવવી પડે છે જે સમસ્યારૂપ છે. વળી, વિલંબિત ચુકવણીમાં વસ્તુની જરૂરિયાતમાં ઘટાડો થાય તેમજ વસ્તુની ગુણવત્તા પણ બદલી જાય તેવું બને છે. દા.ત; એક વ્યક્તિએ બીજાને ૧૦૦કિલો ઘઉં ઉછીના આપ્યા હોય ત્યારે તે વર્ષ અછતનું હોય ઘઉં પરત મળે ત્યારે અછત ન હોય તેવું બને આમ,વિલંબિત કે ભાવી ચુકવણી કરવામાં વસ્તુ વિનિમય પ્રથા મુશ્કેલરૂપ છે.

- માહિતીની સમસ્યા : વસ્તુ વિનિમય પ્રથામાં એક વસ્તુના બદલમાં અન્ય કઈ કઈ ચીજો મળી શકે છે તેની માહિતી રાખવી પડે છે. એક વ્યક્તિને જે વસ્તુ જોઈએ તે ક્યાંથી મળશે અને શેના બદલામાં મળશે તેની માહિતી રાખવાની સમસ્યા જોવા મળે છે. ઘણી બધી ચીજ વસ્તુઓ અને સેવાઓ વ્યક્તિના રોજીંદા વ્યવહાર સાથે સંકળાયેલ હોય છે તેથી દરેક વસ્તુની માહિતીનો પ્રશ્ન ઉદભવે છે. જો માહિતી ન હોય તો વિનીમયથી વંચિત રહેવું પડે તેમ પણ બને.

આમ, વસ્તુ વિનિમય પ્રથામાં વેપાર/વિનિમય કરવો ખુબ મુશ્કેલ હતો. વસ્તુ વિનિમય પ્રથાની વિવિધ સમસ્યાઓ નિવારવામાંથી સમય જતા નાણાં પ્રથા અસ્તિત્વમાં આવી.

નાણા પ્રથાનો ઉદ્ભવ અને વિકાસ

વસ્તુ નાણું	સોના મહોર	સિક્કા	કાગદી નાણું	પ્લાસ્ટિક નાણું	ડીજીટલ નાણું	ક્રીપ્ટો કરન્સી

1.2 નાણાંની વ્યાખ્યા

અર્થતંત્રમાં નાણું અગત્યનું સાધન છે. પ્રો.ક્રાઉથર જણાવે છે કે, "યંત્રવિદ્યામાં ચક્ર, વિજ્ઞાનમાં અગ્નિ, રાજકારણમાં મત અને અર્થશાસ્ત્રમાં નાણાંની શોધ એ અગત્યની શોધ છે." રોમન લોકો Moneta નામની દેવીના મંદિરમાં ભોયરામાં સિક્કાઓ છાપતાં. તેથી તે દેવીના નામ ઉપરથી Money શબ્દ ઉતરી આવ્યો છે.

- પ્રો.ડી.એચ.રોબર્ટસન : "વસ્તુઓની ખરીદી વખતે થતી ચૂકવણીઓમાં કે વ્યાપારિક ચૂકવણીઓમાં જેનો બહોળા પ્રમાણમાં ઉપયોગ થાય છે તે સર્વને નાણું કહી શકાય."

- પ્રો.વોકર : "દેવું ચૂકવવામાં જેનો ઉપયોગ થાય છે, જેનો પ્રત્યક્ષ રીતે ઉપયોગ થઈ શકતો નથી, પણ જે વિનિમયના માધ્યમ તરીકે જ ઉપયોગમાં લેવાય તે નાણું છે."

- પ્રો.માર્શલ : "કોઈપણ સમયે તથા સ્થળે શંકા વિના તથા વિશેષ તપાસ વગર વસ્તુઓ તથા સેવાઓના ખરીદવેચાણના સાધન તરીકે જેનો સ્વીકાર થતો હોય તેને નાણાં તરીકે ઓળખવામાં આવે છે."

- પ્રો.ક્રાઉથર : "જે વસ્તુ વિનિમયનું માધ્યમ, મૂલ્યના માપદંડ અને સંગ્રહના સાધન તરીકે સર્વસ્વીકાર્ય હોય તે નાણું છે."

- **ઈ.આર. એ. સેલિંગમેન :** "નાણું એ એવી કોઈ સર્વ સામાન્ય વસ્તુ છે જે દેવાની ચૂકવણી માટે સ્વીકાર્ય છે અને વિનિમયના માધ્યમ અથવા મૂલ્યના સંગ્રાહક તરીકે ઉપયોગમાં આવે છે.

1.3 નાણાંના કાર્યો :



● <u>નાણાંના મુખ્ય (પ્રાથમિક) કાર્યો :</u>

- **વિનિમયનું માધ્યમ :** જ્યારે નાણાંની શોધ નહોતી થઈ ત્યારે સાટાપદ્ધતિ હેઠળ વસ્તુઓનો પ્રત્યક્ષ વિનિમય થતો હતો એટલે કે એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ લોકો પ્રાપ્ત કરતાં હતાં. નાણાંની શોધ થયા બાદ વસ્તુઓનો વિનિમય પ્રત્યક્ષને બદલે પરોક્ષ બન્યો છે. એટલે કે વ્યક્તિ વસ્તુ વેચે તેના બદલામાં નાણું મેળવે અને તે નાણાંની મદદથી તેને જરૂરી એવી બીજી વસ્તુ ખરીદે. દા.ત; ખેડૂત પોતાના ઘઉં વેચી નાણું મેળવે અને તે નાણાંની મદદથી અન્ય વસ્તુઓ મેળવે. આમ, વસ્તુઓનો વિનિમય તો થાય છે જ, પરંતુ પ્રત્યક્ષ નહીં. આ વિનિમયમાં નાણું માધ્યમ તરીકે કાર્ય કરે છે. આમાં એક વસ્તુના બદલામાં બીજી વસ્તુ વ્યક્તિએ તાત્કાલિક ખરીદી કે સ્વીકારી લેવી પડતી નથી. આમ, નાણું વિનિમયના માધ્યમ તરીકે કાર્ય કરી માનવજાત માટે ઘણી ઉપયોગી સેવા બજાવે છે.
- **મૂલ્ય માપવાનું કાર્ય :** વસ્તુની લંબાઈ-પહોળાઈ મીટર કે સેમીમાં માપી શકાય, વસ્તુનું વજન ગ્રામ, કી,ગ્રામ. ક્વિન્ટલમાં માપી શકાય તેવી જ રીતે વસ્તુનું મૂલ્ય નાણાં દ્વારા માપી શકાય. દા.ત; એક સેલફોનનું મૂલ્ય રૂ.5000 છે તેમ કહી શકાય. સાટાપદ્ધતિ હેઠળ વસ્તુઓ અને સેવાઓનું મૂલ્ય માપી શકાય તેવો કોઈ સર્વસામાન્ય માપદંડ નહોતો, જ્યારે નાણું એક એવો માપદંડ છે કે જેની મદદથી બધી જ વસ્તુઓનું મૂલ્ય કેટલું છે તે માપી શકાય છે. નાણું વસ્તુનું મૂલ્ય માપે છે.
- **વિલંબિત ચૂકવણીના ધોરણ તરીકેનું કાર્ય :** આજે ઉછીના લીધેલાં એક વર્ષ પછી પાછા આપવાના હોય તો આ એક પ્રકારની વિલંબિત ચૂકવણી થઈ કહેવાય. નાણું એક પ્રકારની ચૂકવણીઓના ધોરણ કે માપદંડ તરીકે કાર્ય બજાવે છે, જ્યારે સાટાપદ્ધતિમાં આવી વિલંબિત ચૂકવણીઓમાં કેટલીક મુશ્કેલીઓ સર્જાતી હતી. દા.ત; બે વર્ષ પહેલાં અમુક વ્યક્તિએ બીજા વ્યક્તિ પાસેથી ૧૦૦ કિલો ઘઉં ઉછીના લીધા હોય અને જ્યારે બે વર્ષ પછી તે ઘઉં પરત આપવા જાય ત્યારે લેણદારને એમ ફરિયાદ કરવાનું કારણ રહે કે મેં જે ઘઉં બે વર્ષ પહેલાં આપ્યા હતા તે ઊંચી ગુણવત્તાવાળા હતા, જ્યારે બે વર્ષ પછી તમે જે ઘઉં પરત આપો છો તે નીચી ગુણવત્તાવાળા છે. જ્યારે નાણાં દ્વારા ચૂકવણી થાય છે ત્યારે આવી કોઈ ફરિયાદને અવકાશ રહેતો નથી.
- **મૂલ્યના સંગ્રાહક તરીકેનું કાર્ય :** વસ્તુઓનો સંગ્રહ કરી રાખવામાં આવે તો ઘણી અગવડો ઊભી થાય છે. દા.ત; ઘઉં, ચોખા જેવી વસ્તુઓને લાંબો સમય સંઘરી રાખવામાં આવે તો તે બગડી/સડી જાય છે. વળી, કોઈ વસ્તુ સંઘરી રાખી હોય તે દરમિયાનમાં તે વસ્તુના ભાવ ઘટી જાય તો તેથી પણ કેટલુંક નુકસાન થાય. વળી, વસ્તુઓનો મોટો જથ્થો સંઘરી રાખવા માટે ઘણી બધી જગ્યા પણ જોઈએ. આને બદલે જો વસ્તુ વેચીને તેનું મૂલ્ય નાણાંના સ્વરૂપમાં સંઘરી રાખવામાં આવે તો તે ઘણું સરળ પડે. આમ, નાણું વધુ જગ્યા રોકતું નથી અને સહેલાઈથી સાચવી શકાય છે. જો કે નાણાંનું મૂલ્ય ઘટે તો તેટલા અંશે સંગ્રાહક તરીકે નાણાંની કામગીરી વધુ સંતોષકારક ન ગણાય. ટૂંકમાં, અન્ય વસ્તુઓનો સંગ્રહ કરવો તેના કરતાં વસ્તુના મૂલ્યનો નાણાંના સ્વરૂપમાં સંગ્રહ કરવો વધુ વાજબી, સુગમ અને વિશ્વાસપાત્ર છે.

• નાણાંના ગૌણ (દ્વિતીય કે આનુસંગિક) કાર્યો :

- **તરલ સંપત્તિ:** નાણું તરલ સંપત્તિ કે સુલભ છે. નાણું સર્વસ્વીકૃત સંપત્તિ હોવાથી નાણાં દ્વારા ગમે તે સમયે અને ગમે તે સ્થળે જરૂરી વસ્તુઓ તુરંત જ ખરીદી શકાય છે. નાણાં વડે મકાન, મોટરકાર, સ્કૂટર, અનાજ વગેરે ગમે તે વસ્તુ ગમે ત્યારે ખરીદી શકાય છે. તેથી નાણું હાજર ધન ગણાય છે. અથવા નાણાંમાં ત્વરિત ખરીદશક્તિનો ગુણ રહેલો છે. (On the Spot Purchasing Power) જ્યારે સંપત્તિના અન્ય સ્વરૂપોમાં આ ગુણનો વત્તાઓછા પ્રમાણમાં અભાવ હોવાથી તે નાણાંની જેમ સર્વસ્વીકાર્ય હાજર ધન તરીકે ગણાતા નથી. તેથી જ લોકો પોતાની કુલ સંપત્તિનો અમુક ભાગ રોકડ સ્વરૂપમાં રાખવાનો આગ્રહ રાખે છે.
- **મહત્તમ સંતોષ પ્રાપ્તિનું સાધન:** ગ્રાહક જ્યારે બજારમાં ખરીદી કરવા જાય ત્યારે મર્યાદિત આવકમાંથી મહત્તમ સંતોષ મેળવવાનો ઉદ્દેશ રાખે છે, ગ્રાહક વસ્તુમાં રહેલા તુષ્ટીગુણને નાણાં દ્વારા માપી શકે છે. વસ્તુની કિંમત નાણાંમાં વ્યક્ત થતી હોવાથી ગ્રાહકની વસ્તુની કિંમત ચૂકવવાની તૈયારી જ સંતોષપ્રાપ્તિનું સૂચન કરે છે. આમ, વસ્તુ કે સેવાની કિંમત નાણાંમાં વ્યક્ત થતી હોવાથી વસ્તુની કિંમત અને વસ્તુમાંથી પ્રાપ્ત થતા તુષ્ટિગુણની તુલના કરીને મહત્તમ સંતોષ મેળવી શકાય છે.
- **શાખી નાણાંનું સર્જન:** વર્તમાન સમયે મોટા ઉદ્યોગો અને વેપારી એકમોની કામગીરી મહદ્ અંશે બેન્કોના ધિરાણથી જ ચાલે છે. બેન્કોના ધિરાણની કામગીરી શાખી નાણાંના સર્જન તરીકે ઓળખવામાં આવે છે. બેન્કોમાં બાકી થાપણો તરીકે જે નાણું મૂકે છે, તેમાંથી બેન્કો ધિરાણ કરીને શાખી નાણાંના સર્જન કરે છે. શાખી નાણાંના સર્જન ત્યારે જ થઈ શકે કે જ્યારે નાણું અર્થતંત્રમાં અસ્તિત્વમાં હોય છે.
- **મૂલ્યનું સ્થળાંતર:** વસ્તુમાં રહેલા મૂલ્યને એક સ્થળેથી બીજા સ્થળે ખસેડવા માટે નાણાંની જરૂરિયાત રહે છે. જેમાં વસ્તુને ખસેડવાની જરૂરિયાત નથી. જેમ કે જુનાગઢના મકાનનું મૂલ્ય મુંબઈ ખસેડવું હોય તો જુનાગઢનું મકાન વેચીને તેનાં મળેલા નાણાંમાંથી મુંબઈમાં મકાન ખરીદી શકાય છે. આમ, નાણું એ મૂલ્યને એક જગ્યાએથી બીજી જગ્યાએ લઈ જવાનું કાર્ય કરે છે. એક સ્થળેથી બીજા સ્થળે અને એક વ્યક્તિ પાસેથી બીજી વ્યક્તિ પાસે સંપત્તિને હેર-ફેર કરવા માટે નાણું સહાયરૂપ બને છે.
- **આવકની વહેંચણીનું કાર્ય:** આધુનિક ઉત્પાદન વ્યવસ્થા મહદ્ અંશે શ્રમવિભાજન પર આધારિત મૂડીપ્રધાન ઉત્પાદનપદ્ધતિ છે. જેમાં ઉત્પાદનનાં સાધનો એકઠાં થઈને કામગીરી કરે છે. તેથી તેઓના વડે પ્રાપ્ત થયેલી સંપત્તિની વહેંચણી નાણાંના અસ્તિત્વને કારણે સરળ બને છે. ઉત્પાદનના સાધનો દ્વારા પેદા થયેલી સંપત્તિનું રૂપાંતર નાણાંમાં કરવામાં આવે છે અને નાણાંના સ્વરૂપમાં પ્રાપ્ત થયેલી આવક ઉત્પાદનના સાધનો વચ્ચે ચૂકવવામાં સરળતા રહે છે. રાષ્ટ્રીય આવકની ગણતરી નાણાંમાં થાય છે તથા ઉત્પાદનના દરેક સાધનને તેના કાર્ય બદલ વળતર (ભાડું, વેતન, વ્યાજ અને નફો)ની ચુકવણી નાણાં વડે થાય છે.
- **સામાજિક પ્રતિષ્ઠા તરીકેનું કાર્ય:** નાણું એ વ્યક્તિની પ્રતિષ્ઠા કે શાખ જાળવવાનું કાર્ય પણ કરે છે. જે વ્યક્તિ પાસે વધુ નાણું હોય તેની શાખ કે પ્રતિષ્ઠા વધુ માનવામાં આવે છે. ખાસ કરીને વેપારીઓ, ઉત્પાદકો, શેરધારકો, નાણાં ધીરનાર, પેઢી વગેરેને પ્રતિષ્ઠા જાળવવા માટે પોતાની પાસે નાણું હોવું આવશ્યક બને છે. વ્યાપારી બેંકો પણ પોતાના થાપણદરની પ્રતિષ્ઠા કે શાખ નાણાંના સ્વરૂપમાં જ જુએ છે. બીજી બાજુ બેંક નાણાંકીય રીતે સધ્ધર હોય તો લોકોમાં તેની પ્રતિષ્ઠા વધે છે.
- **અર્થતંત્રનો પાયા તરીકે કાર્ય:** નાણાંના લીધે બુદ્ધિયુક્ત કાર્યો શક્ય બને છે. અર્થતંત્રમાં નાણાંના અસ્તિત્વને કારણે ગ્રાહકો અને વિક્રેતાઓને ખરીદ-વેચાણના નિર્ણયો કરવાનું શક્ય બને છે. નાણું ખરીદ અને વેચાણના કાર્યોને એકબીજાથી સ્વતંત્ર રાખે છે. તેમજ નાણું મૂલ્યના માપદંડ તરીકે કાર્ય કરતું હોવાથી ગ્રાહક વસ્તુની ખરીદીનું કાર્ય, વિક્રેતા વેચાણનું કાર્ય ગણતરીપૂર્વક અમલમાં મૂકી શકે છે. ટૂંકમાં, વર્તમાન આર્થિક વિકાસના પાયામાં નાણાંનું અસ્તિત્વ કેન્દ્રસ્થાને છે.

1.4 નાણાંના પ્રકારો (સ્વરૂપ)



(1) વસ્તુ નાણું: માનવ જાતિએ વિકાસના પ્રથમ તબક્કામાં આર્થિક વ્યવહારોની પતાવટ માટે જુદી જુદી ચીજવસ્તુઓનો નાણાં તરીકે ઉપયોગ કરેલ. આમ જ્યારે વસ્તુઓનો ઉપયોગ નાણાં તરીકે કરવામાં આવે ત્યારે તેને વસ્તુ નાણાં તરીકે ઓળખાવવામાં આવે છે. દા. ત, કોડી, તીર, ભાલા, પશુ, અનાજ, શંખ, છીપલાઓ વગેરે વિવિધ વસ્તુઓએ વસ્તુ નાણાં તરીકે જુદા જુદા સમયે જુદા જુદા સમાજમાં કામગીરી બજાવી છે. પરંતુ, આ વસ્તુ નાણાંની2 સમય જતાં જુદી જુદી મુશ્કેલીઓ બહાર આવી. જેવી કે સંગ્રહ સ્થળાન્તર, અવિભાજ્યતા, ટકાઉપણું વગેરે બાબતોમાં આ વસ્તુ નાણું બિનકાર્યક્ષમ પુરવાર થયું.

(2) કાયદામાન્ય નાણું: કાયદામાન્ય નાણાંને સરકાર માન્ય નાણું કે કાયદેસરનું નાણું કહેવામાં આવે છે. અર્થાતુ આ પ્રકારનું નાણું દેશમાં કાયદાથી માન્ય થયેલું હોય છે. દરેક વ્યક્તિ વસ્તુની ખરીદી કે દેવાની પતાવટ કરે ત્યારે વિનિમયના સોદાઓમાં સામી વ્યક્તિએ તેનો ફરજિયાત સ્વીકાર કરવો પડે છે. સરકાર સિક્કાઓ અને નોટોના સ્વરૂપમાં કાયદેસરનું નાણું બહાર પાડે છે. આ પ્રકારના નાણાંની સ્વીકૃતિ સમાજ માટે ફરજિયાત હોય છે. ભારતમાં રૂપિયાનો સિક્કો, અન્ય સિક્કાઓ તથા રિઝર્વ બેંક તરફથી બહાર પાડવામાં આવતી ચલણી નોટો એ કાયદામાન્ય નાણું છે. કાયદામાન્ય નાણાંના બે પેટા પ્રકારો પાડવામાં આવે છે, ધાતુ નાણું અને કાગદી નાણું

(2.1) ધાતુ નાણું: ધાતુ નાણું એટલે એવું નાણું કે જેમાં સિક્કાઓની બનાવટમાં ધાતુનો ઉપયોગ કરવામાં આવેલો હોય છે. દા. ત., સોના તથા ચાંદીના સિક્કાઓ, ત્રાંબા, પિત્તળ વગેરેના સિક્કાઓ. આ ધાતુના સિક્કાઓ પર તેના મૂલ્યની અને સરકારના પ્રતિક રૂપ કોઈ ચિહની છાપ મારવામાં આવે છે. આપણા દેશમાં ધાતુના ચોક્કસ વજન, આકાર અને છાપ સાથેના સિક્કાઓ ચલણમાં છે. હાલમાં ભારતમાં મિશ્ર ધાતુના સિક્કાઓ બહાર પાડવામાં આવે છે. ધાતુ નાણાંનો મુખ્ય લાભ એ છે કે તેમાં નાણાં તરીકેનું મૂલ્ય ઉપરાંત ધાતુ તરીકેનું મૂલ્ય પણ સમાવિષ્ટ હોય છે. વળી, ધાતુ ટકાઉ હોવાથી સિક્કો સહેલાઈથી ઘસાઈ જતો નથી. આ ધાતુ નાણાંના ત્રણ પેટા પ્રકાર પાડી શકાય

(A) સંપૂર્ણ શુદ્ધ નાણું: આ પ્રકારના નાણાંને પૂર્ણ મૂલ્ય નાણું પણ કહેવામાં આવે છે. જ્યારે સિક્કાનું મુદ્રિત મૂલ્ય તેમાં વાપરવામાં આવેલી ધાતુના (વસ્તુ તરીકેના) મૂલ્ય બરાબર હોય છે ત્યારે તેને સંપૂર્ણ શુદ્ધ નાણું કે પૂર્ણ મૂલ્ય નાણું કહેવામાં આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો અહિયા સિક્કાનું છાપ - મૂલ્ય અને વસ્તુ-મૂલ્ય સરખા હોય છે. જો પ્રજામાં સરકાર પ્રત્યે અવિશ્વાસ હોય તો સરકારે આ પ્રકારના સિક્કાઓ બહાર પાડવાનું ઈચ્છનીય ગણાય. જેથી લોકોનો નાણાંમાં અને સરકારમાં વિશ્વાસ જળવાઈ રહે છે. ભારતમાં પહેલા આ પ્રકારના શુદ્ધ ચાંદીના સિક્કાઓ પ્રચલિત હતા. આમ સંપૂર્ણ શુદ્ધ નાણું પ્રજાનો નાણાંમાં વિશ્વાસ ટકાવી રાખવા માટે ઉત્તમ નાણું ગણાવી શકાય.

(B) સાંકેતિક નાણું (Token Money): જ્યારે નાણાંનું આંતરિક મૂલ્ય ઓછું હોય અને તેની પર છાપેલું મૂલ્ય વધુ હોય ત્યારે તેને સાંકેતિક નાણું કહેવામાં આવે છે. દા. ત., એક રૂપિયાનો નિકલનો સિક્કો હોય તો તેનું મુદ્રિત મૂલ્ય એક રૂપિયાનું કહેવાય. પરંતુ એ નિકલના સિક્કાને ઓગાળી નાખતા જો માત્ર તેના 60 પૈસા ઉપજે તો તેમાં તેનું આંતરિક મૂલ્ય ઓછું કહેવાય. અર્થાતુ અહીં સિક્કાનું છાપેલું મૂલ્ય તેના વસ્તુ મૂલ્ય કરતાં વિશેષ છે. સાધારણ રીતે આપણે ત્યાં પરચૂરણ તરીકે વપરાતા બધા જ સિક્કાઓ સાંકેતિક નાણું છે.

(C) અધિક મૂલ્ય નાણું (Over valued Money): જ્યારે સિક્કાના મુદ્રિત મૂલ્ય કરતાં તેનું ધાતુ મૂલ્ય વધારે હોય ત્યારે તેવા સિક્કાને અધિક મૂલ્ય નાણું કહેવામાં આવે આવા અધિક મૂલ્ય નાણાંની મુશ્કેલી એ છે કે તેમાં મુદ્રિત મૂલ્ય કરતાં આંતરિક મૂલ્ય વિશેષ હોવાથી લોકો નફો કમાવાના હેતુથી તેને ઓગાળીને વેચવાની પ્રવૃત્તિ કરવા લાગે છે. જેથી

GACCVanthali

સરકારને નુકસાન થાય છે. તેથી આવું અધિક મૂલ્ય નાણું ઇચ્છનીય ગણાવી શકાય નહીં. દા. ત., આપણા દેશમાં આઝાદી પછી મોટા કદના ત્રાંબાના સિક્કા ચલણમાં હતા, પરંતુ ત્રાંબાના ભાવો વધતા તેને ઓગાળી નાખવાની પ્રવૃત્તિ લોકોએ હાથ ધરેલ તેથી સરકારે આવા મોટા કદના ત્રાંબાના પૈસા ચલણમાંથી પાછા ખેંચી લીધેલ.
ધાતુ નાણાંના આ રીતે ત્રણ પ્રકારો પાડવામાં આવે છે, પરંતુ આ ત્રણેય પ્રકારો જડ નથી. એક જ સિક્કો જે અમુક સમયે સાંકેતિક સિક્કો હોય તે બીજા સમયે સંપૂર્ણ શુદ્ધ સિક્કો કે અધિક મૂલ્યવાન સિક્કો પણ બની શકે છે. કારણ કે તેનો આધાર સિક્કામાં વપરાતી ધાતુની કિંમતના પરિવર્તન પર રહેલો હોય છે.

(2.2) કાગદી નાણું : કાયદામાન્ય નાણાંનો બીજો પ્રકાર કાગદી નાણું છે. કાગદી નાણું એટલે જે ચલણ કાગળનું બનેલું હોય અને કાયદેસર રીતે લોકો તેનો સ્વીકાર કરવા તૈયાર હોય તે. વર્તમાન યુગમાં મોટાભાગના દેશો કાગળ નાણાંનો ઉપયોગ કરે છે. સમગ્ર નાણાંના પુરવઠાની દૃષ્ટિએ કાગળ નાણાંનો પુરવઠો ઘણો મોટો હોય છે. સરકાર દેશની મધ્યસ્થ બેંક દ્વારા કાગળની નોટો છાપે છે અને કાયદાની દષ્ટિએ લોકો તેનો સ્વીકાર કરે છે. ચલણી નોટોમાં વપરાયેલી વસ્તુનું મૂલ્ય તેની મુદ્રિત કિંમત કરતાં ઘણું ઓછું હોય છે. ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઇન્ડિયા આવી નોટો બહાર પાડે છે. કાગળ નાણાંનો મુખ્ય લાભ એ છે કે તેનાથી દેશની કિંમતી ધાતુ બચાવી શકાય છે અને નાણાંની હેરફેર તથા લેવડદેવડ ખૂબ જ સરળતાથી કરી શકાય છે. આ કાગળ નાણાંના પણ બે પેટા પ્રકારો પાડવામાં આવે છે :

(A) પરિવર્તનીય કાગદી નાણું : પરિવર્તનીય કાગદી નાણું ધાતુ નાણાંમાં ફેરવી શકાય છે. લોકો તરફથી માગણી થયે નોટમાં લખેલા મૂલ્ય જેટલા સિક્કા આપવામાં આવતા હોય તો તેને પરિવર્તનીય કાગદી નાણું કહેવાય છે. મોટા ભાગે લોકોને સરકારમાં વિશ્વાસ હોવાથી બધા કાગળ નાણું સ્વીકારે છે. આપણી રિઝર્વ બેંક દ્વારા બહાર પાડવામાં આવતી દસ રૂપિયાની નોટ પર જો તમો ધ્યાનપૂર્વક I promise to pay the bearer on demand the sum of Rupees ten at any office of issue." આ પ્રકારના લખાણની નીચે રિઝર્વ બેંકના ગવર્નરની સહી પણ તમને જોવા મળશે, પરંતુ સામાન્ય રીતે લોકો રૂપિયા પાંચ કે દસની નોટો બદલાવવા ક્યારેય જતા નથી. રિઝર્વ બેંક પહેલાં નોટો બહાર પાડતી ત્યારે તેના પીઠબળ તરીકે નિશ્ચિત પ્રમાણમાં સોનું તથા વિદેશી હૂંડિયામણ અનામત તરીકે રાખતી હતી. હવે અમુક જ પ્રમાણમાં સોનું તથા અન્ય અનામત રાખવામાં આવે છે. આમ છતાં દેશમાં આવી નોટો સરકારમાં વિશ્વાસ હોવાથી ચાલે છે. એટલે તેને વિશ્વસનિષ્ઠ નાણું પણ કહેવામાં આવે છે.

(B) અપરિવર્તનીય કાગદી નાણું : આ પ્રકારના નાણું અપરિવર્તનીય કાગદી નાણે સિક્કા કે અન્ય કિંમતી ધાતમાં ફેરવી શકાતું નથી. કેટલાક વાર યુદ્ધ કે કટોકટીના સમયમાં લોકોને સરકારમાંથી વિશ્વાસ ડગી જાય છે ત્યારે લોકો કાગળ નાણાંને બદલાવવા માગે છે. પરંતુ જ્યારે સરકાર તેમ કરી શકે તેમ ન હોય ત્યારે તે કાગળ નાણાંને કાયદેસર જાહેર કરે છે અને સરકારના આદેશથી હુકમથી તેવું નાણું ચલાવવામાં આવે છે. અહીં સરકારના આદેશથી લોકો તેને સ્વીકારતા હોવાથી તેને ***આદેશ નાણું (Fiat Money)*** પણ કહેવામાં આવે છે. આપણે ત્યાં કેન્દ્ર સરકારના નાણાંખાતા તરફથી બહાર પાડવામાં આવતી એક રૂપિયાની નોટ એ અપરિવર્તનીય કાગદી નાણું છે. તેમાં રૂપિયાની અન્ય નોટોની જેમ રિઝર્વ બેંકના ગવર્નર સહી કરતા નથી તેમજ બદલી આપવાની ખાતરી પણ આપતા નથી. જો સરકાર વધારે પડતું આદેશ નાણું બહાર પાડ્યું રાખે તો દેશમાં ફુગાવો વધતા દેશનો આર્થિક વિકાસ અટકી જાય છે. દા.ટ. પહેલા વિશ્વયુદ્ધ બાદ જર્મનીમાં અને 1949 માં ચીનમાં આવેલ ઘોડાપૂર ફુગાવો.

(3) શાખી નાણું (બેંક નાણું): આધુનિક અર્થતંત્રમાં શાખી નાણું ખૂબ જ મહત્ત્વનું બની ગયું છે. આ શાખી નાણાંનો ચલણી નોટો અને સિક્કાઓની અવેજીમાં બહોળા પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવી રહ્યો છે. શાખી નાણું કે જેને બેંક નાણું પણ કહેવામાં આવે છે તે નાણાંની જેમ જ નાણાંનું કાર્ય બજાવે છે. આ શાખી નાણાંમાં વચનચિઠ્ઠી, વિનિમયપત્ર, હૂંડી, ચેક, બેંકડ્રાફ્ટ વગેરેનો સમાવેશ થાય છે. શાખી નાણું સરકારના કાયદામાન્ય નાણાં જેવું પીઠબળ ધરાવતું નથી. છતાં શાખી નાણું લોકોના વિશ્વાસ પર ચાલે છે અને શાખી નાણાંનો લોકો સ્વેચ્છાએ સ્વીકાર કરે છે.શરાફી પેઢીઓ અને બેંકો મધ્યસ્થી તરીકે શાખીનાણાંના વ્યવહારોની લેતી દેતીમાં સહાયક બને છે.

(A) વચનચિઠ્ઠી (Promisary Note) : શાખપત્રનો આ સૌથી સાદો પ્રકાર છે તેમાં ખરીદનાર કે લોન મેળવનાર વ્યક્તિ સહી કરે છે અને લેણદારનાં દેવાંનો સ્વીકાર કરે છે. વચન ચિઠ્ઠી એ એક પ્રકારનું દેવા અંગેનું ખતપત્ર છે. વળી, ભવિષ્યમાં ચોક્કસ સમયે તે રકમ ચૂકવી આપવાની ખાતરી તથા વચન આપે છે. વચનચિઠ્ઠીમાં રકમ મેળવનાર

ચોક્કસ વ્યક્તિ અથવા તેના ફરમાન મુજબ અન્ય વ્યક્તિ નાણાં મેળવવા માટે હક્કદાર બને છે. આમ વચનચિઠ્ઠી એક રીતે લેખિત અને બિનશરતી કબૂલાત જ છે. આ પ્રોમિસરી નોટને ટૂંકમાં "પ્રો. નોટ" તરીકે પણ ઓળખાવવામાં આવે છે. અહીં દેવાદાર વચનચિઠ્ઠીના પ્રકારને આધારે નાણાં ચૂકવે છે. આ વચનચિઠ્ઠીના મુખ્ય બે પ્રકાર છે દર્શની વચનચિઠ્ઠી અને મુદતી વચનચિઠ્ઠી. આ વચનચિઠ્ઠીમાં નિશ્ચિત વ્યાજનો દર, રકમ, ધીરધારનું નામ, નાણાં પરત કરવાની ચોક્કસ તારીખ વગેરેનો ઉલ્લેખ કરવામાં આવેલ હોય છે.

(B) વિનિમયપત્ર (Bill of Exchange) : વિનિમયપત્ર પણ એક પ્રકારનું શાખી સાધન કે શાખી નાણું છે. આજના ઝડપી યુગમાં રોજબરોજ અનેક નાનામોટા વ્યાપારી સોદાઓ થતા હોય છે, પરંતુ આ બધો વેપાર રોકડથી ચાલતો નથી પરંતુ મોટા ભાગના વ્યાપારી સોદાઓમાં માલનું ખરીદવેચાણ ઉધાર લેવડ-દેવડથી થતું હોય છે. વિનિમયપત્ર આવા પ્રકારની લેવડદેવડમાંથી જન્મે છે. ધારો કે જ્યારે જુનાગઢનો કોઈ એક વેપારી મુંબઈના વેપારી પાસેથી ઉધાર માલ ખરીદે છે ત્યારે મુંબઈનો વેપારી (લેણદાર) જુનાગઢના વેપારી (દેણદાર)ને એક લેખિતપત્ર આપે છે. તેમાં લખેલી નિશ્ચિત રકમ આદેશ પ્રમાણે તુરત જ કે ભવિષ્યમાં મુંબઈના વેપારી કે તેના આદેશ પ્રમાણે અન્ય કોઈને ચૂકવવાનું તેમાં સૂચવે છે. આવા લેખિત ખતને વિનિમયપત્ર કહેવામાં આવે છે. કરજદાર તેમાં સહી કરી લેણદારને પરત કરે છે. આ પ્રકારના વિનિમયપત્રો મુદત પહેલા પણ વ્યાપારી બેંક પાસેથી વટાવીને માલ વેચનાર વેપારી પોતાના પૈસા મેળવી શકે છે. બેંક બિલ પાકતાં કરજદાર વ્યાપારી પાસેથી વ્યાજ સહિત બધી રકમ વસૂલ કરે છે. મોટા સોદાઓ સામાન્ય રીતે આવાં વિનિમયપત્રો દ્વારા જ ચાલે છે. વિનિમયપત્રોના વિવિધ પ્રકારો જેમ કે દર્શની વિનિમયપત્ર અને મુદતી વિનિમયપત્ર, આંતરદેશીય વિનિમયપત્રો અને આંતરરાષ્ટ્રીય વિનિમયપત્રો.

(C) હુંડી : હૂંડી એ શાખી વ્યવહારનું જૂનું અને મહત્ત્વનું સાધન છે. આજે જે પ્રકારની નાણાંની હેરફેરની સવલતો ઉપલબ્ધ છે તેવી સવલતોનો પ્રાચીન ભારતમાં અભાવ હતો ત્યારે વેપારના ક્ષેત્રે હૂંડીનો વિશેષ ઉપયોગ થતો હતો. નાણાંની હેરફેર કરી આપવામાં તે ખૂબ જ મહત્ત્વનું સાધન ગણાતું હતું. અલબત્ત આજે પણ વત્તાઓછા પ્રમાણમાં તેનો દેશી શરાફો - વેપારીઓ અને શાહુકારો ઉપયોગ કરે છે. - હૂંડી એ એક પ્રકારનું લેખિત ખત છે. જ્યારે એક સ્થળનો વેપારી બીજા પ્રદેશમાં પૈસા સાથે લઈ જવા માગતો હોય ત્યારે તે પોતાના ગામના કોઈ શરાફ કે શાહુકારની પેઢી પર જતો અને ત્યાં પોતાને જેટલા પૈસા કે રોકડ સાથે લઈ જવા હોય તેટલી રકમ જમા કરાવતો અને શરાફ આ પૈસાના બદલામાં આવેલ વેપારીને હૂંડી લખી આપતો. આ હૂંડી તે બીજા ગામના શરાફ પાસે જઈ રજૂ કરતો. અરસપરસના નાણાંકીય વ્યવહારને લીધે અન્ય સ્થળનો શરાફ હૂંડી લાવનારને ઓળખી અને ખાતરી કરી નાણાં ચૂકવી આપતો. આ રીતે હૂંડીમાં સામાન્ય રીતે ત્રણ પક્ષકારો હોય છે. એક હૂંડી લખનાર, હૂંડી સ્વીકારનાર અને હૂંડીની રકમ વસૂલ કરનાર. હૂંડીના વિવિધ પ્રકારો પાડવામાં આવ્યા છે. દર્શની હૂંડી, મુદતી હુંડી, ધણીજોગ હૂંડી, નામજોગ હૂંડી અને શાહજોગ હૂંડી.

(D) ચેક : વિવિધ પ્રકારના શાખી સાધનોમાં સૌથી વિશેષ પ્રમાણમાં આજે ચેકની વપરાશ થાય છે. વિકસિત દેશોમાં કે જ્યાં બેંકિંગ પદ્ધતિ ખૂબ જ વિકાસ પામી ચૂકી છે. ભારતમાં પણ દિન-પ્રતિદિન તેના વપરાશમાં વધારો થઈ રહ્યો છે. અર્થતંત્રમાં રોજબરોજ જે કરોડો રૂપિયાના સોદાઓ થતા હોય છે જેની મોટા ભાગની ચૂકવણીઓ ચેક દ્વારા થાય છે.

શાહગ અથવા બેરર ચેક (Bearer Cheque) : આ પ્રકારના ચેકમાં નાણાં જે વ્યક્તિને આપવાના હોય છે તેનું નામ લખવામાં આવે છે અને નામ લખ્યા નાણાંનો ઉદ્ભવ અને વિકાસ પછી બેરર શબ્દ પર ટીકા કરવામાં આવે છે અને ઓર્ડર શબ્દને ઉડાડી નાખવામાં આવે છે. આ ચેક જેને નામે લખવામાં આવ્યો હોય તેને બેંક ચેક લખનારને ખાતે તેટલી રકમ ઉધારીને તુરત જ રોકડા નાણાં ચૂકવી આપે છે. આની મુશ્કેલી એ છે કે બેરર ચેકના નાણાં જે વ્યક્તિ પાસે ચેક હોય તેને મળે છે. આથી ચેક ગુમ થઈ ગયો હોય તો અન્ય ખોટી વ્યક્તિ પણ તેના નાણાં ઉપાડી લે છે. તેથી આ ચેક સુરક્ષિત ચેક નથી.

નામજોગ ચેક (Order Cheque) : આ પ્રકારના ચેકમાં જે વ્યક્તિનું નામ લખેલું હોય તેને જ બેંક પૈસા ચૂકવે છે. અહીંયા નાણાં લેનારનું નામ લખ્યા પછી "ઓર્ડર શબ્દ" લખેલો હોય છે. આ પ્રકારના ચેકમાં પણ જેના નામનો ચેક હોય તેમણે પૈસા મેળવતી વખતે સહી કરવી પડે છે. આ ચેક ઉપરના બેરર ચેક કરતાં વધુ સલામત છે, કારણ કે જે વ્યક્તિ પૈસા લેવા આવે તેની બેંકે પૂરી ખરાઈ કરવી પડે છે. અહીં જો અન્ય કોઈ પૈસા લઈ જાય તો તેને માટે બેંક

જવાબદાર ઠરે છે. આથી બેંક પૂરતી ચોક્સાઈ કરીને જ નાણાં ચૂકવે છે. આ ચેકમાં બેરર શબ્દ છેકીને "ઓર્ડર" શબ્દ લખવામાં આવે છે.

રેખાંકિત (ક્રોસ) અથવા ખાતાજોગ ચેક (Crossed Cheque) : આ પ્રકારનો ચેક સૌથી વિશેષ સુરક્ષિત છે. ચેક લખનાર વ્યક્તિ જેને ચેક લખી આપે છે તે વ્યક્તિના ખાતામાં જ ચેકની રકમ જમા થાય છે. આ ચેકના નાણાં વ્યક્તિને રોકડા મળતા નથી. આ પ્રકારના ચેકમાં વ્યક્તિ ચેક લખતી વખતે ડાબી બાજુએ ઉપરના ખૂણ્યા પર બે સમાંતર રેખાઓ દોરે છે અને તેમાં A/c Payee અથવા & Co. એવા ટૂંકા શબ્દો લખવામાં આવે છે. આનો અર્થ એ છે કે આ ચેકના નાણાં બેંકે રોકડા ચૂકવવાના નથી, પરંતુ ચેકમાં દર્શાવેલ વ્યક્તિના ખાતામાં જ નાણાં જમા કરવાના છે.

પાકતો ચેક (Post dated cheque) : આ ચેકની વિશિષ્ટતા એ છે કે ચેક લખનાર વ્યક્તિ સામી વ્યક્તિને ચેક આજે આપે છે, પરંતુ તેની તારીખ ભવિષ્યની નાખે છે તેથી ચેક સ્વીકારનાર વ્યક્તિએ ચેકમાં જે ભવિષ્યની તારીખ નાખી હોય તે તારીખે અથવા ત્યાર બાદ બેંકમાં પોતાના ખાતામાં નાખવાનો હોય છે. આમ આ પ્રકારના પોસ્ટ ડેટેડ ચેકના નાણાં તુરત જ મળી શકતા નથી.

(E)બેંક ડ્રાફ્ટ (Bank-Draft) : આ પણ શાખી નાણાંનું એક ખૂબ જ અગત્યનું સાધન છે જ્યારે આપણે અન્ય કોઈપણ વ્યક્તિને તાત્કાલિક નાણાં મોકલવા માંગતા હોઈએ ત્યારે આપણે ડ્રાફ્ટ દ્વારા તેમ કરીએ છીએ. ડાફ્ટ એ એક બેંકે બીજા શહેરની પોતાની શાખા પર લખેલો એક પ્રકારનો ચેક જ છે. આ ડ્રાફ્ટ દ્વારા આપણે બહારગામ ઓછા ખર્ચે સરળતાથી અને સલામતીપૂર્વક નાણાં મોકલી શકીએ છીએ. ડ્રાફ્ટમાં જે વ્યક્તિનું નામ લખવામાં આવ્યું હોય તે વ્યક્તિ ડ્રાફ્ટ મળતાં બેંકમાં તે રજૂ કરીને નાણાં મેળવી શકે છે અથવા પોતાના ખાતામાં તે ડ્રાફ્ટ જમા કરાવીને જરૂર પડે ઉપાડી શકે છે. ચેકની તુલનામાં ડ્રાફ્ટમાં આર્થિક વ્યવહારમાં ઓછો સમય લાગે છે અને સલામતી વિશેષ છે.

એકમ – 2 નાણાંનું મુલ્ય	**માર્ક્સ**
2.1 નાણાંના મુલ્યનો અર્થ 2.2 ભાવ સૂચક આંની પદ્ધતિઓ 2.3 ભાવ સૂચક આંકનું મૂલ્યાંકન	**15**

જેમ ગરમીને માપવા માટે થર્મોમીટર, હવાના દબાણને માપવા માટે બેરોમીટર, લંબાઈ માપવા માટે મીટર અને પ્રવાહી વસ્તુઓને માપવા માટે લિટરનો ઉપયોગ કરવામાં આવે છે. તેમ વસ્તુઓનાં મૂલ્યને માપવા માટે નાણાંનો ઉપયોગ કરવામાં આવે છે. જો કે નાણું વસ્તુઓનાં મૂલ્યનું માપક સાધન હોવા છતાં તેના ઉપર વિવિધ પરિબળો અસર કરતાં હોવાથી તેનું ખુદનું મૂલ્ય હંમેશાં સ્થિર રહેતું નથી. નાણાંનાં મૂલ્યને કઈ રીતે માપવામાં આવે છે તે અંગે વિચાર કરતાં પહેલાં નાણાંનાં મૂલ્યનો અર્થ સમજવો જરૂરી છે.

2.1 નાણાંના મુલ્યનો અર્થ :

- **નાણાંનાં મૂલ્યના અંગેના ત્રણ દષ્ટિકોણ :**

- નાણાંનું મૂલ્ય એટલે વ્યાજનો દર : કેટલાક અર્થશાસ્ત્રીઓના મત મુજબ ઋણદાતા ઋણીને નાણાં ઉધાર આપ્યા પછી જે વ્યાજ પ્રાપ્ત કરે છે તે નાણાંનું મૂલ્ય છે. અર્થાત્ નાણાંનું ધિરાણ કરવાથી તેના પરિણામે ધિરાણની મૂળ રકમ ઉપરાંત વ્યાજના સ્વરૂપે જે વધારાની રકમ મળે છે તે નાણાંનું મૂલ્ય છે. આને આવક મૂલ્ય (Income value) પણ કહેવામાં આવે છે. જો કે આ ક્ખ્યલ ભ્રામક અને અવ્યવહારૂ છે.
- નાણાંનું મૂલ્ય એટલે વિદેશી વિનિમય દર : કેટલાક અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાંનું મૂલ્ય એટલે તેનું બાહ્ય મૂલ્ય (External Value). અર્થાત કોઈ એક દેશના નાણાંના એક નિશ્ચિત એકમના બદલામાં કોઈ બીજા દેશનાં નાણાંનો જેટલું પ્રમાણ પ્રાપ્ત થાય છે તે પ્રમાણ નાણાંનું મૂલ્ય છે. બીજા શબ્દોમાં કહીએ તો નાણાંનું મૂલ્ય એટલે વિદેશી વિનિમયનો દર એવું અર્થઘટન કરવામાં આવે છે. વિદેશી વેપાર અને વિદેશી વિનિમયમાં નાણાંનાં મૂલ્યનો આ જ અર્થ કરવામાં આવે છે. જો કે આ અર્થઘટન પણ સર્વસ્વીકૃત બની શક્યું નથી.
- નાણાંનું મૂલ્ય એટલે નાણાંની સામાન્ય ખરીદશક્તિ : કેટલાક અર્થશાસ્ત્રીઓના મત મુજબ નાણાંનું મૂલ્ય એટલે નાણાંમાં રહેલી સામાન્ય ખરીદશક્તિ. આ અર્થઘટન મુજબ નાણાંનું મૂલ્ય એટલે નાણાંનાં એક એકમ વડે કોઈ એક વસ્તુનું ખરીદી કરી શકાય તેટલું પ્રમાણ. આ ખ્યાલ સૌથી વિશેષ સ્વીકૃત બન્યો છે.

- **નાણાંનું મૂલ્યનો આધાર ખરીદ શક્તિ પર :** નાણાંનું મૂલ્ય કેટલું હશે તેનો આધાર તેની ખરીદશક્તિ (Purchasing power) ઉપર રહેલો છે. તેથી નાણાંનું મૂલ્ય એટલે નાણાંમાં રહેલી ખરીદશક્તિ. નાણાંના એક નિશ્ચિત એકમના

બદલામાં જેટલી વસ્તુઓ કે સેવાઓ ખરીદી શકાય છે તે નાણાંનું મૂલ્ય છે આને નાણાંનું વપરાશ મૂલ્ય પણ કહેવામાં આવે છે. વ્યવહારમાં નાણાંમાં રહેલી ખરીદશક્તિ વડે જ તેનું મૂલ્ય નક્કી કરવામાં આવે છે, જ્યારે નાણાંનાં એક નિશ્ચિત એકમ વડે વધારે પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓ ખરીદી શકાય છે. ત્યારે નાણાંની ખરીદશક્તિમાં વધારો થાય છે. પરિણામે નાણાંનાં મૂલ્યમાં પણ વધારો થાય છે. તેથી ઊલટું, જ્યારે નાણાંના એક નિશ્ચિત એકમ વડે ઓછી વસ્તુઓ અને સેવાઓ ખરીદી શકાય છે ત્યારે નાણાંની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. પરિણામે નાણાંનાં મૂલ્યમાં પણ ઘટાડો થાય છે. આમ, નાણાંની ખરીદશક્તિ અને નાણાંનાં મૂલ્ય વચ્ચે સવળો સંબંધ રહેલો છે. અર્થાત્ તે બન્ને એક જ દિશામાં જાય છે. આ રીતે નાણાંનાં મૂલ્યનો આધાર નાણાંની ખરીદશક્તિ ઉપર રહેલો છે.

• **ખરીદશક્તિનો આધાર ભાવસપાટી પર :** નાણાંની ખરીદશક્તિનો આધાર ચીજવસ્તુઓના ભાવો ઉપર રહેલો છે. જ્યારે ચીજવસ્તુઓ ભાવોમાં વધારો થાય છે ત્યારે નાણાંનાં એક નિશ્ચિત એકમ - વડે ઓછી વસ્તુઓ અને સેવાઓ ખરીદ શકાય છે. આથી નાણાંની ખરીદશક્તિમાં ઘટાડો થાય છે. તેથી ઊલટું, જ્યારે ચીજવસ્તુઓના ભાવોમાં ઘટાડો થાય છે ત્યારે નાણાંના એક નિશ્ચિત એકમ વડે વધુ પ્રમાણમાં વસ્તુઓ અને સેવાઓ ખરીદી શકાય છે. તેથી નાણાંની ખરીદશક્તિમાં વધારો થાય છે. આમ, ચીજવસ્તુઓના ભાવો અને ખરીદશક્તિ વચ્ચે ઊલટો સંબંધ રહેલો છે.

• **નાણાંનાં મૂલ્યનું સમીકરણ :**

V = 1/P જેમાં, V = નાણાંનું મૂલ્ય (Value of Money) અને P = કિંમત (Price)

નાણાંની ખરીદશક્તિ અને નાણાંના મૂલ્ય વચ્ચે સવળો સંબંધ રહેલો છે, જ્યારે ભાવો અને ખરીદશક્તિ વચ્ચે ઊલટો સંબંધ રહેલો છે. તેથી ભાવો અને નાણાંનાં મૂલ્ય વચ્ચે ઊલટો સંબંધ પ્રસ્થાપિત થાય છે. એટલે કે જ્યારે ચીજવસ્તુઓના ભાવોમાં વધારો થાય છે ત્યારે નાણાંના મૂલ્ય (નાણાંની ખરીદશક્તિ)માં ઘટાડો થાય છે અને જ્યારે ચીજવસ્તુઓના ભાવોમાં ઘટાડો થાય છે ત્યારે નાણાંનાં મૂલ્યમાં વધારો થાય છે.

• **નાણાંનાં મૂલ્યની વ્યાખ્યાઓ :**

- રોબર્ટસન : "સામાન્ય રીતે નાણાંનાં એક એકમના બદલામાં જેટલા પ્રમાણમાં વસ્તુઓ પ્રાપ્ત થઈ શકે છે તે વસ્તુના પ્રમાણને નાણાંનું મૂલ્ય કહે છે."
- કેઈન્સ: "કોઈ વિશેષ પરિસ્થિતિમાં નાણાંની ખરિદશક્તિ (નાણાંનું મૂલ્ય) વસ્તુઓ અને સેવાઓના તે પ્રમાણ ઉપર આધાર રાખે છે કે જે નાણાંનું એક એકમ ખરીદી શકે."
- ફિશર : "નાણાંનું મૂલ્ય તેની ખરીદશક્તિનો નિર્દેશ કરે છે. નાણાંની ખરીદશક્તિ ભાવસપાટીથી ઊલટી દિશામાં હોય છે અને તેથી જ નાણાંની ખરીદશક્તિનો અભ્યાસ અને ભાવસપાટીનો અભ્યાસ લગભગ સમાન હોય છે."
- સેલીગ્મેન : "નાણાંનું મૂલ્ય નાણાંની ખરીદશક્તિને વ્યક્ત કરે છે અને તેને વસ્તુઓની સામાન્ય ભાવસપાટી દ્વારા જાણી શકાય છે."

આ બધી જ વ્યાખ્યાઓનો સારાંશ એ છે કે નાણાંનું મૂલ્ય નાણાંની ખરીદશક્તિ સાથે સંબંધ ધરાવે છે. તેથી નાણાંનાં મૂલ્યની વ્યાખ્યા સરળ શબ્દોમાં આ પ્રમાણે આપી શકાય : "નાણાંના એક એકમ વડે જેટલી વસ્તુઓ અને સેવાઓ પ્રાપ્ત કરી શકીએ છીએ તે પ્રમાણને નાણાંનું મૂલ્ય કહી શકાય."

• **ક્રાઉથરનો અભિગમ :** ક્રાઉથરે નાણાંનાં મૂલ્યનાં ખ્યાલમાં નિશ્ચિતતા લાવવા માટે નાણાંનાં ત્રણ પ્રમાણિત મૂલ્યો (Standard Values) રજૂ કર્યા છે. (1) જથ્થાબંધ મૂલ્ય (2) છૂટક મૂલ્ય (3) શ્રમ મૂલ્ય. નાણાંનું જથ્થાબંધ મૂલ્ય એટલે વસ્તુઓ અને સેવાઓનું તે પ્રમાણ કે જે જથ્થાબંધ બજારમાં નાણાંનાં એક એકમ દ્વારા પ્રાપ્ત થાય છે. નાણાંનું છૂટક મૂલ્ય એટલે વસ્તુઓ અને સેવાઓનું તે પ્રમાણ કે જે છૂટક બજારમાં નાણાંનાં એક એકમ દ્વારા પ્રાપ્ત થાય છે, જ્યારે નાણાંનું શ્રમ મૂલ્ય એટલે શ્રમનું તે પ્રમાણ કે જે કોઈ એક નિયોજક શ્રમ બજારમાંથી નાણાંનાં એક એકમ દ્વારા પ્રાપ્ત કરી શકે છે. પ્રો. કાઉથરના મતે માત્ર નાણાંનાં મૂલ્યમાં થતાં પરિવર્તનની માહિતી મહત્ત્વની છે, જે નાણાંની ખરીદશક્તિમાં ફેરફારો દ્વારા મળી રહે છે.

• **નાણાંનાં મૂલ્યમાં ફેરફાર :** નાણાંનું મૂલ્ય અન્ય માપક સાધનો જેવાં કે થર્મોમીટર, બેરોમીટર, મીટર, લિટર વગેરેના મૂલ્યની માફક હંમેશાં સ્થિર રહેતું નથી. તેથી તેટલા પ્રમાણમાં નાણું મૂલ્યના માપક સાધન તરીકે મર્યાદિત છે, જો નાણાંનું મૂલ્ય હંમેશાં સ્થિર રહેતું હોય તો નાણાંના મૂલ્યને માપવાનો પણ કોઈ પ્રશ્ન જ ઊભો ન થાત, પરંતુ નાણાંનું ખુદનું મૂલ્ય સ્થિર રહેતું નથી તેથી નાણાંના મૂલ્યને માપવાની અનિવાર્યતા પેદા થાય છે. વાસ્તવમાં નાણાંનું મૂલ્ય

સ્થિર રહી શકતું નથી તે એક હકીકત છે અને નાણાંનાં મૂલ્યની આ અસ્થિરતાને પરિણામે જ અર્થકારણમાં ફુગાવો અને મંદી પેદા થાય છે તેથી આર્થિક સ્થિરતા જાળવવા માટે નાણાંનાં મૂલ્ય ઉપર અંકુશ રાખવો જોઈએ અને નાણાંનાં મૂલ્યમાં સ્થિરતા જાળવવા માટે સામાન્ય ભાવસપાટીમાં સ્થિરતા જાળવવી જરૂરી બની રહે છે.

• **સામાન્ય ભાવસપાટી:** નાણાંનું મૂલ્ય વાસ્તવિક રીતે જાણવા માટે સામાન્ય ભાવસપાટીનો અભ્યાસ કરવામાં આવે છે. વ્યવહારમાં અસંખ્ય પ્રકારની વસ્તુઓ અને સેવાઓ નાણાંના બદલામાં મળે છે. હવે જે નાણાંનું મૂલ્ય આ બધા જ પ્રકારની વસ્તુઓ અને સેવાઓને માટે જુદું જુદું આંક્વામાં આવે તો નાણાંનાં અસંખ્ય મૂલ્યો સ્થાપિત થશે, આ મુશ્કેલીને દૂર કરવા માટે નાણાંનાં મૂલ્યનો સામૂહિક દષ્ટિએ વિચાર કરવામાં આવે છે. નાણાંનું મૂલ્ય વિવિધ વસ્તુઓ અને સેવાઓના સરેરાશ ભાવોના રૂપમાં આંકવામાં આવે છે. જેને સામાન્ય ભાવસપાટી તરીકે ઓળખાવવામાં આવે છે. આના માટે પ્રતિનિધિરૂપ વસ્તુઓ અને સેવાઓ પસંદ કરવામાં આવે છે અને પછી તેનું સરેરાશ મૂલ્ય શોધવામાં આવે છે. આ સામાન્ય ભાવસપાટી અને નાણાંના મૂલ્ય વચ્ચે વ્યસ્ત સંબંધ છે. તેથી જ્યારે સામાન્ય ભાવસપાટી વધે છે ત્યારે નાણાંનું મૂલ્ય ઘટે છે અને સામાન્ય ભાવસપાટી ઘટે છે ત્યારે નાણાંનું મૂલ્ય ઘટે છે.

2.2 ભાવ સૂચક આંકની પદ્ધતિઓ

ભાવસૂચક આંક (Price Index Number) એ નાણાંનાં મૂલ્યને માપવા માટેનું એક સાધન છે. ભાવસૂચક આંક દ્વારા કિંમતોમાં સામાન્ય વલણોને આધારે નાણાંનું મૂલ્ય શોધવામાં આવે છે. આમ, સમયના બે જુદાં જુદાં બિંદુઓ વચ્ચે ભાવોમાં થયેલ પરિવર્તનોને પરિણામે નાણાંનાં મૂલ્યમાં કેવા પ્રકારનાં પરિવર્તનો આવે છે તે સમજાવવાનું કાર્ય ભાવસૂચક આંક કરે છે. તેથી તેનો અભ્યાસ મહત્ત્વનો બની રહે છે.

• ભાવસૂચક આંકનો અર્થ:

નાણાંનાં મૂલ્યમાં આવતાં પરિવર્તનો જે પદ્ધતિ વડે માપવામાં આવે છે તેને ભાવસૂચક આંક કહેવામાં આવે છે. આમ, ભાવસચૂક આંક એવા આંકડાઓ છે કે જે જુદા જુદા બે સમયના બિંદુઓ વચ્ચે ચીજવસ્તુઓની સામાન્ય ભાવસપાટીમાં કેટલા ટકા પરિવર્તન આવ્યું છે તેનો નિર્દેશ કરે છે જેથી તેના આધારે સમયના આ ગાળામાં નાણાંનાં મૂલ્યમાં કેટલા ટકા વધારો કે ઘટાડો થયો છે તે જાણી શકાય છે. જે ભાવસૂચક આંકમાં વધારો થઈ રહ્યો હોય તો તેનો એ અર્થ થાય છે કે સામાન્ય ભાવસપાટીમાં વધારો થઈ રહ્યો છે, અર્થાત્ નાણાંનાં મૂલ્યમાં ઘટાડો થઈ રહ્યો છે. એથી ઊલટું, જો ભાવસચૂક આંકમાં ઘટાડો થઈ રહ્યો હોય તો તેનો એ અર્થ થાય છે કે સામાન્ય ભાવસપાટીમાં ઘટાડો થઈ રહ્યો છે, અર્થાત્ નાણાંના મૂલ્યમાં વધારો થઈ રહ્યો છે. સૂચકઆંક નાણાંના મૂલ્યના ખ્યાલને નિરપેક્ષ રીતે રજૂ કરતો નથી, પરંતુ સાપેક્ષ રીતે રજૂ કરે છે, કારણ કે તેમાં કિંમતોનાં પરિવર્તનોનો તુલનાત્મક દષ્ટિએ અભ્યાસ કરવામાં આવે છે.

• ભાવસૂચકઆંકના પ્રકારો:

છૂટક ભાવાંક: આ ભાવાંક વસ્તુઓના ટક ભાવોમાં ફેરફાર થવાથી ગ્રાહકોની ખરીદશક્તિમાં નાણાંનું મૂલ્ય કેવા પ્રકારનાં પરિવર્તનો આવે છે તે દર્શાવે છે અને સાથે સાથે ગ્રાહકોના જીવનનિર્વાહ ખર્ચમાં કેવા પ્રકારનાં ફેરફારો થઈ રહ્યાં છે તેનો પણ ખ્યાલ આપે છે.

જથ્થાબંધ ભાવાંક: આ ભાવાંક જથ્થાબંધ વસ્તુઓના મૂલ્યમાં ફેરફાર થવાથી નાણાંના મૂલ્યમાં કેવા પ્રકારનાં પરિવર્તનો સર્જાય છે તે દર્શાવે છે. આ ભાવાંકની જાણકારી વેપારીઓ અને ઉદ્યોગપતિઓ માટે મહત્ત્વની બની રહે છે.

સામાન્ય ભાવાંક: સામાન્ય ભાવાંકમાં અમુક ચોક્કસ વસ્તુઓનાં મૂલ્યોમાં આવતાં પરિવર્તનોને ધ્યાનમાં લેવાને બદલે બધા પ્રકારની વસ્તુઓ અને સેવાઓના મૂલ્યના ફેરફારોથી એકંદરે નાણાંનાં મૂલ્યમાં કેવા પ્રકારનાં પરિવર્તનો સર્જાયાં છે, અર્થાતુ નાણાંના મૂલ્યમાં કેટલી વધઘટ થઈ છે તેની જાણકારી પ્રાપ્ત કરી શકાય છે. સામાન્ય ભાવાંના બે પેટા પ્રકારો પાડવામાં આવ્યા છે. સાદો ભાવસૂચક આંક અને ભારિત ભાવસૂચક આંક સાદા ભાવાંક અને ભારિત ભાવાંકની રચના કરવાની પદ્ધતિ સમાન હોય છે.

• ભાવસૂચક આંકની રચના પદ્ધતિ :

- **ઉદેશ્ય નક્કી કરવો:** ભાવાંક બનાવતાં પહેલાં સૌપ્રથમ તેની પાછળના ઉદેશને નક્કી કરી લેવાનું જરૂરી બને છે, કારણ કે જુદા જુદા ઉદેશો માટે જુદા જુદા ભાવસૂચક આંક બનાવવા પડે છે. જો શ્રમિકોની વાસ્તવિક તેમજ નાણાંકીય વેતનની સમસ્યાનો અભ્યાસ કરવાનો હોય તો આપણે છૂટક ભાવાંક બનાવવો જોઈએ. તે જ રીતે જો

નાણાંના મુલ્ય આવેલ પરિવર્તનોની જાણકારી મેળવવાનો હોય તો જથ્થાબંધ ભાવાંક બનાવવો જોઈએ. આમ, ભાવાંક તૈયાર કરતાં પહેલાં તેનો ઉદેશ નક્કી કરવાનું જરૂરી ગણવામાં આવે છે.

- **પાયાના વર્ષની પસંદગી :** ભાવસૂચક આંક તૈયાર કરવા માટે ઉદેશ નક્કી થયા બાદ પાયાના વર્ષની પસંદગી કરવામાં આવે છે અને ત્યાર પછી આ પાયાના વર્ષની ભાવસપાટી સાથે ચાલુ વર્ષ કે અન્ય વર્ષની ભાવસપાટીની તુલના કરવામાં આવે છે. પાયાના વર્ષની પસંદગી કરતી વખતે ખૂબ ચોકસાઈ રાખવી આવશ્યક છે. ગમે તે વર્ષને આધાર વર્ષ તરીકે લઈ શકાય નહીં. સામાન્ય રીતે જે વર્ષમાં આર્થિક પ્રવૃત્તિઓ સાધારણ પ્રકારની રહી હોય, અર્થાત્ જેમાં દુકાળ, યુદ્ધ, ધરતીકંપ જેવી કોઈ અસાધારણ ઘટનાઓ ન બની હોય, ભાવસપાટી સમતુલિત રહી હોય તે વર્ષની પસંદગી પાપાના વર્ષ તરીકે કરવામાં આવે છે. આધાર વર્ષની પસંદગી માટે બે પ્રકારની પદ્ધતિઓ પ્રચલિત છે.

  સ્થિર આધાર વર્ષ પદ્ધતિ : આ પદ્ધતિમાં એક એવા નીશ્ચિત વર્ષનો પાયાના વર્ષ તરીકે સ્વીકાર કરવામાં આવે છે કે જે એક સામાન્ય પ્રકારનું વર્ષ હોય. આપણા દેશમાં 1953, 1961 અને 1981, 1993-94, 2018 અને 2005 નાં વર્ષને આધાર વર્ષ પસંદ કરવામાં આવેલ.

  શ્રેણી આધારિત આધાર વર્ષ પદ્ધતિ: આમાં આપવામાં આવેલ વર્ષના ભાવસૂચક આંકને શોધી કાઢવા માટે આગલા વર્ષને પાયાના વર્ષ તરીકે સ્વીકારવામાં આવે છે. જેમ કે 2012ના વર્ષ માટે 2011નું વર્ષ આધાર વર્ષ બને છે.

- **વસ્તુઓની પસંદગી કરવી :** આધાર વર્ષની પસંદગી કર્યા પછી વસ્તુઓની પસંદગી કરવાનો પ્રશ્ન ઉપસ્થિત થાય છે. ભાવસૂચક આંકની રચનામાં બધી જ વસ્તુઓનો સમાવેશ કરવાનું વ્યવહારમાં શક્ય હોતું નથી. આથી અસંખ્ય વસ્તુઓમાંથી કેટલીક પ્રતિનિધિરૂપ વસ્તુઓની પસંદગી કરવાની રહે છે અને ત્યાર બાદ ભાવોની દષ્ટિએ આ કેટલીક પસંદ કરેલી વસ્તુઓના જૂથની તુલના આધારે વચન જ વસ્તુઓના જૂથ સાથે કરવામાં આવે છે. જેમ આધાર વર્ષની પસંદગીની જેમ વસ્તુઓ પસંદગીમાં પણ સાવધાની રાખવી પડે છે. *વસ્તુઓની પસંદગી કરતી વખત અમુક બાબતો ધ્યાનમાં રાખવી જરૂરી છે, જેમ કે- જે વસ્તુનો સમાજના લોકોની રીતી રીતરિવાજ અને જરૂરિયાત પ્રતિનિધિત્વ કરતી હોય તેની પસંદગી કરવી જોઇએ, તે વસ્તુઓ પ્રમાણિત (Standard) હોવી જોઇએ, જેથી સ્થળ અને સમય બદલાય છતાં તે આસાનીથી ઓળખી શકાય, આજના ઈજારાયુક્ત હરીફાઈવાળા બજારમાં વસ્તુવૈવિધ્ય પ્રવર્તતું હોવાથી એવી વસ્તુની પસંદગી કરવી જોઇએ કે જેનો વિશેષ પ્રમાણમાં ઉપયોગ કરવામાં આવતો હોય, ભાવસૂચક આંક માટે પસંદ કરવામાં આવેલ વસ્તુઓની સંખ્યા બિનજરૂરી રીતે વધુ પડતી ન હોવી જોઇએ તેમજ એકદમ ઓછી પણ ન હોવી જોઇએ, જે હેતુને દષ્ટિ સમક્ષ રાખીને ભાવસૂચક આંક તૈયાર કરવામાં આવી રહ્યો હોય તેને ધ્યાનમાં રાખીને વસ્તુઓની પસંદગી કરવી જોઇએ.*

- **વસ્તુઓની કિંમતો એકત્રિત કરવી :** વસ્તુઓની પસંદગી થઈ ગયા પછી પસંદગીને પાત્ર બનેલ દરેક વસ્તુના સામાન્ય ભાવો એકત્રિત કરવામાં આવે છે. આ સામાન્ય ભાવો મેળવવા માટે કોઈ એક સમયે કોઈ એક વસ્તુના જુદાં જુદાં બજારોમાં જે ભાવો પ્રચલિત હોય તેના આધારે તેના સરેરાશ ભાવો શોધવામાં આવે છે. આ સરેરાશ ભાવોને સામાન્ય ભાવો કહેવાય છે. સામાન્ય રીતે જથ્થાબંધ ભાવોની પસંદગી કરવામાં આવે છે, કારણ કે તેને મેળવવાનું કાર્ય આસાન હોય છે અને તેમાં સમાનતા વિશેષ હોય છે. ભાવસૂચક આંક માટે બે પ્રકારના ભાવો મેળવવામાં આવે છે. પસંદગીને પાત્ર બનેલ વસ્તુઓના આધાર વર્ષના ભાવો અને જે વર્ષ માટે ભાવ સૂચક આંક તૈયાર કરવાના હોય છે તે વર્ષના તે જ વસ્તુના ભાવો મેળવવામાં આવે છે.

- **ટકાવારી કાઢવી :** વસ્તુઓના ભાવો એકત્રિત કર્યા પછી ભાવસૂચક આંક તૈયાર કરવા માટે આધાર વર્ષ અને જે વર્ષનો ભાવસૂચક આંક મેળવવાનો હોય તે વર્ષના ભાવોની ટકાવારી કાઢવામાં આવે છે. આમાં પાયાના વર્ષમાં દરેક વસ્તુના ભાવોને 100 ટકાના પ્રમાણમાં રજૂ કરવામાં આવે છે. અને ત્યાર બાદ ચાલુ વર્ષમાં તે જ વસ્તુઓના ભાવોમાં કેટલા ટકા ફેરફાર થયા શોધવામાં આવે છે.

$$\text{ચાલુ વર્ષના ભાવની ટકાવારી} = \frac{\text{ચાલુ વર્ષના ભાવો} \times 100}{\text{પાયાના વર્ષના ભાવો}}$$

- **સરેરાશ કાઢવી :** ભાવસૂચક આંક તૈયાર કરવા માટેની ઉપરોક્ત બધી વિધિ પતી જાય પછી છેલ્લે આધાર વર્ષ અને ચાલુ વર્ષના ભાવોની જે ટકાવારી પ્રાપ્ત થઈ હોય તેની સરેરાશ કાઢવામાં આવે છે. જેમાં ગાણિતિક સરેરાશ પદ્ધતિ વિશેષ પ્રચલિત છે. જે અનુસાર જુદી જુદી વસ્તુઓના ભાવોનું જે ટકાવારી પ્રમાણ આવ્યું હોય તેનો સૌપ્રથમ

સરવાળો કરવામાં આવે છે અને ત્યારબાદ વસ્તુઓની કુલ સંખ્યા વડે તેને ભાગી સરેરાશ કાઢવામાં આવે છે. આમાં આધાર વર્ષ અને ચાલુ વર્ષ બંનેના સરેરાશના આંકડાઓ અલગ અલગ મેળવવામાં આવે છે. આ કાર્ય પૂરું થયા પછી આધાર વર્ષ અને ચાલુ વર્ષના જે સરેરાશના આંકડાનો પ્રાપ્ત થયા હોય તેની તુલના કરવામાં આવે છે અને તે દ્વારા આ સમયના ગાળામાં ભાવોમાં કેટલા ગણો વધારો કે ઘટાડો થયો છે તે શોધવામાં આવે છે અને છેલ્લે તે પરિણામોને આધારે નાણાંના મૂલ્યમાં કેટલા ગણો ઘટાડો કે વધારો થયો છે તે શોધી કાઢવામાં આવે છે.

(1) સાદો ભાવસૂચક આંક :

- સાદા ભાવસુચક આંકને ટૂંકમાં સાદો ભાવાંક પણ કહેવામાં આવે છે. સાદો ભાવાંક એ સામાન્ય ભાવાંક (General Price Index)નો એક પ્રકાર છે. જ્યારે ઉપભોગની બધી વસ્તુઓને સમાન મહત્ત્વવાળી ગણીને તેના ભાવોમાં થયેલા ફેરફારોને આધારે નાણાંના મૂલ્યમાં આવેલ પરિવર્તનોને માપવામાં આવે છે ત્યારે તેને સાદો ભાવાંક કહેવામાં આવે છે. આમાં વસ્તુઓના સાપેક્ષ ભાવને ધ્યાનમાં લેવામાં આવતા નથી.

- ઉદાહરણ વડે સમજુતી :

ક્રમ	વસ્તુ	આધાર વર્ષ (2018)માં ભાવ	ચાલુ વર્ષ (2019)માં ભાવ	ટકાવારીમાં વધારો
1	A	2	6	300
2	B	4	16	400
3	C	6	12	200
સરેરાશ				900/3 = 300

2018ના વર્ષને પાયાના વર્ષ તરીકે ધારીને તેમજ 2019ના વર્ષને ચાલુ વર્ષ ધારીને અમુક ચોક્કસ વસ્તુઓના ભાવોમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા છે અને તેના આધારે નાણાંના મૂલ્યમાં કેવા પ્રકારના પરિવર્તનો આવ્યા છે તેનો અભ્યાસ અનુસૂચિને આધારે કરીએ. અનુસૂચિ મુજબ 2018ના વર્ષને આધાર વર્ષ તરીકે પસંદ કરવામાં આવેલ છે અને તેના આધારે 2019ના વર્ષના ભાવોમાં થયેલ ફેરફારને પરિણામે નાણાંનાં મૂલ્યમાં કેટલું પરિવર્તન આવ્યું છે તે શોધવામાં આવેલ છે. 2018ની તુલનાએ 2019ના વર્ષમાં વસ્તુઓના સામાન્ય ભાવોમાં 300 ટકાનો વધારો થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો, 2018 માં જે વસ્તુઓ માટે 100 રૂપિયા આપવા પડતા હતા તે જ વસ્તુઓ માટે ભાવવધારાને કારણે 2019 માં 300 આપવા પડે છે. તેથી 2018 અને 2019 વચ્ચેના સમયના ગાળામાં નાણાંનાં મૂલ્યમાં 100 ટકા જેટલો ઘટાડો થયો છે.

- ટૂંકમાં, આ સૂચક આંક એ હકીકતનો નિર્દેશ કરે છે કે 2018 થી 2019 વચ્ચે વસ્તુના ભાવોમાં વધારો થવાથી નાણાંની ખરીદશક્તિ(નાણાંના મૂલ્ય)માં પણ તેટલો જ ઘટાડો થયો છે. સૂચક આંક ભાવસપાટીમાં થતાં ફેરફારને વ્યક્ત કરે છે. તેથી સામાન્ય ભાવસપાટીમાં 100 ટકાનો જે વધારો થયો છે તેનો એવો અર્થ ન ઘટાવી શકાય કે દરેક વસ્તુના ભાવોમાં 100 ટકાનો વધારો થયો છે પરંતુ 100 ટકાનો વધારો એ ત્રણેય વસ્તુના ભાવોના સરેરાશ વધારાનો નિર્દેશ કરે છે.

(2) ભારિત ભાવસૂચક આંક :

- ભારિત ભાવાંક એ સામાન્ય ભાવાંકનો બીજો પ્રકાર છે. ઉપર આપણે જે સાદા ભાવાંકની ચર્ચા કરી તેની મોટામાં મોટી ખામી એ છે કે તેમાં સમાવિષ્ટ થતી દરેક વસ્તુને એકસરખું મહત્વ આપવામાં આવે છે, પરંતુ વ્યવહારમાં ગ્રાહક માટે દરેક વસ્તુનું એકસરખું મહત્ત્વ હોતું નથી. ગ્રાહકના જીવન માટે કેટલીક વસ્તુઓ ખૂબ મહત્ત્વની હોવાથી તેની પાછળ કુલ આવકમાંથી ટકાવારી દષ્ટિએ વધુ પ્રમાણમાં ખર્ચ કરવામાં આવે છે, જ્યારે કેટલીક વસ્તુઓ તેના જીવન માટે બહુ જ ઓછી મહત્ત્વની હોય છે, તેથી તેની પાછળ તેની કુલ આવકનો ટકાવારી દષ્ટિએ બહુ જ નાનો ભાગ ખર્ચવામાં આવતો હોય છે. આથી ગ્રાહક માટે જે વસ્તુઓ વધુ મહત્ત્વની હોય તેની કિંમતમાં થોડો એવો વધારો-ઘટાડો થાય તો પણ તેના જીવનધોરણ ઉપર ઘણી મોટી અસર પડે છે. તેથી ઊલટું, ગ્રાહક માટે જે વસ્તુઓ ઓછી મહત્ત્વની હોય તેની કિંમતમાં મોટો વધારો ઘટાડો થાય તો પણ તેના જીવનધોરણ ઉપર નહિવત્ અસર પડે છે. સાદા ભાવાંકની આ ક્ષતિને દૂર કરવા માટે ભારિત ભાવાંક તૈયાર કરવામાં આવે છે. ભારિત ભાવાંક જીવનનિર્વાહ સૂચક આંક તૈયાર કરવામાં ખૂબ ઉપયોગી નીવડે છે અને આ જીવનનિર્વાહ સૂચક આંકની મદદથી કોઈ એક વર્ગના લોકોના જીવનનિર્વાહ ખર્ચમાં કેવાં પરિવર્તનો આવ્યાં છે તે જાણી શકાય છે.
- જ્યારે ઉપભોગની બધી વસ્તુઓને સમાન મહત્ત્વ આપવાને બદલે તેની અગત્ય મુજબ તેના ઉપર ભાર કે વજન આપીને તેના ભાવોમાં થયેલ ફેરફારોને આધારે નાણાંનાં મૂલ્યમાં આવેલ પરિવર્તનોને માપવામાં આવે છે ત્યારે તેને ભારિત ભાવાંક કહેવામાં આવે છે. ભારિત ભાવસચૂક આંકને ટૂંકમાં ભારિત ભાવાંક પણ કહેવાય છે.

- ભારિત ભાવાંકની રચનામાં દરેક વસ્તુના મહત્ત્વને ધ્યાનમાં રાખીને તે મુજબ તેના પ્રમાણ ઉપર ભાર મૂકવામાં આવે છે. જુદી જુદી વસ્તુઓના આ વત્તા-ઓછા મહત્ત્વને વ્યક્ત કરવા માટે "ભાર" (weight) શબ્દોનો ઉપયોગ કરવામાં આવે છે. કોઈ એક વસ્તુ પાછળ કુટુંબની કુલ આવકનો કેટલો ભાગ ખર્ચવામાં આવે છે તેને આધારે ભાર નક્કી કરવામાં આવે છે અને દરેક વસ્તુના આ મહત્ત્વને દૃષ્ટિ સમક્ષ રાખીને તેના ઉપર ભાર આપવામાં આવે છે.

- ઉદાહરણ વડે સમજુતી :

ક્રમ	વસ્તુ	ભાર	આધારવર્ષ (2018)		ચાલુ વર્ષ (2019)	
			ભાવ	સૂચકઆંક ×ભાર	ભાવ	સૂચકઆંક×ભાર
1	A	4	2	100×4= 400	6	300×4= 1200
2	B	3	4	100×3= 300	16	400×3= 1200
3	C	2	6	100×2= 200	12	200×2= 400
		9		900/9 = 100		2800/9= 311.1

2018 ના આધાર વર્ષની તુલનાએ ચાલુ વર્ષ 2019ના ત્રણેય વસ્તુના નવા સૂચક આંક નીચે પ્રમાણે પ્રાપ્ત થયેલ છે. આધાર વર્ષની તુલનામાં ચાલુ વર્ષમાં A વસ્તુના ભાવમાં ત્રણ ગણો વધારો, B વસ્તુના ભાવમાં ચાર ગણો વધારો અને C વસ્તુના ભાવમાં બે ગણો વધારો થયો છે.

અહીં 2018ની તુલનાએ 2019ના વર્ષમાં વસ્તુઓના મૂલ્યમાં 311 ટકાનો વધારો થયો છે. બીજા શબ્દોમાં કહીએ તો 2018માં જે વસ્તુઓ માટે 100 રુ. આપવા પડતા હતા તે વસ્તુઓ માટે 2019માં ભાવવધારાને કારણે 311 રૂપિયા આપવા પડે છે. આમ, નાણાંના મૂલ્યમાં 211 ટકાનો ઘટાડો થાય છે. ભારિત ભાવાંકમાં જુદી જુદી વસ્તુઓ ઉપર તેના મહત્ત્વ મુજબ ભાર મૂકવામાં આવેલ છે. જેથી તે સામાન્ય ભાવસપાટીમાં 105.5 ટકાનો વધારો દર્શાવે છે.

• ભાવસૂચક આંક તૈયાર કરવાની વ્યવહારિક મુશ્કેલીઓ :

- **આધાર વર્ષની પસંદગીની સમસ્યા:** ભાવસૂચક આંક તૈયાર કરવા માટે સૌપ્રથમ આધાર વર્ષની પસંદગી કરવામાં આવે છે. જે વર્ષ આધાર વર્ષ તરીકે પસંદ કરવામાં આવે છે તે વર્ષ એવું હોવું જોઈએ કે જેમાં કોઈ વિષમ પરિસ્થિતિ ઉત્પન્ન ન થઈ હોય, કોઈ અસાધારણ ઘટના ન બની હોય, તે વર્ષ દરમિયાન વસ્તુઓના ભાવોમાં બહુ વધારો કે ઘટાડો ન થયેલો હોવો જોઈએ. અર્થાત ભાવ સામાન્ય સપાટી ઉપર જળવાઈ રહેલા હોવા જોઈએ. એક વર્ષમાં વિવિધ વસ્તુઓના ભાવોમાં સતત ઊથલપાથલો થતી હોય છે તેથી આધાર વર્ષની પસંદગી મુશ્કેલ બને છે.
- **પ્રતિનિધિ વસ્તુઓની પસંદગી અંગેની સમસ્યા :** કઈ વસ્તુઓને પ્રતિનિધિ તરીકે સૂચક આંકમાં સ્થાન આપવું અને કઈ વસ્તુઓને જતી કરવી તે અંગેનું પસંદગીનું કાર્ય મુશ્કેલ હોય છે, કારણ કે એક જ વર્ગમાં આવતા લોકોની રુચિ, સ્વભાવ, ટેવ અને ફેશન એકસરખી હોતી નથી. વળી, સમયના પરિવર્તન સાથે એક જ વ્યક્તિની રુચિ, સ્વભાવ, ટેવ અને ફેશન બદલાતાં જોવા મળે છે. આવા સંજોગોમાં કઈ વસ્તુઓનો આધાર લઈને સૂચક આ તૈયાર કરવો અને કઈ વસ્તુઓને જતી કરવી તે એક સમસ્યા બની જાય છે.
- **વસ્તુઓનો ભાર નક્કી કરવાની મુશ્કેલી :** ભારિત ભાવાંક નક્કી કરતી વખતે જુદી જુદી વસ્તુઓ પર કેટલો ભાર આપવો તે સમસ્યા છે. એક જ વર્ગમાં જે લોકોનો સમાવેશ કરવામાં આવે છે તે બધા લોકોની વ્યક્તિગત રુચિ અને જરૂરિયાતોમાં ભિન્નતા હોવાથી બધા માટે દરેક વસ્તુનું મહત્ત્વ એકસરખું હોતું નથી. દા. ત., બે કુટુંબો સમાન આવક ધરાવતાં હોય પરંતુ એક કુટુંબમાં બાળકો ઓછા હોય જ્યારે બીજા કુટુંબમાં બાળકો વધુ હોય તો બંને કુટુંબની ખર્ચની યાદીમાં વસ્તુઓ પરના ભારમાં તફાવત જોવા મળે છે. આ ઉપરાંત ફેશનમાં પણ ફેરફાર થાય છે, તેથી આધાર વર્ષમાં જે વસ્તુ ખૂબ મહત્ત્વની હોય છે તે ચાલુ વર્ષમાં બહુ જ ઓછી મહત્ત્વની બની જાય છે.
- **વસ્તુની તુલનાની સમસ્યા:** ભાવસૂચક આંકમાં બે જુદા જુદા સમયનાં બિંદુઓને દૃષ્ટિ સમક્ષ રાખીને એક જ પ્રકારની વિવિધ વસ્તુઓની તુલના કરવામાં આવે છે, પરંતુ આ તુલના કાર્યમાં પણ કેટલીક મુશ્કેલીઓ નડે છે. આ મુશ્કેલીઓ નીચેનાં કારણોસર ઊભી થાય છે. 1. દરેક વસ્તુની ઉપયોગિતા દરેક સ્થળે અને દરેક સમયે એકસરખી રહેતી નથી, ઉપયોગમાં આવતી વસ્તુઓની ગુણવત્તા અને સ્વરૂપ સમય બદલાતાં બદલાઈ છે. વળી, ગુણવત્તામાં સુધારો થયો હોય તો ભાવોનો વધારો એ વાજબી બને છે. વળી, નવી વસ્તુઓ પણ બજારમાં આવે છે. તેથી ભાવોની તુલના મહત્ત્વહીન બની જાય છે.

- **ભાવો અંગેના આધારભૂત આંકડાઓ ન મળવવાની સમસ્યા :** ભાવસચક આંક તૈયાર કરવા માટે ભાવો અંગેના આધારભૂત આંકડાઓ મેળવવા જોઈએ, પરંતુ તે મેળવવાનું કાર્ય ઘણું મુશ્કેલ અને અગવડભર્યું હોય છે. મોટા ભાગે ભાવસૂચક આંકમાં છૂટક ભાવોના આંકડાઓનો આધાર લેવામાં આવે છે, પરંતુ છૂટક ભાવો અંગેના વિશ્વસનીય આંકડાઓ મેળવવાનું કાર્ય ઘણું મુશ્કેલ હોય છે, કારણ કે જુદા જુદા સમયે અને જુદા જુદા સ્થળે તેમજ એક જ સમયે અને એક જ સ્થળે પણ છૂટક ભાવોમાં તફાવત હોય છે. તેથી તેમાંથી કોના ભાવને આધારભૂત ગણવા તે સમસ્યા છે.
- **સરેરાશની ગણતરીની સમસ્યા :** વિવિધ વસ્તુઓની કિંમતોની સરેરાશ કાઢવા માટે ગણિત પદ્ધતિ, બીજગણિત પદ્ધતિ જેવી અનેક પદ્ધતિઓ પ્રચલિત છે. ફિશરે સરેરાશ કાઢવા માટે અનેક પદ્ધતિઓનો નિર્દેશ કર્યો છે. જુદી જુદી પદ્ધતિઓ દ્વારા તૈયાર કરેલ સરેરાશ પરિણામો જુદાં જુદાં આવે છે. આથી સરેરાશ કાઢવા માટે કઈ પદ્ધતિનો ઉપયોગ કરવો તે નક્કી કરવાનું કાર્ય મુશ્કેલ બને છે.

2.3 ભાવ સૂચક આંકનું મૂલ્યાંકન

• ભાવસૂચક આંકની ઉપયોગિતા(મહત્વ) :

- **ભાવસપાટીની વધઘટ જાણી શકાય છે :** ભાવસૂચક આંક બે સમયનાં બિંદુઓનાં ભાવપરિવર્તનોને તપાસવાનું કાર્ય કરે છે. તેથી ભાવસૂચક આંકની મદદથી બે સમયના નિશ્ચિત બિંદુના ગાળામાં ભાવસપાટીમાં કેવા પ્રકારની વધઘટ પેદા થઈ છે તેની માહિતી પ્રાપ્ત થાય છે, તેથી તેનો અભ્યાસ ઉપયોગી બની રહે છે.
- **નાણાંનાં મૂલ્યમાં થતો ફેરફાર જણી શકાય છે :** ભાવસૂચક આંકની મદદથી સરેરાશ ભાવસપાટીમાં કેવા પ્રકારનો ફેરફાર થયો છે તે જાણી શકાય છે અને સરેરાશ ભાવસપાટીના ફેરફારને આધારે નાણાંનાં મૂલ્યમાં કેવા પ્રકારનો ફેરફાર થયો છે તે જાણી શકાય છે. તેથી મૂલ્યનાં પરિવર્તનોનો અભ્યાસ અનેક દૃષ્ટિકોણથી મહત્ત્વનો બની રહે છે. નાણાંના મૂલ્યમાં થતાં ફેરફારને જાણવાની દૃષ્ટિએ ભાવસૂચક આંકના અભ્યાસને ઉપોયગી ગણવામાં આવે છે.
- **જીવનધોરણની સપાટી જાણી શકાય છે :** ભાવસૂચક આંક દ્વારા આપણો ખરીદશક્તિનાં પરિવર્તનોને આધારે કોઈ પણ રાષ્ટ્રની આર્થિક સ્થિતિ અને ત્યાંના લોકોના જીવનધોરણની સપાટીમાં આવેલા ફેરફારોને આ જાણી શકીએ છીએ. તેથી ભાવસૂચક આંકનો અભ્યાસ ઉપયોગી બની રહે છે.
- **નાણાંકીય નીતિ નક્કી કરવામાં ઉપયોગી બને છે :** ભાવનચક આંકની મદદથી ફુગાવો કે મંદીને અંકુશમાં લેવા માટે કેવા પ્રકારની નાણાંકીય નીતિની જરૂર છે તેનું માર્ગદર્શન મળે છે. આ રીતે નાણાંકીય ની નીતિ નક્કી કરવામાં તે ઉપયોગી બને છે.
- **વેતન નીતિ નક્કી કરવામાં ઉપયોગી બને છે :** ભાવસૂચક આંક દ્વારા ભાવોમાં આવેલ પરિવર્તનો જાણી શકાય છે અને આ ભાવપરિવર્તનોને આધારે શ્રમિકોના જીવનનિર્વાહ ખર્ચમાં શા ફેરફારો થયા છે તે જાણી શકાય છે. આ જીવનનિર્વાહ ખર્ચના ફેરફારોની દિશાને આધારે વેતનમાં વધારો કરવાની જરૂર છે કે ઘટાડો કરવાની જરૂર છે તે અંગેનું માર્ગદર્શન સરકાર પ્રાપ્ત કરી શકે છે અને તે અનુસાર વેતન નીતિને આકાર આપે છે. શ્રમિકોને જીવનનિર્વાહ ખર્ચના આંકને આધારે મોંઘવારી ભથ્થુ ચૂકવવા માટે ભાવસચૂક આંક ઉપયોગી બની રહે છે.
- **કરનીતિ ઘડવામાં ઉપયોગી બને છે :** ભાવસૂચક આંક સરકારને કરનીતિના ઘડતરમાં માર્ગદર્શક બને છે, કારણ કે જો ભાવસૂચક આં દ્વારા એવો નિર્દેશ મળે કે જીવનજરૂરિયાતની વસ્તુઓની કિંમતમાં ઘટાડો થયો છે તો તેનો અર્થ એ થયો કે લોકોની પાસે બચત થાય છે અને તેથી તેઓ મોજશોખ અને સુખસગવડની વસ્તુઓ ખરીદશે. આથી સરકારને આવી વસ્તુઓ ઉપર કર નાખવા માટે માર્ગદર્શન મળે છે.

ભાવસચૂક આંકની માફક વેતન, આયાત-નિકાસ, ઔદ્યોગિક નીતિ, રોજગારી પ્રમાણ, વસ્તી વગેરેના સૂચક આંક બનાવી શકાય છે અને તેના દ્વારા આપણે સામાજિક અને આર્થિક પરિવર્તનોનું જ્ઞાન પ્રાપ્ત કરી શકીએ છીએ અને તેની મદદથી આવશ્યકતા અનુસાર યોગ્ય નીતિનું ઘડતર થઈ શકે છે.

• ભાવસૂચક આંકની મર્યાદાઓ :

- **ભાવસૂચક આંકનું મર્યાદિત ક્ષેત્ર :** કોઈ એક હેતુ માટે તૈયાર કરેલ સૂચક આંકનું કાર્યક્ષેત્ર ઘણું નાનું હોય છે, કારણ કે તે સૂચક આંક બીજા હેતુ માટે ઉપયોગી બની શકતો નથી. દા. ત., રેલવેના શ્રમિકની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવા માટે તૈયાર કરેલ ભાવસૂચક આંક વકીલની આર્થિક સ્થિતિનો અભ્યાસ કરવામાં મદદરૂપ બનતો નથી, કારણ

કે જુદી જુદા વર્ગના લોકોની જરૂરિયાતો જુદી જુદી હોય છે. આથી જુદા જુદા વર્ગના લોકોને આર્થિક સ્થિતિમાં આવેલાં પરિવર્તનો જાણવા માટે અનેક ઉદેશવાળા જુદા જુદા ભાવ સૂચક આંકો તૈયાર કરવા પડે છે, જેથી કાર્ય ખૂબ જ અટપટું અને મુશ્કેલ બની જાય છે. વળી નાણાંનું મૂલ્ય આ ભાવસૂચક આંક ભાવસપાટીમાં થતાં પરિવર્તનોની સમગ્ર સમાજ ઉપર કેવી અસર થાય છે તેનો ખ્યાલ આપી શકતા નથી.

- **આંતરરાષ્ટ્રીય તુલના અસંભવિત :** જુદા જુદા દેશના લોકોના જીવનધોરણનો અભ્યાસ કરવા માટે આંતરરાષ્ટ્રીય ભાવસૂચક આંકો તૈયાર કરવામાં આવે છે. જો કે વિવિધ દેશોમાં ભૌગોલિક, સામાજિક અને આર્થિક પરિસ્થિતિ જુદી જુદી હોય છે. તેથી જુદા જુદા દેશના લોકો સમાન વસ્તુઓનો ઉપયોગ કરતાં હોતા નથી તેમજ લોકોના જીવનખર્ચના આંકની તુલના કરવાનું કાર્ય મુશ્કેલરૂપ છે. ઉપરાંત બન્ને દેશોના ચલણની ભિન્નતા, આધાર વર્ષની પસંદગીનો તફાવત વગેરે પરિબળો પણ અવરોધક બને છે.
- **સમયના પરિવર્તન સાથે વપરાશમાં પરિવર્તન :** સમયના પરિવર્તન સાથે લોકોના સ્વભાવ, રુચિ તેમજ ફેશનમાં પરિવર્તન થતું રહે છે. તેથી આધાર વર્ષમાં લોકો જે વસ્તુઓનો ઉપયોગ કરતાં હોય તેનો ચાલુ વર્ષમાં ઉપયોગ ન કરતાં હોય તેવું બને છે અને તેના સ્થાને નવી વસ્તુઓનો ઉપયોગ કરતાં જોવા મળે છે. તેથી ભાવસચૂક આંક તૈયાર કરવા માટે જરૂરી સમાન વસ્તુઓના આંક મેળવવાનું કાર્ય મુશેલ છે.
- **અવિશ્વસનીય પરિણામો :** ભાવસચૂક આંક મહદ્ અંશે અનુમાનોને આધારે તૈયાર કરવામાં આવે છે. જે આંકડાઓનો આધાર લઈને તે તૈયાર કરવામાં આવે છે તે આંકડાઓ શંકાથી પર હોતા નથી. તેથી ઘણી વખત શંકાસ્પદ આંકડાઓ કે અપૂરતી માહિતીને આધારે તૈયાર કરેલ ભાવસૂચક આંકનાં પરિણામો બહુ વિશ્વસનીય ન પણ હોય.
- **અવાસ્તવિક આંકડાઓનો આધાર :** ભાવસૂચક આંકો તૈયાર કરવામાં છૂટક વસ્તુઓની કિંમતો ઉપર આધાર જરૂરી છે, પરંતુ છુટક કિંમતોને સાચા સ્વરૂપમાં મેળવી શકાતી નથી. આથી મોટા ભાગે ભાવસૂચક આંક જથ્થાબંધ કિંમતોના આધારે તૈયાર કરવામાં આવે છે, આ જથ્થાબંધ કિંમતો નાણાંના મૂલ્યના ફેરફારનું સાચું ચિત્ર મળતું નથી. આમ છૂટક કિંમતોનો આધાર લેવાને બદલે જથ્થાબંધ કિંમતો કે જે નાણાંનાં મૂલ્યમાં થતાં ફેરફારોનું ખરું પ્રતિનિધિત્વ નથી કરતી તેનો આધાર લેવામાં આવે છે તેથી તેની ઉપયોગિતા મર્યાદિત બને છે.
- **રેશનિંગના ભાવો સાથેની તુલના અર્થહીન :** આધાર વર્ષના ભાવો મુક્ત બજારમાંથી મેળવવામાં આવ્યા હોય અને ચાલુ વર્ષમાં સરકારે રેશનિંગ દ્વારા ભાવોને નીચી સપાટીએ સ્થિર કર્યા હોય તો આધાર વર્ષના સંદર્ભમાં ચાલુ વર્ષે નાણાંનું મૂલ્ય વધેલું માલુમ પડે, પરંતુ આ પરિણામ સાચું નથી, કારણ કે ચાલુ વર્ષમાં સરકારે રેશનિંગ દ્વારા કૃત્રિમ રીતે ભાવો નીચી સપાટીએ રાખવા પ્રયત્ન કરેલ છે. આમ, ચાલુ વર્ષમાં રેશનિંગ હોય તો તેના આધારે તૈયાર કરેલ ભાવસૂચક આંક દ્વારા વાસ્તવિક ચિત્ર મેળવી શકાતું નથી.
- **ભાર મનસ્વી રીતે નક્કી કરવામાં આવે છે :** સાદા ભાવાંકમાં બધી વસ્તુઓને સમાન મહત્ત્વ આપવામાં આવે છે, જ્યારે વાસ્તવમાં બધી વસ્તુઓનું સમાન મહત્ત્વ હોતું નથી. આ ત્રુટિને દૂર કરવા માટે ભારિત ભાવાંક બનાવવામાં આવે છે, પરંતુ આમાં જે "ભાર' નક્કી કરવામાં આવે છે તે કોઈ વૈજ્ઞાનિક પદ્ધતિથી નહિ પરંતુ મનસ્વી રીતે નક્કી કરવામાં આવે છે. તેથી આ સૂચક આંકમાં વાસ્તવિકતા કરતાં કાલ્પનિકતા વિશેષ જોવા મળે છે.

આમ, ભાવસૂચક આંકની રચનાની મુશ્કેલીઓની સાથે સાથે તેની આંતરિક મર્યાદાઓ પણ ઘણી છે. આમ છતાં સ્થાન નથી કે તેના આધારે આપણે જુદો જુદો સમય, જુદી જુદી વ્યક્તિઓ અને જુદા જુદા દેશોનો તુલનાત્મક અભ્યાસ કરીને તેના દ્વારા આર્થિક તેમજ સામાજિક પરિસ્થિતિમાં આવેલ પરિવર્તનો અંગે મહત્ત્વપૂર્ણ જાણકારી પ્રાપ્ત કરી શકીએ છીએ.

એકમ -3 : નાણાંના મૂલ્યના સિદ્ધાંતો	**માર્ક્સ**
3.1 નાણાં પરિમાણનો સિદ્ધાંત 3.2 રોકડ પુરાંતનો સિદ્ધાંત	**20**

3.1 પ્રો. ફિશરનો નાણાં પરિમાણનો સિદ્ધાંત (નાણાં પરિમાણનું સમીકરણ MV=PT)

અર્થશાસ્ત્રી ફીશરે ઈ.સ. 1911માં પ્રગટ થયેલા તેમના પુસ્તક "The purchasing power of Moneyમાં નાણાંનું મૂલ્ય નક્કી કરવા માટેનું વિનિમય સમીકરણ રજુ કર્યું. પ્રો. ફીશરે નાણાંના મૂલ્યની સમજૂતી આપતા સમીકરણમાં નાણાંના વિનિમયના માધ્યમના કાર્યને જ મહત્ત્વ આપ્યું છે અને તેથી તેમણે રજૂ કરેલ સમીકરણ વિનિમયનું સમીકરણ

કહેવાય છે. ફિશર નાણાંને સામાન્ય વસ્તુ જેવી જ ગણે છે અને તેથી જેમ વસ્તુની કિંમત તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે તે જ રીતે નાણાંનું મૂલ્ય પણ તેની માંગ અને પુરવઠા દ્વારા નક્કી થાય છે. જો કે તેમની સમજૂતીમાં નાણાંની માંગ કરતાં નાણાંનો પુરવઠો વધુ મહત્ત્વનો ભાગ ભજવે છે.

• **સિધ્ધાંતની રજૂઆત :** નાણાં પરિમાણના સિદ્ધાંતને અમેરીકન અર્થશાસ્ત્રી ઈરવીંગ ફીશરે બીજગણિતના સમીકરણના રૂપમાં વૈજ્ઞાનિક રીતે રજૂ કર્યો છે. જે મુજબ નાણાંના મૂલ્યનો આધાર અન્ય પરીબળો યથાવત્ રહે તો નાણાં પરીમાણ (નાણાંના પુરવઠા) પર રહેલો છે. એટલે કે જો નાણાંનું પરિમાણ વધે તેમ નાણાંનું મૂલ્ય ઓછું થાય છે અને નાણાં પરિમાણ જેમ ઓછું તેમ નાણાંનું મૂલ્ય વધુ હોય છે. પ્રો. ફીશરના મતે " નાણાંના પરમાણમાં ફેરફાર થવાથી નાણાંના મૂલ્યમાં ફેરફાર થાય છે. તેથી નાણાંનું પરિમાણ એ કારણ છે અને નાણાંનું મૂલ્ય એ પરિણામ છે. નાણાંના પરિમાણ અને નાણાંના મૂલ્ય વચ્ચે વ્યસ્ત સંબંધ છે. એટલે કે નાણાંનું પરિમાણ વધે તો નાણાંનું મૂલ્ય ઘટે છે અને નાણાંનું પરિમાણ ઘટે તો નાણાંને મૂલ્ય વધે છે. નાણાંના મૂલ્યમાં થતાં ફેરફાર નાણાંના પરિમાણમાં થતા ફેરફારથી વ્યસ્ત દિશાના હોય છે. એટલું જ નહિ પરંતુ સપ્રમાણ હોય છે. એટલે કે નાણાંનું પરિમાણ બેવડું થાય તો નાણાંનું મૂલ્ય અડધું થાય છે અને નાણાંનું પરિમાણ અડધુ થાય તો નાણાંનું મૂલ્ય બેવડાય છે."

• **ફિશરના સિદ્ધાંતના અનુમાનો (ધારણાઓ) :**

- **ભાવસપાટી નિષ્ક્રિય :** અર્થશાસ્ત્રી ફિશરનો નાણાંના પરીણામનો સિદ્ધાંત એવી ધારણા કરે છે કે ભાવસપાટી નિષ્ક્રિય પરીબળ છે. એટલે કે ફિશર માને છે કે નાણાંની માંગ, સોદાઓ સાથે સ્થિર પ્રમાણનો સંબંધ ધરાવે છે. અને સોદાઓ આવક સાથે સંબંધ ધરાવે છે. સમીકરણનાં અન્ય પરીબળો ભાવસપાટી પર અસર કરે તેવી શક્યતા છે. પરંતુ ભાવસપાટી અન્ય પરીબળો પર કોઈ અસર કરી શકતી નથી.
- **ચલણવેગ સ્થિર :** અર્થશાસ્ત્રી ફિશરના મતે નાણાંનો ચલણવેગ (V) સ્થિર છે. અને નાણાંના. પરિમાણ (M) માં થતા ફેરફારની અથવા ભાવસપાટીની નાણાંના ચલણવેગ પર અસર થતી નથી. ચલણવેગની જનસંખ્યા, વ્યાપારની પ્રવૃત્તિ, પ્રજાની ખર્ચ કરવાની ટેવો, વ્યાજનો દર, ધિરાણની સવલતો અને બીજી કેટલીક સંસ્થાકીય સવલતો દ્વારા નક્કી થાય છે. ફિશર માને છે કે આ પરીબળોમાં સામાન્ય ફેરફાર ટૂંકાગાળામાં શક્ય નથી. અને આ પરીબળોને નાણાંના પરિમાણ સાથે કોઈ સંબંધ નથી.
- **નાણું વિનિમયનું માધ્યમ :** નાણાંના પરિમાણના સિદ્ધાંતમાં બીજી વધારાની એક એવી ધારણા કરવામાં આવી છે કે બધા જ સોદાઓ નાણાંના માધ્યમ દ્વારા જ નક્કી થાય છે. જો સાટા પદ્ધતિએ સોદા થતા હોય તો તેમને નાણાંના સ્વરૂપમાં ગણીને તેમનો સમાવેશ સમીકરણમાં કરવો જોઈએ. આ ઉપરાંત ફિશર આ સમીકરણમાં નાણાંના વિનિમયના માધ્યમના કાર્યને જ પ્રાધાન્ય આપે છે. જ્યારે નાણાંના અન્ય કાર્યોની અવગણના કરવામાં આવી છે.
- **સોદાઓનું પ્રમાણ સ્થિર :** આ સિદ્ધાંત મુજબ સોદાઓ એટલે કે ચીજવસ્તુઓ અને સેવાઓનો જથ્થો (T) પણ સ્થિર રહે છે. તેવી ધારણા કરવામાં આવી છે. કારણ કે પૂર્ણરોજગારીની પરિસ્થિતિ માટે ઉત્પાદન અને પુરવઠો મૂલ્ય અનપેક્ષ હોય છે અને તેથી જ સ્થિર રહેતો હોય છે. આ બધા પરિબળોને પણ નાણાંના પરીમાણ સાથે કોઈ સંબંધ નથી.
- **ચલણી નાણાં અને શાખી નાણાંનો ગુણોત્તર સ્થિર :** અર્થશાસ્ત્રી ફિશરની એક અગત્યની ધારણા એ છે કે તે બેંક નાણાંનું ચલણી નાણાં સાથેનું પ્રમાણ સ્થિર રહે છે. એટલે કે M/M' સ્થિર રહે છે. કારણ કે M' માં સ્વતંત્ર રીતે કોઈ ફેરફાર શક્ય નથી એવું ફિશર અનુમાન કરે છે.
- **પૂર્ણ રોજગારી** : અર્થતંત્રમાં પૂર્ણ રોજગારી પ્રવર્તમાન હોય છે તેવી ધારણા ફિશરના સિદ્ધાંતમાં કરવામાં આવી છે. ઉત્પાદનના દરેક સાધનને કામ મળી રહે છે. બેરોજગારી નથી.

• **ફિશરના સમીકરણમાં નાણાંની માંગનો ખ્યાલ :**

અર્થશાસ્ત્રી ફિશરના મતે નાણું એ વિનિમયનું માધ્યમ છે. એટલે કે તેમના મતે નાણું ચીજવસ્તુઓ અને સેવાઓના સોદાઓની પતાવટમાં વિનિમયના માધ્યમ તરીકે કામ કરે છે. એટલે તેની માંગ ઉદ્ભવે છે. વિનિમય (સોદાઓ) માટે નાણાંની માંગ કેટલી થશે તેનો આધાર સોદાઓની સંખ્યા અને સોદાઓના સરેરાશ મૂલ્ય પર રહેલો છે. પ્રો. ફિશર માને છે કે સમયના ટૂંકાગાળામાં સોદાઓની કુલ સંખ્યા સ્થિર રહે છે. કારણ કે સોદાઓની કુલ સંખ્યા કુલ ઉત્પાદન પર

આધારિત છે. અને કુલ ઉત્પાદન ટૂંકાગાળામાં સાધનોનો પુરવઠો સ્થિર રહે તો હોવાથી સ્થિર રહે છે. આમ કોઈ એક સમયે વિનિમયના માધ્યમ તરીકેની માંગ સ્થિર રહે છે.

નાણાંની માંગ = PT જ્યાં T = સોદાઓની કુલ સંખ્યા, P = સોદાઓનું સરેરાશ મૂલ્ય કે ભાવ સપાટી

- **ફિશરના સમીકરણમાં નાણાંના પુરવઠાનો ખ્યાલ :**

નાણાંનો પુરવઠો = MV બેંક નાણાંને ધ્યાને લેતા નાણાંનો પુરવઠો = MV + M'V'

M = સરકાર માન્ય ચલણી નાણાંનું કુલ પ્રમાણ, V = ચલણી નાણાંનો સરેરાશ ચલણ વેગ (એટલે કે નાણાંનો એક એકમ આપેલા સમયગાળામાં સરેરાશ કેટલીવાર વિનિયમના માધ્યમ તરીકે ઉપયોગમાં લેવાય છે તે સંખ્યા), M' = બેંક નાણાંનો પુરવઠો, V' = બેંક નાણાંનો સરેરાશ ચલણ વેગ.

જે નાણું રાજ્યના કાયદાનું પીઠબળ ધરાવે છે તે કાયદા માન્ય નાણું છે. કાયદા માન્ય નાણાંમાં - સિક્કાઓ તથા મધ્યસ્થ બેંકે બહાર પાડેલી ચલણી નોટોનો સમાવેશ થાય છે. મધ્યસ્થ બેંકની નાણાંકીય નીતિ અનુસાર કાયદા માન્ય નાણાંનું પરિમાણ બદલાતું રહે છે અને તેથી કાયદા માન્ય નાણાંના પરિમાણ સ્વતંત્ર પરીબળ છે. કાયદા માન્ય નાણાંનું પરિમાણ સ્થિર નથી પરંતુ મધ્યસ્થ બેંકની નાણાંનીતિ મુજબ તેમાં વધઘટ થાય છે. નાણાંનું એક એકમ સમયના ચોક્કસ ગાળા દરમિયાન વિનિમયના માધ્યમ તરીકે સરેરાશ જેટલીવાર ઉપયોગમાં લેવાય તેને નાણાંનો સરેરાશ ચલણવેગ કહેવામાં આવે છે. ધારોકે દસ રૂપિયા એક દિવસમાં પાંચ વખત ચૂકવણી માટે ઉપયોગમાં લેવામાં આવે તો સરેરાશ ચલણવેગ 5 કહેવાય. અર્થતંત્રમાં પ્રવર્તમાન ચૂકવણીની પદ્ધતિ, આવક પ્રાપ્તિનો સમય, લોકોની ટેવો, બેંકિંગ વિકાસ વગેરે પરીબળો નાણાંના સરેરાશ ચલણવેગને નક્કી કરે છે અને આ બધા પરીબળો ટૂંકાગાળામાં સ્થિર રહેતાં હોવાથી નાણાંના સરેરાશ ચલણવેગ ટૂંકા સમયગાળામાં સ્થિર હોય છે. બેંક નાણાંના પરિમાણનો આધાર અર્થતંત્રમાં કાયદા માન્ય નાણાંના પરિમાણ, બેંક પાસે રોકડ નાણાંનું પ્રમાણ, બેંકોની કુલ થાપણના કેટલા ટકા રોકડ અનામત રાખવી પડે છે તેનું પ્રમાણ વગેરે પરીબળો પર આધાર રાખે છે. બેંક નાણાંના પરિમાણ અને કાયદા માન્ય નાણાંના પરિમાણ વચ્ચે નિયત અથવા સ્થાયી સંબંધ હોવાનું ધારવામાં આવ્યું છે. તેથી M/M' નું મૂલ્ય હંમેશા સ્થિર રહે છે. બેંક નાણાંના સરેરાશ ચલણવેગનો આધાર બેંકિંગ વિકાસ, લોકોની ટેવો, ચુકવણી પદ્ધતિ વગેરે પર રહેલો છે. અને આ પરિબળો ટૂંકાગાળામાં સ્થિર કે સ્થાયી રહે છે. તેથી બેંકનાણાંનો સરેરાશ ચલણવેગ V' પણ સ્થિર રહે છે.

- **પ્રો. ફિશરનું વિનિમય સમીકરણ :**

નાણાંની માંગ = નાણાંનો પુરવઠો PT = MV + M'V'	P = સોદાઓનું સરેરાશ મૂલ્ય કે ભાવ સપાટી T = સોદાઓની કુલ સંખ્યા, (સ્થિર પરિબળ) M = સરકાર માન્ય ચલણી નાણાંનું કુલ પ્રમાણ, V = ચલણી નાણાંનો સરેરાશ ચલણ વેગ (સ્થિર પરિબળ) M' = બેંક નાણાંનો પુરવઠો, (સ્થિર પરિબળ) V' = બેંક નાણાંનો સરેરાશ ચલણ વેગ (સ્થિર પરિબળ)

ફિશરના મતે નાણાંની માંગની ટૂંકાગાળામાં સ્થિર રહે છે. તેમજ ટૂંકાગાળામાં V અને V' પણ સ્થિર છે અને M અને M' વચ્ચેનું પ્રમાણ પણ સ્થિર રહે છે. અને M' માં થતો ફેરફાર Mના ફેરફાર પર આધારિત છે. તેથી એકમાત્ર સ્વતંત્ર પરીબળ M (સરકાર માન્ય કુલ નાણું) છે. આમ જ્યારે નાણાંના પરિમાણ Mમાં વધારો થાય તો ભાવસપાટી P માં વધારો થાય છે અને જો અર્થતંત્રમાં નાણાંના પરિમાણ Mમાં ઘટાડો થાય તો ભાવસપાટીમાં પણ ઘટાડો થાય છે. બીજા શબ્દોમાં સરકાર માન્ય નાણાં M નું પ્રમાણ બમણું થાય તો ભાવસપાટી P પણ બમણી થાય છે. તેથી નાણાંનું મૂલ્ય ઘટીને અડધું થાય છે. આમ, નાણાંના પરિમાણ અને નાણાંના મૂલ્ય વચ્ચે સપ્રમાણ વ્યસ્ત સંબંધ છે એમ ફલિત થાય છે.

મધ્યસ્થ બેંક દ્વારા નાણાંનો પુરવઠો 10% વધે → ભાવ સપાટી 10% વધે → નાણાંનું મુલ્ય 10% ઘટે

મધ્યસ્થ બેંક દ્વારા નાણાંનો પુરવઠો 10% ઘટે → ભાવ સપાટી 10% ઘટે → નાણાંનું મુલ્ય 10% વધે

સમતુલાની પરિસ્થિતિ હોય ત્યારે નાણાંની માંગ અને નાણાંનો પુરવઠો સરખા છે. હવે ધારો કે દેશની મધ્યસ્થ બેંક નાણાંનું પરિમાણ વધારે છે. પરિમાણે ચાલુ ભાવે આવકની સ્થિર સપાટીએ, સોદાઓ કરવા માટે જરૂરી નાણાં કરતા

લોકો પાસે વધારે નાણાં આવે છે અને લોકો ખર્ચમાં વધારો કરે છે. વાસ્તવિક આવક અને ઉત્પાદન સ્થિર રહે છે અને નાણાંનો પુરવઠો વધે છે તેથી ભાવસપાટી ઊંચી જાય છે. બીજી રીતે કહીએ તો અર્થતંત્રમાં વાસ્તવિક આવક સ્થિર રહે છે અને નાણાંનો પુરવઠો વધતા નાણાંકીય આવક વધે છે તેથી ભાવસપાટી વધે છે અને નાણાંનું મુલ્ય ઘટે છે. અને તેનાથી વિરુદ્ધ મધ્યસ્થ બેંક નાણાંનું પરિમાણ ઘટાડે ત્યારે ભાવ સપાટી ઘટે છે તેથી નાણાંનું મુલ્ય વધે છે.

• ફિશરના સિધ્ધાંતની મર્યાદાઓ :

- **નાણાંની માંગની ઉપેક્ષા :** ફિશરે નાણાંની માંગને સ્થિર પરીબળ ગણાવ્યું છે. એટલે કે નાણાંનું મુલ્ય નક્કી કરવામાં નાણાંની માંગનું કોઈ યોગદાન નથી માત્ર નાણાંનો પુરવઠો જ અગત્યનું પરીબળ ગણાવ્યું છે. વાસ્તવમાં નાણાંની માંગ પણ પુરવઠા જેટલી જ મહત્વની છે. જેની અવગણના થયેલી છે.
- **કુલ ખર્ચની ઉપેક્ષા :** ભાવ સપાટીનો આધાર માત્ર નાણાંના પરિમાણની પર નથી. પરંતુ કુલ ખર્ચ પર પણ રહેલો છે. કેઈન્સના મતે નાણાંનું પરિમાણ ધારોકે સ્થિર હોય પરંતુ સમાજનું કુલ ખર્ચ વધે અને ચીજવસ્તુઓ અને સેવાઓનો પુરવઠો વધે નહિ તો ભાવો વધે છે અને તેનાથી વિરુદ્ધ, સમાજનું કુલ ખર્ચ ઘટે તો ભાવો નીચા જાય છે. આમ, સમાજના કુલ ખર્ચમાં થતા ફેરફારો ભાવોને તથા નાણાંના મૂલ્યને અસર પહોંચાડે છે.
- **ટૂંકાગાળાની ઉપેક્ષા :** અર્થશાસ્ત્રી ફિશરનું સમીકરણ ટૂંકાગાળા માટે નથી. એટલે કે આ સમીકરણ ટૂંકાગાળાને બદલે લાંબાગાળામાં સાચું પડવાનો વધારે સંભવ રહે છે. દેશમાં ઉત્પાદન અને તેનું ખરીદવેચાણ જુદા જુદા સમયે થતું હોય છે. અને સોદાઓની ચુકવણી કોઈ બીજા સમયે જ થતી હોય છે. આથી ફિશરનું સમીકરણ મર્યાદિત બને છે.
- **નાણાંના સંગ્રહની ઉપેક્ષા :** ફિશરના મતે નાણું માત્ર વિનિમયનું માધ્યમ છે. તેને નાણાંના સંગ્રાહક કાર્યની ઉપેક્ષા કરી છે. વાસ્તવમાં નાણાં સંગ્રાહક તરીકે કાર્ય કરે છે. તેથી નાણાંનું પરિમાણ વધે તેમ નાણાંનો સંગ્રહ પણ વધે છે. જેની સિધ્ધાંતમાં ઉપેક્ષા છે. નાણાંના સંગ્રહને લીધે નાણાંના પુરવઠાના વધારા/ઘટાડાનીની ભાવ સપાટી પર વધુ અસર ન પણ થાય તેવું બને.
- **ભાવસપાટી અને નાણાં પરિમાણ વચ્ચે સપ્રમાણ સંબંધ નથી :** નાણાંનું પરિમાણ વધતા ભાવોમાં વધારો થાય છે પરંતુ બંને વચ્ચે સપ્રમાણ સંબંધ હોય તેવું હોતું નથી. નાણાંનો પુરવઠો 10% વધતાં ભાવોમાં 10% જ વધારો થાય તેવું ન પણ બને. તેનાથી વિરુદ્ધ, નાણાં પરિમાણમાં 10% ઘટાડો થવાથી ભાવો 10% ઘટે તેવું ન પણ બને.
- **સોદાઓ(વિનિમય)ની સંખ્યા સ્થિર નથી :** નાણાં પરિમાણના સિદ્ધાંતમાં અર્થતંત્રમાં થતા સોદાઓ અથવા વિનિમયની સંખ્યા પણ સ્થિર રહે છે તેવી ધારણા કરવામાં આવી છે. પરંતુ આ સોદાઓમાં વધઘટ થતી હોય છે. ભાવ સપાટી સોદાઓની સંખ્યાને અસર પહોંચાડે છે. ભાવો વધે ત્યારે નફાનો દર ઊંચો જાય છે. કારણકે જેટલી ઝડપથી ભાવો ધે છે તેટલી ઝડપથી ઉત્પાદનનાં સાધનોના ભાવો વધતા નથી. ઉપરાંત ભાવો વધતા જતા હોય તો વપરાશી ચીજવસ્તુઓ સિવાયની જો જેવી કે મકાનો, જમીન, શેરર્સ, ડિબેન્ચર્સ, જામીનગીરીઓ વગેરેમાં સોદાઓની સંખ્યા પણ વધતી જોવા મળે છે. આમ, વિનિમયની સંખ્યા સ્થિર નથી. ભાવસપાટીનો તેના પર પ્રભાવ પડે છે.
- **કાયદા માન્ય નાણાં અને બેંકનાણાં વચ્ચેનું પ્રમાણ સ્થિર નથી :** નાણાં પરિમાણનો સિદ્ધાંત કાયદામાન્ય નાણાં અને બેંકનાણાં વચ્ચેનું ભાણ સ્થિર રહે છે. તેવી ધારણા પર આધારિત છે. એટલે કે કાયદામાન્ય નાણાં અને બેકનાંણાના પુરવઠાને અસર કરતાં પરીબળો ભિન્ન હોવાથી બંને વચ્ચેનું પ્રમાણ સ્થિર નથી. અર્થતંત્રમાં તેજી હોય ત્યારે બેંકનાણાંની તરફેણમાં અને મંદી હોય ત્યારે બેંકનાણાંની વિરુદ્ધમાં આ પ્રમાણે બદલાય છે. તેજીમાં બેંકના ધિરાણમાં વધારો થાય છે જ્યારે મંદીમાં બેંકનું ધિરાણ ઘટી જાય છે.
- **નાણાંના ચલણવેગ (V) સ્થિર નથી :** આ ફિશરનો સિદ્ધાંત નાણાંનો સરેરાશ ચલણવેગ સ્થિર છે. એવી ધારણા પર આધારિત છે. પરંતુ નાણાંનો સરેરાશ ચલણવેગ સ્થિર નથી. નાણાંના સરેરાશ ચલણવેગને અસર કરતાં પરિબળો પણ સ્થિર ન હોવાથી નાણાંનો સરેરાશ ચલણવેગ પણ સ્થિર જોવા મળતો નથી.
- **વિવિધ પરીબળો એકબીજાથી સ્વતંત્ર નથી :** ફિશરના સમીકરણમાં રજૂ થતા વિવિધ પરીબળો વાસ્તવમાં સ્વતંત્ર હોતા નથી. એટલે કે આ સિદ્ધાતમાં રજૂ થતા વિવિધ પરીબળો જેવા કે, V (નાણાંનો સરેરાશ ચલણવેગ), T

(સોદાઓની સંખ્યા), M' (બેંકનાણાંનું પરિમાણ) આ પરીબળો એકબીજાથી સ્વતંત્ર ધારી લેવામાં આવે છે. પરંતુ હકીકતમાં આ બધા પરીબળો એકબીજાથી પ્રભાવિત થતા હોય છે.

- **સરેરાશ ભાવો ભ્રામક :** દેશમાં ઉત્પન્ન થતી જુદી જુદી ચીજવસ્તુઓના ભાવો જુદા જુદા હોય છે. એટલે કે જુદી જુદી વસ્તુઓના ભાવો એકસરખા પ્રમાણમાં અને એક જ સરખી પદ્ધતિથી બદલાય તેવું હોતું નથી. સરેરાશ ભાવો સ્થિર હોવા છતાં ઉદી જુદી વસ્તુઓના ભાવોમાં ફેરફાર થતો હોય તેવું બની શકે છે. તેથી સરેરાશ એ ભ્રામક ખ્યાલ છે. વ્યવહારિક દૃષ્ટિએ સાપેક્ષ ભાવોના ફેરફાર મહત્ત્વના છે જેની સિદ્ધાંતમાં ઉપેક્ષા છે.
- **સત્યની અભિવ્યક્તિ માત્ર :** કેટલાક અર્થશાસ્ત્રીઓના મતે ફિશરનું સમીકરણ સ્વયંસિદ્ધ સત્ય રજૂ કરે છે તેમાં કશું જ નવીન નથી કે સ્પષ્ટિકરણ નથી. માત્ર સ્વયં સિદ્ધ સત્યને સમીકરણના રૂપમાં રજૂ કરવામાં આવ્યું છે. MV = PT માં MV એ નાણાંનો પુરવઠો બતાવે છે. જ્યારે PT એ કુલ માંગ દર્શાવે છે. એટલે કે સમીકરણ મુજબ કુલ માંગ અને કુલ પુરવઠો રજુ કરવામાં આવ્યું છે. તેમજ M અને P વચ્ચે શા માટે સંબંધ છે તેની સમજૂતી નથી.
- **તેજી-મંદીના સમયમાં મર્યાદિત :** ફિશરનું સમીકરણ ઐતિહાસિક અનુભવોના સંદર્ભમાં સંપૂર્ણ સાચું ઠર્યું નથી. મહામંદી દરમિયાન ઘણા દેશોએ નાણાંના પરિમાણમાં વધારો કરીને ઘટતા જતા ભાવોને અટકાવા પ્રયત્ન કર્યો હતો, પરંતુ તેમાં કોઈને ઈચ્છનીય સફળતા પ્રાપ્ત થઈ નહી. તેવી જ રીતે તેજીના સમયમાં નાણાંના પુરવઠામાં ઘટાડા છતાં ભાવો વધે છે.
- **સમયના સંદર્ભમાં વિસંવાદિતા:** ફિશરનું સમીકરણ અને નાણાંના પરિમાણનો સિદ્ધાંત સમયના સંદર્ભમાં વિસંવાદિતા ધરાવે છે. M કોઈ એક સમયે નાણાંના પરિમાણને રજૂ કરે છે, જ્યારે V સમયના અમુક ગાળા દરમિયાન નાણાંના સરેરાશ ચલણવેગને દર્શાવે છે. તેથી MV એ કોઈ એક સમયની મૂલ્ય અને અમુક સમય ગાળા દરમિયાન મૂલ્યનો ગુણાકાર છે. તેથી વિસંવાદિતા ઉભી થાય છે.

- **ફિશરના સસિધ્ધાંતનું મહત્વ :** આ સિદ્ધાંત કદાચ ટૂંકાગાળામાં લાગુ ન પડતો હોય પરંતુ તે લાંબાગાળામાં લાગુ પડે છે. નાણાંના પુરવઠામાં જંગી વૃદ્ધિ થઈ જેથી ઈ.સ. 1923 માં જર્મનીમાં અને ચીનમાં ભાવસપાટી વધી હતી. ભારત જેવા વિકસતા દેશોમાં પણ ખાદ્યપૂરક નાણાંતંત્રને લીધે નાણાંના પુરવઠામાં વધારો થતાં ભાવો વધે છે. નાણાંના પુરવઠાની ભાવ સપાટી પર ચોક્કસ અસર થાય છે તે હકીકત આ સિધ્ધાંત દર્શાવે છે. તેથી દેશમાં નાણાંના પુરવઠાને અંકુશમાં રાખવા માટેની નીતિ અમલમાં મુકવા માટે માર્ગદર્શન મળે છે.

3.2 કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો રોકડ પુરાંતનો સિદ્ધાંત (રોકડ પુરાંત સમીકરણ M=KPR)

ફીશરે નાણા વિનિમયના કાર્યને પ્રાધાન્ય આપી નાણાંનો પુરવઠો નાણાંના મૂલ્ય પર ભાવસપાટી દ્વારા કેવી અસર કરે છે તે સમજાવવા નાણાંના પરિમાણનો સિદ્ધાંત રજૂ કર્યો ત્યારે ઇંગ્લેન્ડમાં કેમ્બ્રીજ યુનિવર્સિટીની અર્થશાસ્ત્રીઓએ તેની સામે તેના કરતાં વધારે વાસ્તવિક અને પ્રગતિશીલ સિદ્ધાંત રજૂ કરવાનો પ્રયાસ કર્યો. તેમાં પ્રો. માર્શલ, રોબર્ટસન અને કેઇન્સનો ફાળો મુખ્ય છે. પ્રો. પિગુ તથા રોબર્ટસને નાણાંના પરિમાણના જે સિદ્ધાંતો રજૂ કર્યા તેમાં નાણાંના વિનિમયના માધ્યમના કાર્યને બદલે નાણાંના મૂલ્યના સંગ્રાહક તરીકેનું કાર્યને વધુ મહત્વ આપ્યું છે. ફિશરના મતે નાણાંનો પુરવઠો નાણાંનું મૂલ્ય નક્કી કરે છે. જ્યારે રોકડ પુરાંતના સિદ્ધાંત મુજબ નાણાંની વાસ્તવિક માંગ નાણાંનું મૂલ્ય નક્કી કરે છે. આમ, રોકડ પુરાંતના સિદ્ધાંતના પ્રણેતાઓના મતે નાણાંની માંગ વસ્તુઓ અને સેવાઓના સોદા કરનારાઓ દ્વારા નથી થતી. પરંતુ જુદા જુદા હેતુઓ માટે રોકડ નાણું ધરાવનારાઓ દ્વારા થાય છે.

- **રોકડ પુરાંતનો અર્થ :** લોકો તેની વાસ્તવિક આવકનો જે ભાગ રોકડ સ્વરૂપમાં રાખવા ઈચ્છે તેને રોકડ પુરાંત (cash balance) કહેવામાં આવે છે. પ્રો. માર્શલ આ સિદ્ધાંત રજૂ કરતાં જણાવે છે કે, દરેક સમાજમાં લોકો પોતાની વાસ્તવિક આવકનો અમુક ભાગ રોકડ સ્વરૂપમાં પોતાની પાસે રાખવા ઈચ્છે છે. પ્રો. કેઇન્સના મતે, "લોકો રોકડ-નાણું હાથ ઉપર રાખવા ઈચ્છે છે તેના ત્રણ હેતુઓ છે વિનિમયનો હેતુ, સાવચેતીના હેતુ અને સટ્ટાકીય હેતુ.
- **નાણાંનું મૂલ્ય નિર્ધારણ :** જો રોકડનાણાંની માંગ વધે તો લોકો વસ્તુઓ અને સેવા પરના ખર્ચમાં ઘટાડો કરીને જ વધારાના રોકડનાણાંની માંગ પૂર્ણ કરી શકે છે. આમ રોકડનાણાંની માંગ વધતા ક્રમશ: વપરાશ ખર્ચ ઘટે છે, વપરાશી વસ્તુઓની માંગ ઘટે છે, વપરાશી વસ્તુઓના ભાવ અને અર્થતંત્રમાં ભાવસપાટી ઘટે છે અને તેથી નાણાંનું મૂલ્ય

(નાણાંની ખરીદશક્તિ) વધે છે. આમ, રોકડ પુરાંત વધે તો નાણાંનું મૂલ્ય વધે છે અને જો રોકડ પુરાંત ઘટે તો નાણાંનું મૂલ્ય ઘટે છે. અને તેનાથી વિરુદ્ધ.

લોકો દ્વારા રોકડ પુરાંત 10% વધે → લોકોની આવક અને ખર્ચ ઘટે → ભાવ સપાટી 10% ઘટે→ નાણાંનું મુલ્ય 10% વધે લોકો દ્વારા રોકડ પુરાંત 10% ઘટે → લોકોની આવક અને ખર્ચ વધે → ભાવ સપાટી 10% વધે→ નાણાંનું મુલ્ય 10% ઘટે

- **પ્રો. પીગુનું સમીકરણ :**

(1) M= KPR	બેંકોમાં થાપણોને ધ્યાને લેતા **(2) M = KPR [c+h (1-c)]**
• R = વાસ્તવિક આવક, છેવટની ઉપભોગ માટેની ચીજવસ્તુઓ અને સેવાઓના જથ્થાને એટલે કે વાસ્તવિક આવક. વાસ્તવિક આવકમાં અર્ધતૈયાર ચીજવસ્તુઓ અથવા વચગાળાની વસ્તુઓનો સમાવેશ કરવામાં આવતો નથી. • K = રોકડનાણાંની માંગનું પ્રમાણ, વાસ્તવિક આવકનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં પોતાની પાસે રાખે છે તે ભાગ, તેને રોકડ વૃત્તિ કે રોકડ પુરાંત પણ કહે છે. • M = નાણાંનું પરિમાણ, નાણાં પરિમાણ એટલે નાણાંનો પુરવઠો. નાણાંના પુરવઠામાં કાયદેસરના ચલણી નાણું અને બેંક નાણાંનો સમાવેશ થાય છે.	• C = રોકડપુરાંતનો જે ભાગ લોકો કાયદેસરના ચાલણી નાણાના સ્વરૂપમાં પોતાની પાસે રાખે છે તે. • 1 – C = રોકડ પુરાંતનો જે ભાગ બેંકોમાં થાપણ સ્વરૂપે રાખવામાં આવે છે તે. • h = કુલ બેંક થાપણોમાં રોકડ અનામતનું પ્રમાણ. • C + h (1 - C) = કુલ રોકડ પુરાંતનું પ્રમાણ. • PR = નાણાકીય આવક, જે ચીજવસ્તુઓનો સમાવેશ વાસ્તવિક આવકમાં થયો છે તેમને તેમના ચાલુ ભાવો વડે ગુણવામાં આવે તો નાણાકિય આવક પ્રાપ્ત થાય છે.

રોજબરોજના ઉપભોગ માટે લોકો જરૂરી ચીજવસ્તુઓનો સંગ્રહ કરવા ઇચ્છે છે. એટલે કે જે ચિજવસ્તુઓની જીવનમાં રોજ જરૂર પડે છે તેવી ચીજવસ્તુઓને રોજરોજ લોકો ખરીદતા નથી પણ અમુક દિવસ સુધી તેને સંગ્રહ કરી રાખે છે. અને ભેગી તેની ખરીદી કરે છે. કેટલીક નાશવંત ચીજવસ્તુઓ પણ હોઈ શકે છે. તેનો સંગ્રહ થઈ શકતો નથી પરંતુ તેના બદલે લોકો નાણાંનો સંગ્રહ કરે છે. કારણ કે નાણું સામાન્ય ખરીદશક્તિનો જથ્થો છે. આમ, લોકો વિનિમયના હેતુ માટે વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો જેટલો હિસ્સો સંગ્રહવા ઇચ્છતી હોય છે. તેના પરથી મૂલ્યસંચયના સાધન તરીકેની નાણાંની માંગ નક્કી થાય છે. આ જ રીતે આકસ્મિક કે અણધારી જરૂરિયાતોને પહોંચી વળવા માટે સલામતીના હેતુસર ચીજવસ્તુઓના સંગ્રહને બદલે લોકો નાણાંનો સંગ્રહ એટલે કે રોકડ પુરાંતો જ એકઠી કરવાનું પસંદ કરે છે.

પરંતુ અત્રે યાદ રાખવું જોઈએ કે નાણું વાસ્તવિક આવક, એટલે કે ચીજવસ્તુઓ પ્રતિનિધિરૂપ જ છે. નાણાંની માંગ વિનિમય અને સાવચેતીના હેતુઓ માટેની, રાષ્ટ્રીય આવકની માંગમાંથી જ ઉદ્‌ભવે છે. અહીં એ પણ સ્પષ્ટ થવું જોઈએ કે નાણાંનો સંચય અમુક સમય માટે જ કરવામાં આવે છે. તેનો છેવટે ઉપયોગ ચીજવસ્તુઓની ખરીદી કરવા માટે જ થવાનો હોય છે. નાણાંના સંચયનો સમયગાળો નાનો કે મોટો હોઈ શકે છે. આથી કેબ્રીજ અર્થશાસ્ત્રીઓના સમીકરણમાં Kનો સંબંધ વાસ્તવિક રાષ્ટ્રીય આવક જોડે સ્થાપવામાં આવેલ છે. KRનું નાણાકીય મૂલ્ય જાણવા અથવા તે મૂલ્યસંચયના સાધન તરીકે નણાની માંગ જાણવા માટે KRને P વડે ગુણવામાં આવે છે.

- **પ્રો. રોબર્ટસનનું સમીકરણ : M = PKT**

પ્રો. પીગુએ રજૂ કરેલ રોકડપુરાંતના સમીકરણમાં થોડોક ફેરફાર કરીને ડી. એચ. રોબર્ટસને રોકડપુરાંતનું સમીકરણ રજૂ કરેલ છે. અહીં T = વસ્તુઓ અને સેવાઓનો કુલ જથ્થો દર્શાવે છે, જે પીગુના સમીકરણ Rનો સમાનાર્થી છે. K અને Tનો જે ભાગ લોકો રોકડ સ્વરૂપમાં હાથ પર રાખે છે.એટલે કે રોબર્ટસનનું સમીકરણ પ્રો. પીગુના સમીકરણ કરતાં કંઈક અંશે વધારે યોગ્ય છે. ફિશરના સમીકરણ સાથે રોબર્ટસનનું સમીકરણ વધારે પ્રમાણમાં સમાનતા ધરાવે છે. આ ઉપરાંત કેમ્બ્રીજના રોકડપુરાંતના અન્ય સમીકરણ કરતાં તે વધારે સરળ પણ છે.

• કેઈન્સનું રોકડ પુરાંતનું સમીકરણ : n = p (k+rk')

n = નાણાનું કુલ પરિમાણ, P = વપરાશી વસ્તુની કિંમત, K = રોકડ પુરાંત, K' = બેંકના થાપણ સ્વરૂપની રોકડ પુરાંત, r = બેંકિગ ક્ષેત્ર દ્વારા જાળવવામાં આવતું રોકડ અનામતનું પ્રમાણ.

કેઈન્સના મતે k, k' અને r સ્થિર રહે છે તેથી જો નાણાના પુરવઠામાં વધારો કરવામાં આવે તો તેટલા જ પ્રમાણમાં ભાવવધારો થાય છે અને તેટલું જ નાણાનું મૂલ્ય ઘટે છે. આમ, કેઈન્સે આવકખર્ચનો સિદ્ધાંત દ્વારા નાણાનું મૂલ્ય નિર્ધારણ સમજાવ્યું છે. પ્રો. પીગુના સમીકરણ કરતાં જુદા પ્રકારનું રોકડપુરાંતનું સમીકરણ અર્થશાસ્ત્રી કેઈન્સે રજૂ કર્યું હતું. જેમાં કેઈન્સ આવકખર્ચનો નાણાના મૂલ્યનો સિદ્ધાત રજૂ કર્યો હતો. આ સમીકરણ કેન્સે તેમના 'Tract on Monetary Refrom' નામના પુસ્તકમાં રજૂ કર્યું હતું. જે મુજબ લોકો રોજબરોજના સોદાના વ્યવહારોને પાર પાડવા અમુક જથ્થામાં રોકડનાણાની માંગ કરે છે. જો અર્થતંત્રમાં નાણાનો જથ્થો તેમના દ્વારા થતી રોકડનાણાની માંગ કરતાં વધી જાય તો વસ્તુઓ પરનું પ્રેરિત ખર્ચ વધી જતાં ભાવસપાટી ઊંચી જાય છે. લોકો તેમની ખરીદશક્તિનો કેટલોક ભાગ રોકડ સ્વરૂપમાં રાખે છે અને તેનો આધાર સમાજની સંપત્તિ, ટેવ, અભિરૂચિ પર રહેલો છે.

• કેમ્બ્રીજના રોકડ પુરાંતના સિદ્ધાંતની મર્યાદા/ટીકા :

- ફિશરના સમીકરણના લગભગ બધાં જ પદોનું પરિમાણીકરણ શક્ય બને છે, જ્યારે કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓના સમીકરણમાં વાસ્તવિક આવક એટલે કે Rનું અને તેનો જે હિસ્સો લોકો રોકડ સ્વરૂપમાં રાખવા ઇચ્છે છે તેનું પરિમાણીકરણ મુશ્કેલ છે.
- જો ફિશરનો સિદ્ધાંત એક બાજુ સ્વયંસિદ્ધ સત્ય રજૂ કરતો હોય તો કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો સિદ્ધાંત માત્ર દલીલ જ રજૂ કરે છે. દા.ત. કેમ્બ્રીજ સિદ્ધાંત મુજબ ભાવસપાટી રોકડનાણાના ભંડોળ દ્વારા જ નક્કી થાય છે, જ્યારે બીજી બાજુ ભાવસપાટી પણ લોકોએ રોકડનાણાનું પ્રમાણ કેટલું રાખવું તેના પર અસર કરે છે.
- પ્રો. પેટીનકીનના મતે તો "રોકડ પુરાંતના સિદ્ધાંતના હિમાયતીઓ નાણાના પરિમાણના સિદ્ધાંતનું સાચું સ્વરૂપ સમજાવવામાં નિષ્ફળ નિવડ્યા છે. કારણ કે તેઓ નાણાબજાર અને વસ્તુ બજારની એકબીજા સાથે સંકલિત ચર્ચા કરવાને બદલે બંને જુદા જ માનવામાં આવે છે."
- રોકડ પુરાંતનો સિદ્ધાંત ફિશરના નાણાના પરિમાણના સિદ્ધાંતની સમાન જ છે. કારણ કે તે કંઈ વધારાની રજૂઆત કરતો નથી. રોકડ પુરાંતના સિદ્ધાંતમાં રોકડનાણાની માંગ માટેના સટ્ટાકીય હેતુની અવગણના કરવામાં આવી છે. પરિણામે આ સિદ્ધાંત વ્યાજના દરના સિદ્ધાંતોનું નાણાની માંગના સિદ્ધાંત સાથે સંકલન કરવામાં સફળ નીવડ્યો નથી.
- કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો સિદ્ધાંત અર્થતંત્રમાં ભાવોના ગતિશીલ પરિવર્તનોને સમજાવવામાં અને તેમનું વિશ્લેષણ કરવામાં ઉપયોગી નીવડી શકે તેમ નથી, કારણ કે તે સિદ્ધાંત ટૂંકાગાળામાં નાણાના પુરવઠામાં ફેરફાર કરવાથી ઉત્પાદન પર શી અસર થાય છે તેનો ઉલ્લેખ કરતો નથી.
- કેમ્બ્રીજનો સિદ્ધાંત નાણાની માંગ એકમ સાપેક્ષ છે તેવું અનુમાન કરે છે. એટલે કે જો નાણાની માંગમાં 10 ટકાનો વધારો થાય તો ભાવસપાટીમાં 10 ટકાનો ઘટાડો થાય તેવું માને છે. પરંતુ આ ત્યારે જ શક્ય બને કે જ્યારે નાણાનો જથ્થો અને વસ્તુઓ અને સેવાઓનો જથ્થો પણ સ્થિર રહે. વાસ્તવમાં તો ચીજવસ્તુઓ અને સેવાઓનો જથ્થો નાણાના પુરવઠામાં થતા ફેરફારોને લીધે બદલાય છે. તેથી નાણાની માંગણી એકમ સાપેક્ષતાની ધારણા અયોગ્ય છે.

ફિશરના સમીકરણ અને કેમ્બ્રિજના સમીકરણની તુલના :

• સમાનતા :

કેમ્બ્રીજનું સમીકરણ વિનિમયના સમીકરણથી ચડિયાતું છે. એટલે કે રોકડ, પુરાંતનો સિદ્ધાંત વિનિમયના સિદ્ધાંત કરતાં પ્રગતિશીલ લાગે છે. છતાં બંને વચ્ચે મૂળભૂત તફાવત નથી કારણ કે બંનેમાં નાણાનો પુરવઠો ભાવસપાટી ઉપર અસર કરે છે. તેનો સ્વીકાર થયો છે.

- **બંને સમીકરણમાં સમાન પદો/ખ્યાલોનો ઉપયોગ :** MV=PT અને M= KPR બંને સમીકરણમાં P અને M એ સમાન પદો છે. ફિશરના સમીકરણમાં T એટલે સોદાઓ અને સોદાઓ તૈયાર વસ્તુઓના જ થાય છે. એમ સ્વીકારવામાં આવે તો પીગુના સમીકરણમાં R એટલે તૈયાર વસ્તુઓ છે. તેથી R = T થાય છે. હવે K અને Vનો સંબંધ જોઈએ તો K

રોકડાનાણાની માંગ સૂચવે છે જ્યારે V નાણાનો ચલણવેગ સૂચવે છે. જ્યારે રોકડનાણાની માંગ (K) વધે છે ત્યારે નાણાનો ચલણવેગ (V) ઘટે છે. કારણ કે રોકડનાણાની માંગ વધવાથી વપરાશખર્ચ ઘટે છે અને વપરાશખર્ચ ઘટવાથી ચલણવેગ પણ ઘટે છે. છે. આમ K અને V વચ્ચે વ્યસ્ત સંબંધ હોવાથી K = 1/V થાય છે. આમ, પીગુના સમીકરણના Kની જગ્યાએ 1/V મૂકીએ અને Rની જગ્યાએ T મૂકીએ તો પીગુનું સમીકરણ ફિશરના સમીકરણ બરાબર જ થાય છે.

- **નાણાંના પુરવઠા અને ભાવ સપાટી વચ્ચે સંબંધ :** નાણાના પુરવઠામાં થતા ફેરફારની અસર બન્ને સમીકરણમાં એકસમાન જોવા મળે છે. પિગુના સમીકરણનો K વાસ્તવિક આવકનો એટલે કે તૈયાર વપરાશી વસ્તુઓનો ભાગ છે અને તે એક કરતાં ઓછો હોય છે. આમ, પીગુના મતે નાણાના પુરવઠામાં વધારો થવાથી ભાવમાં પણ વધારો થાય છે. જો કે તેનો આધાર Kમાં થતા ફેરફાર પર રહેલો છે. ટૂંકમાં પીગુના મતે નાણાના પુરવઠામાં વધારો થતાં ભાવસપાટી વધે છે પીગુ પણ રોકડનાણાની માંગ દ્વારા નાણાના પુરવઠાની ભાવસપાટી પર થતી અસર ફિશરની માફક જ દર્શાવે છે તેથી બંને વચ્ચે મૂળભૂત સમાનતા છે.

- **તફાવત :**

- **નાણાના પુરવઠા વિશે તફાવત :** પીગુના સમીકરણમાં K અને R નાણાના પુરવઠાથી પ્રભાવિત થાય છે જ્યારે ફિશર Vઅને Tને નાણાના પુરવઠાથી સ્વતંત્ર છે. નાણાના પુરવઠામાં વધારો થતાં Kમાં ઘટાડો થાય છે અને નાણાના પુરવઠામાં ઘટાડો થતાં Kમાં વધારો થાય છે. જો નાણાના પુરવઠાની K ઉપર વ્યસ્ત અસર પડે તો તેનો અર્થ એ થાય કે તેની V પર સીધી અસર પડે છે. કારણ કે K અને V વચ્ચે વ્યસ્ત સંબંધ છે. આમ, પીગુ નાણાના પુરવઠાની K પર અને તેને લીધે V પર અસર થાય છે તેમ જણાવે છે. જ્યારે ફિશર Vને સ્વતંત્ર ગણે છે.
- **નાણાની માંગ વિશે તફાવત :** કેમ્બ્રીજ સમીકરણ અને ફિશરનું સમીકરણ નાણાંની માંગને જુદા જુદા દષ્ટિકોણથી રજૂ કરે છે. પીગુ નાણાંની માંગ મૂલ્યસંચયના સાધન – એટલે કે અસ્કયામત તરીકે વ્યક્ત કરે છે. જ્યારે ફિશર નાણાંની માંગને વિનિમયના માધ્યમ તરીકે રજૂ કરે છે. પીગુની દૃષ્ટિએ નાણાની માંગ વ્યક્તિ પાસેના અસ્કયામતના જથ્થા સાથે સંકળાયેલી છે. જ્યારે ફિશરની દૃષ્ટિએ નાણાની માંગ ખર્ચના પ્રવાહ સાથે જોડાયેલી છે.
- **સમય અંગેના દષ્ટિકોણમાં તફાવત :** પિગુ નાણાના મૂલ્યસંગ્રાહકના કાર્યને મહત્ત્વ આપી રોકડ પુરાંત દ્વારા નાણાના મૂલ્યને કોઈ એક ક્ષણના સંદર્ભમાં રજૂ કરે છે જ્યારે ફિશરનો સિદ્ધાંત નાણાના ચલણવેગને ધ્યાનમાં લે છે અને તે નાણાના મૂલ્યને કોઈ એક સમયગાળાના સંદર્ભમાં સમજાવે છે.
- **V અને Tમાં તફાવત :** પીગુ તેના સમીકરણમાં લોકો તેમની વાસ્તવિક રાષ્ટ્રીય આવકનો કેટલો ભાગ નાણાના સ્વરૂપમાં રાખવા ઈચ્છે છે તેની ચર્ચા કરે છે. લોકો નાણાનો કેટલો જથ્થો અને તે કેટલી ઝડપથી ખર્ચે છે તેની પીગુના સમીકરણમાં કોઈ વાત નથી. તેથી તેના સમીકરણમાં V અને Tને સ્થાન નથી.
- **ચલણવેગ વિશે તફાવત :** ફીશરના સમીકરણમાં નાણાના વિનિમય ચલણવેગનો ઉલ્લેખ થયો છે. જ્યારે રોકડ પુરાંતના કેમ્બ્રીજ સમીકરણમાં આવક ચલણવેગનો સમાવેશ થયો છે. એટલે કે વાસ્તવિક આવકના ઉત્પાદનના દરના સંદર્ભમાં નાણાનો ચલણવેગ દર.

- **રોકડ પુરાંતના સિદ્ધાંતનું ચઢિયાતાપણું :**
  - નાણાનો પુરવઠો (M) એ ચલણવેગ (V) અને આવકના સોદા (T) પર અસર કરે છે. તે વાસ્તવિકતાને કેમ્બ્રીજનો સિદ્ધાંત અનુમોદન આપે છે જ્યારે ફિશરનો સિદ્ધાંત તેની અવગણના કરે છે.
  - K રોકડ પસંદગીનો પ્રાથમિક ખ્યાલ રજૂ કરે છે. એટલું જ નહીં તેના દ્વારા જ પીગુ તુષ્ટિગુણ પદ્ધતિની મદદથી લોકો કુલ અસ્કયામતોને નાણાના રવરૂપમાં અને બિનનાણાકીય અસ્કયામતોના સ્વરૂપમાં કેવી રીતે રાખે છે તે પણ સચોટ રીતે સમજાવે છે. તેથી કેંબ્રીજ અર્થશાસ્ત્રીઓના સિદ્ધાંત K પદને રજૂ કરીને ફિશરના સિદ્ધાંત કરતાં તેનું ચઢિયાતાપણું પુરવાર કર્યું છે.
  - ફિશરનો વિનિમયનો સિદ્ધાંત માનવીય હેતુઓ કે જે આર્થિક પ્રવૃત્તિના પાયારૂપ છે તેની અવગણના કરે છે. તેથી તે સિદ્ધાંત મર્યાદિત બને છે. જ્યારે રોકડ પુરાંતનો સિદ્ધાંત આ પરીબળોને મહત્વ આપે છે. કેમ્બ્રીજ સમીકરણમાં નાણાની માંગને વિનિમય તથા સાવચેતીના હેતુઓ સાથે સાંકળે છે.

- ફિશરનો વિનિમયનો સિદ્ધાંત નાણાના વિનિમયના માધ્યમના કાર્યને જ પ્રાધાન્ય આપે છે અને આ સિદ્ધાંત મૂલ્યના સંગ્રાહકના કાર્યની તદ્દન અવગણના કરે છે. જ્યારે કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો સિદ્ધાંત નાણાના મૂલ્યના સંગ્રાહક તરીકેના કાર્યને મહત્ત્વ આપવા છતાં તેના વિનિમયના માધ્યમના કાર્યની અવગણના કરતો નથી કારણ કે તે ચલણવેગને સ્થિર ધારતો નથી.
- ફિશરના સિદ્ધાંતની જેમ કેમ્બ્રીજ અર્થશાસ્ત્રીઓનો સિદ્ધાંત ફક્ત transactionsને વધુ પડતું મહત્ત્વ આપવાને બદલે રાષ્ટ્રીય આવક તથા રોજગારી જેવા પરીબળોને પણ ધ્યાનમાં લે છે. તેથી તે ચઢિયાતો છે.

એકમ – 4 ભારતીય બેન્કિંગ	માર્ક્સ
4.1 વ્યાપારી બેન્કનો અર્થ અને વ્યાખ્યા 4.2 વ્યાપારી બેન્કના કાર્યો 4.3 વ્યાપારી બેન્કની શાખ સર્જનની પ્રક્રિયા 4.4 મધ્યસ્થ બેન્કના કાર્યો	20

4.1 વ્યાપારી બેન્કનો અર્થ અને વ્યાખ્યા

વિકાસની સાથે સાથે વ્યાપારી બેંકોનું કાર્યક્ષેત્ર પણ વધુ ને વધુ પ્રમાણમાં વ્યાપક અને વિસ્તૃત બનતું ગયું છે. વ્યાપારી બેંકો હવે માત્ર થાપણો સ્વીકારતી અને ધિરાણ આપતી પેઢીઓ કે કંપનીઓ જ રહી. નથી. પરંતુ તે પોતાના મા અનેક પ્રકારની ઉપયોગી સેવાઓ આપતી સંસ્થાઓ બની ગઈ છે, ભારતના વિકાસશી અર્થતંત્રમાં બેંકો હવે ઘણું જ મહત્ત્વનું સ્થાન ધરાવે છે. આધુનિક યુગમાં બેંકિંગ એ સમાજના આર્થિક જીવનનું અતિ મહત્ત્વનું અંગ બની ગયેલ છે. આર્થિક જીવન બેંકો પર એટલું બધું નિર્ભર થઈ ગયું છે કે બેંકો વગરના અર્થતંત્રની કલ્પના પણ કરવી મુશ્કેલ છે.

• વ્યાપારી બેંકનો અર્થ :

- બેંક નાણાંનો વેપાર કરતી સંસ્થા છે, લોકો પાસે ફાજલ એટલે કે વધારાનું નાણું પડ્યું રહેતું હોય તેઓ તે સાચવવા માટે બેંકને આપે છે. આથી તેમનું નાણું સલામત રહે છે. વિશેષમાં, તેઓને બેંક તરફથી વ્યાજ મળે છે અને એ રીતે તેમને આવક પણ પ્રાપ્ત થાય છે. જેટલા પ્રમાણમાં બેંકમાં નાણાં જમા થવા માટે આવે છે. તેટલા પ્રમાણમાં તેનો ઉપાડ થતો હોતો નથી. કેટલુંક નાણું બેંક પાસે નિષ્ક્રિય પડ્યું રહે છે. આથી બેંક નાણાં ધીરવાનું કાર્ય પણ કરે છે. ધિરાણ પર બેંક વ્યાજ લે છે. બેંકમાં જમા થતાં નાણાં પર ઓછું વ્યાજ અપાય છે અને ધિરાણ પર વધુ વ્યાજ લેવામાં આવે છે. આથી બન્ને વ્યાજ દરો વચ્ચે અમુક ગાળો કે માર્જિન રહે છે, જે બેંકનો નફો કહેવાય. આ રીતે, વ્યાજે નાણાં લઈ, ફરીથી તે વ્યાજે આપવા એ બેંકનું અગત્યનું લક્ષણ ગણી શકાય. જેઓ માત્ર ધીરધારનો ધંધો કરે છે અથવા તો જેઓ માત્ર થાપણો સ્વીકારે છે તેમને બેંક કહી શકાય નહિ. તેથી દેશી શરાફો અને શાહુકારોને બેંક અથવા બેંકર તરીકે ઓળખાવી શકાય નહિ.
- ભારતમાં વ્યાપારી બેંકોના બે પ્રકારો જોવા મળે છે, ખાનગી વ્યાપારી બેંકો અને રાષ્ટ્રીયકૃત વ્યાપારી બેંકો. ખાનગી વ્યાપારી બેંકોનું સંચાલન ખાનગીક્ષેત્ર દ્વારા થાય છે, જ્યારે રાષ્ટ્રીયકૃત વ્યાપારી બેંકોનું સંચાલન જાહેર ક્ષેત્ર દ્વારા થાય છે. તેમના સંચાલન પર સરકારનો અંકુશ હોય છે. તેઓ ખાનગી વ્યાપારી બેંકોની જેમ સ્વતંત્રપણે પોતાનું સંચાલન કરી શકતી નથી. જુલાઈ 1969 માં જેમનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે તે 14 મોટી વ્યાપારી બેંકો અને એપ્રિલ 1980 માં જેમનું રાષ્ટ્રીયકરણ કરવામાં આવ્યું છે તે અન્ય 6 વ્યાપારી બેંકો રાષ્ટ્રીયકૃત બેંકો તરીકે ઓળખાય છે.
- વ્યાપારી બેંકો પ્રાથમિક દૃષ્ટિએ જોતાં, નાણાંનો વ્યાપાર કરતી પેઢીઓ કે કંપનીઓ છે. જે લોકો પાસે વધારાનું નાણું નિષ્ક્રિય રીતે પડ્યું રહેતું હોય તેઓ બેંકને તે નાણું સલામત રીતે સાચવવા માટે આપે છે. આથી તેમનું નાણું સચવાય છે અને સાથે સાથે વ્યાજરૂપી આવક પણ તેમને મળે છે. રોજબરોજના અનુભવ પરથી એવું તારણ કાઢવામાં આવ્યું છે કે જેટલા પ્રમાણમાં બેંકમાં નાણું જમા થવા માટે આવે છે તેટલા પ્રમાણમાં તેનો ઉપાડ થતો હોતો નથી. પરિણામે બેંક પાસે કેટલુંક નાણું નિષ્ક્રિય પડ્યું રહે છે. આથી બેંક નાણાં ધીરવાનું કાર્ય પણ કરે છે. આ ધિરાણ પર બેંક વ્યાજ લે છે. બેંકમાં જમા થતાં નાણાં પર ઓછું વ્યાજ આપવામાં આવે છે. જ્યારે આપેલાં ધિરાણો પર વધુ વ્યાજ લેવામાં આવે છે. પરિણામે બન્ને વ્યાજના દરો વચ્ચે અમુક ગાળો કે માર્જિન રહે છે જે બેંકનો નફો કહી શકાય. આ પરથી એમ કહી શકાય કે જે સંસ્થા, પેઢી કે કંપની અમુક લોકો પાસેથી તેમનાં નાણાં નીચા વ્યાજના દરે થાપણના સ્વરૂપમાં સ્વીકારે છે અને બીજા લોકોને તે નાણાંમાંથી ઊંચા વ્યાજના દરે કેટલાંક નાણાં ઊછીનાં આપે છે, તેને બેંક કહી

શકાય. આમ, જેમ વેપારી વસ્તુઓ અને સેવાઓનો વેપાર કરે છે તેમ વ્યાપારી બેંક નાણાંનો વેપાર કરે છે તેમ કહી શકાય.

- **વ્યાપારી બેંકની વ્યાખ્યા :**

- **આર. એસ. સેયર્સ :** "સામાન્ય બેંકિંગ વ્યવસાયમાં રોકડ રકમોનું બેંક થાપણોમાં અને બેંક થાપણોનું રોકડ રકમોમાં રૂપાંતર કરવામાં આવે છે. કોઈ વ્યક્તિ કે કંપનીની બેંક થાપણોનું અન્યના ખાતામાં ટ્રાન્સફર કરવાનું તેમજ વિનિમય પત્રો, સરકારી બોન્ડઝ, વ્યાપારીઓની સહીસલામતીયુક્ત વચન ચિઠ્ઠીઓ (પ્રોમિસરી નોટ્સ) વગેરેના બદલામાં બેંક થાપણો આપવાનું કાર્ય પણ બેંકો કરે છે."
- **જી. ક્રાઉથર :** "બેંક એ એક એવી સંસ્થા છે કે જે, જેમની પાસે નાણું ફાજલ પડ્યું રહેતું હોય અથવા તો જેઓ પોતાની આવકમાંથી બચત કરતાં હોય તેની પાસેથી એકઠું કરે છે અને જેમને જરૂર હોય તેમને નાણું ઉછીનું આપે છે."
- **1949 ના બેંકિંગ કંપની ધારા મુજબ,** "એવી કંપની કે જે ભારતના કોઈપણ ભાગમાં બેંકિંગનો વ્યવસાય કરતી હોય. ચેક, ડ્રાફ્ટ કે અન્ય કોઈ રીતે માગે ત્યારે પાછી આપવાની શરતે ધિરાણ કે રોકાણના હેતુથી લોકો પાસેથી નાણાકીય થાપણો સ્વીકારવી એટલે બેંકિંગ. "

4.2 વ્યાપારી બેંકોના કાર્યો

[A] વ્યાપારી બેંકના પ્રણાલીગત કાર્યો :

- **<u>મુખ્ય કાર્યો :</u>**

- **થાપણો સ્વીકારવાનું કાર્ય :** વ્યાપારી બેંક પોતાનો ધંધો કે વ્યવસાય માત્ર પોતાની મૂડી પર જ ચલાવી શકે નહિ. તેથી જે લોકો પાસે નિષ્ક્રિય નાણું ફાજલ સ્વરૂપનું પડ્યું રહેતું હોય તેમની પાસેથી તે નાણું થાપણોના રૂપમાં મેળવે છે. જેમને બેંક થાપણો કહેવામાં આવે છે. બેંકની આ થાપણો પ્રાથમિક થાપણો (Primary Deposits) કહેવાય છે. લોન આપવાની પ્રક્રિયામાંથી જે થાપણોનું સર્જન થાય તેને સર્જિત થાપણો (Derived Deposits) તરીકે ઓળખવામાં આવે છે. ભારતમાં વ્યાપારી બેંક મુખ્યત્વે મુદતી થાપણો, બચત થાપણો અને ચાલુ થાપણોના રૂપમાં લોકો પાસેથી થાપણો સ્વીકારે છે. મુદતી થાપણોની નાણાં પરત ચૂકવવાની મુદત અગાઉથી નક્કી થયેલી હોવાથી બેંકર આ નાણાંનું નિર્ધારિત સમય માટે લાભદાયી ધિરાણ કરી શકે છે. આથી મુદતી થાપણો પર બેંક ઊંચા દરે વ્યાજ આપે છે. બચત થાપણોની વ્યવસ્થા મુખ્યત્વે મધ્યમ અને નિમ્નવર્ગના લોકોને પોતાની આવકમાંથી બચત કરવાની પ્રેરણા આપવા માટે થયેલી છે. બચત થાપણો પર મુદતી થાપણો કરતાં ઓછું વ્યાજ આપવામાં આવે છે.
- **ધિરાણ આપવાનું કાર્ય :** વ્યાપારી બેંકનું બીજું અગત્યનું કાર્ય ધિરાણ આપવાનું છે. વ્યાપારી બેંકો ગ્રાહકો પાસેથી મુદતી, બચત અને ચાલુ થાપણો સ્વીકારે છે. તેમાં બેંકનો હેતુ કમાણી કરવાનો હોય છે. બેંક જે થાપણો મેળવે છે. તેના પર નીચા દરે વ્યાજ આપે છે અને જેમને નાણાંની જરૂર હોય તેમને ઊંચા વ્યાજના દરથી ધિરાણ આપે છે. આમ કરીને બેંકો નફો કમાય છે. સામાન્ય રીતે બધા થાપણદારો એક સાથે અને એક જ સમયે પોતાની થાપણો પરત વ્યાપારી બેંકો પાસેથી લેવા માટે આવતા નથી. હકીકતમાં કોઈ એક સમયે કુલ થાપણોના અમુક ભાગનો જ ઉપાડ થતો હોય છે. આથી વ્યાપારી બેંકો કુલ થાપણોનો અમુક ભાગ રોકડમાં હાથ પર રાખી બાકીનાં નાણાંનું ધિરાણ કરી વ્યાજ કમાય છે. વ્યાપારી બેંકો જે ધિરાણ કરે છે તેમાં મોટા ભાગનું ધિરાણ ટૂંકા ગાળાનું હોય છે. સમયમર્યાદાની દષ્ટિએ ધિરાણના પ્રકારો હોય છે જેમ કે, હાજર ધિરાણ (ખૂબ ટૂંકા ગાળાનું ધિરાણ- 21 કલાક પૂરતું), અલ્પકાલીન ધિરાણ (સમયમર્યાદા 14 દિવસ), ટૂંકા ગાળાનું ધિરાણ (ત્રણ, ચાર અને બાર માસની સમયમર્યાદા), મધ્યમ અને લાંબા ગાળાનું ધિરાણ (1 થી 5 વર્ષ), લાંબા ગાળાનું ધિરાણ (5 વર્ષથી વધુ મુદત) આ પ્રકારનાં ધિરાણો ધંધા ઉદ્યોગની સ્થાપના અને તેમના વિકાસ માટે આપવામાં આવે છે.

  વ્યાપારી બેંક દ્વારા ધિરાણનાં વિવિધ સ્વરૂપે ધિરાણ આપવામાં આવે છે. જેમ કે,

  (a) કેશ ક્રેડિટ: અમુક નક્કી કરેલી રકમ સુધીનું ધિરાણ આપવા માટે બેંક અને ગ્રાહક વચ્ચે જે વ્યવસ્થા ઊભી કરવામાં આવે છે તેને કેશ-ક્રેડિટ કહે છે. ભારતમાં બેંક ધિરાણના 70 ટકા જેટલું ધિરાણ કેશ-કેડિટ દ્વારા આપવામાં આવે છે.

  (b) ઓવરડ્રાફ્ટ (overdraft) : જ્યારે ગ્રાહકને ટૂંકા ગાળા માટે ધિરાણની જરૂર હોય ત્યારે તેની પાસેથી અમુક તારણ લઈને તેને, તેના ખાતામાં જમા બાકી હોય તેના કરતાં વધુ ઉપાડ કરવાની છૂટ નક્કી કરેલી સમયમર્યાદા સુધી

આપવામાં આવે ત્યારે તે વ્યવસ્થાને ઓવરડાફ્ટ કહે છે. ઓવરડ્રાફટની સગવડ માત્ર ચાલુ થાપણોનું ખાતું ધરાવતા ગ્રાહકોને જ મળે છે.

(c) *લોન :* બેંકે મંજૂર કરેલ ધિરાણની કુલ રકમ ગ્રાહકને એક સાથે આપવાની હોય અને નક્કી કરેલા સમયે ગ્રાહકે તે રકમ વ્યાજ સહિત એક સાથે અથવા તો હપતાથી પરત કરવાની હોય તો તેવો વ્યવહાર લોન કહેવાય છે. ક્રેડિટ અને ઓવરડ્રાફ્ટ રૂપે અપાતાં ધિરાણ કરતાં લોન પર ઓછા દરે વ્યાજ લેવામાં આવે છે. લોન વિવિધ પ્રકારની હોય છે. જેમ કે, મુદતી લોન, સંયુક્ત લોન, અંગત લોન, સ્વરોજગાર લોન

(d) *વિનિમયપત્રો ખરીદી/વટાવીને અપાતું ધિરાણ :* વિનિમયપત્રો ખરીદી અને તેમને વટાવી આપવાની કામગીરી એ વિનિમયપત્રોની વસૂલાત કરતાં જુદા પ્રકારની ઘટના છે. વિનિમયપત્રોની ખરીદી અને તેમને વટાવી આપવાની પ્રક્રિયામાં બેંક વિનિમયપત્ર પાકે તે પહેલા વિનિમયપત્ર લખનારના ખાતામાં રકમ જમા કરી દે છે, અને એ રીતે તે વિનિમયપત્ર લખનારને ધિરાણ આપે છે.

- **શાખસર્જનનું કાર્ય :** વ્યાપારી બેંકનું ત્રીજું અગત્યનું કાર્ય શાખસર્જન કરવાનું છે. એટલે કે, શાખીનાણાંનું સર્જન કરવાનું છે. બેંકો જ્યારે ધિરાણ કરે છે કે લોન આપે છે ત્યારે તેટલી રકમ રોકડમાં આપવાને બદલે ગ્રાહકના ખાતામાં જમા કરવામાં આવે છે. ધિરાણ લેનાર ગ્રાહક, જેમ જેમ નાણાંની જરૂર પડે છે ત્યારે બેંક પર ચેક લખે છે અને બેંક તે ચેકની ચુકવણી કરે છે આ રીતે બેંક ધિરાણ કે લોન આપે છે ત્યારે રોકડ રકમ ગુમાવ્યા વગર વ્યાજ કમાય છે. અહીં જેટલી રકમના ધિરાણ કે લોન આપેલ હોય તેટલી રકમ જે તે ગ્રાહકના ખાતામાં જમા થતી હોય છે. આથી જ કહેવાય છે કે લોન થાપણોનું સર્જન કરે છે. ગ્રાહકના ખાતામાં આ રીતે જમા થતી રકમ બેંક નાણું અથવા શાખીનાણું બને છે. બેંકે આ રીતે જે નવાં નાણાંનું સર્જન કર્યું તે શાખસર્જન (credit creation) કહેવાય.

- **<u>ગૌણ કાર્યો:</u>**

વ્યાપારી બેંકના ગૌણ કાર્યોમાં બેંકોની એજન્સી સેવાઓનો સમાવેશ કરવામાં આવે છે. ગૌણ કાર્યોને એજન્સી સેવાઓ એટલા માટે કહેવામાં આવે છે કે આ સેવાઓ અને કાર્યો બેંકો ગ્રાહકના એજન્ટ તરીકે બજાવે છે.

- **ચુકવણી અને વસૂલાતનું કાર્ય :** વ્યાપારી બેંકો પોતાના ગ્રાહકો વતી તેમના ચેક અને હૂંડીઓની ચુકવણી અને વસૂલાત કરી આપે છે. ઉપરાંત વ્યાપારી બેંકો વીમાના પ્રીમિયમ, ભાડા, કેટલીક સંસ્થાઓના લવાજમ, આવકવેરો, ટેલિફોન અને વીજળીનાં બિલ વગેરેની ચુકવણી કરવાનું કાર્ય પણ ગ્રાહકો વતી કરી આપે છે. ઉપરાંત વ્યાપારી બેંકો પોતાના ગ્રાહકો વતી પગાર, પેન્શન, ડિવિડન્ડ, વ્યાજ, ભાડાં, પ્રોમિસરી નોટ વગેરેના નાણાં વસૂલ કરવાનું કાર્ય પણ કરે છે.
- **જામીનગીરીઓનું ખરીદ-વેચાણ :** વ્યાપારી બેંકો પોતાના ગ્રાહકો વતી શેર અને સ્ટોક જેવી જામીનગીરીઓ (securities) ના ખરીદ-વેચાણનું કાર્ય પણ કરે છે. આ કામગીરીમાં બેંકો ગ્રાહકોની સૂચના પ્રમાણે વર્તવા બંધાયેલ છે. ગ્રાહક વતી થતા જામીનગીરીઓના ખરીદ-વેચાણના બધા વ્યવહારોની જાણ ગ્રાહકને કરવામાં આવે છે. ગ્રાહક વતી વેચેલ જામીનગીરીઓ શેરદલાલ જે ચેક આપે તેનાં નાણાં વસૂલ કરવાની જવાબદારી બેંકરની રહે છે. બેંક આ સેવા આપવા બદલ ચાર્જ લે છે.
- **ટ્રસ્ટી, એક્ઝિક્યુટર, એડમિનિસ્ટ્રેટર અને એટર્ની તરીકેનાં કાર્યો :** ટ્રસ્ટી તરીકે બેંક કેટલાક કાર્યો કરે છે, જેમ કે, ટ્રસ્ટની બધી મિલકતો વિષે માહિતી એકઠી કરવી, મિલકતો પર કોઈપણ પ્રકારનો બોજો છે કે નહિ તેની તપાસ કરવી, ટ્રસ્ટ ડીડમાં જણાવ્યા પ્રમાણે ટ્રસ્ટની મિલકતોના વ્યવહારો કરવા, ટ્રસ્ટની મિલકતોની સલામતી જાળવવા યોગ્ય પગલાં લેવા, ટ્રસ્ટની લેણી રકમ વહેલી તકે વસૂલ કરવી, લિયન, ગિરો અને અન્ય પ્રકારનાં બોજા લક્ષમાં રાખી દેવાં ચૂકવવા માટે જરૂરી વ્યવસ્થા કરવી. બેંક એક્ઝિક્યૂટર તરીકે મૃત્યુ પામેલ વ્યક્તિના વિસિયતનામાના લખાણ મુજબ તેની મિલકતનો વહીવટ કરે છે. એમિનિસ્ટ્રેટર તરીકે મૃત્યુ પામેલ વ્યક્તિના વસિયતનામાની ગેરહાજરીમાં પ્રવર્તમાન કાનૂની જોગવાઈઓ પ્રમાણે તેની મિલકતનો વહીવટ કરે છે. ગ્રાહક વતી બેંકર એટર્ની તરીકે પણ સેવા બજાવે છે. આ સેવાઓ બદલ બેંક ફી લે છે.
- **ગ્રાહકો, નાણાકીય સંસ્થાઓ અને બીજી બેંકોના પ્રતિનિધિ તરીકેનાં કાર્યો :** વ્યાપારી બેંકો કેટલીકવાર ગ્રાહકો, નાણાકીય સંસ્થાઓ અને બીજી બેંકોના પ્રતિનિધિ તરીકે સેવાઓ આપે છે. બેંકો પોતાના ગ્રાહકોના પ્રતિનિધિ તરીકે ઈન્કમટેક્ષ ઓફિસ, ઈસ્યોરન્સ ઓફિસ વગેરે સાથે જરૂરી પત્રવ્યવહાર કરે છે અને મિલક્ત, આવક, ખર્ચ વગેરે વિષે

જરૂરી માહિતી આપે છે. ગ્રાહકોના પ્રતિનિધિ તરીકે ઇન્કમટેક્ષ, વેલ્થ ટેક્સ અને સેલ્સ ટેક્ષ વગેરેના રિટર્ન તૈયાર કરી આપે છે. ટ્રેઈનની ટિકિટો, પાસપોર્ટ, દરિયાઈ કે હવાઈ જહાજ માટે રિઝર્વેશન વગેરે મેળવી આપે છે. ઔદ્યોગિક વિકાસ બેંક, જમીન વિકાસ બેંક અને સહકારી બેંકોના પ્રતિનિધિ તરીકે પણ વ્યાપારી બેંકો કામગીરી બજાવે છે.

[B] વ્યાપારી બેન્કના બિનપ્રણાલિકાગતકાર્યો :

- **સેઈફ ડિપોઝિટ વોલ્ટની સેવા :** વ્યાપારી બેંકો જાહેર જનતા માટે પોતાની પસંદ કરેલી શાખાઓમાં સેઈફ ડિપોઝિટ વોલ્ટની સગવડ આપે છે. તેમાં લોકો પોતાની કિંમતી વસ્તુઓ સાચવવા માટે મૂકે છે. બેંકના સ્ટ્રોંગ રૂમમાં સેઈફ ડિપોઝિટ લોકર રાખવામાં આવે છે. લોકર ખોલવા માટે અધિકાર ધરાવતી વ્યક્તિઓના સહીના નમૂના, લોકર ખોલ્યાની તારીખ, સમય વગેરે વિષેની નોંધ બેંક રાખે છે. લોકરમાં રાખેલી વસ્તુઓ વિષે બેંકર માહિતી ધરાવતા હોતા નથી. જો લોકર ભાડે રાખનાર વ્યક્તિનું અવસાન થાય તો કોર્ટ દ્વારા નક્કી થયેલા વારસદારોને જ લોકરની વસ્તુઓ આપી શકાય તેવી જોગવાઈ છે.
- **સેઈફ કસ્ટડીની સેવા :** વ્યાપારી બેંકો લોકોના ઘરેણાં, ઝવેરાત, દસ્તાવેજો વગેરે સલામત રીતે સાચવવા (safe custody)નું કાર્ય પણ કરે છે. બેંકો પાસે સ્ટ્રોંગ રૂમ અને તિજોરીઓ હોય છે જેથી તેઓ આ પ્રકારની સેવા સારી રીતે બજાવી શકે છે. બેંકને આવી વસ્તુઓ પેટીમાં અથવા સીલબંધ કવરમાં સોંપવામાં આવે છે. તેની સેઈફ કસ્ટડી રજિસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. બેંક તરફથી ગ્રાહકને વસ્તુઓ મળ્યાની પહોંચ પણ આપવામાં આવે છે. પહોચની નકલ પર ગ્રાહકની સહી લેવામાં આવે છે. બેંકને સોંપેલી વસ્તુઓ પાછી મેળવવી હોય ત્યારે આ પહોંચ રજૂ કરવાની હોય છે.
- **અન્ય સ્થળે નાણાં મોકલવાનું કાર્ય :** વ્યાપારી બેંકો ડ્રાફ્ટ, મેઈલ ટ્રાન્સફર (M.T.) વગેરે દ્વારા બીજા સ્થળે નાણાં મોકલી આપવાનું કાર્ય પણ કરે છે. ડ્રાફટ એ કોઈ એક બેંકે બીજી બેંક પર અથવા તો બેંકની કોઈ એક શાખાએ અન્ય શાખા પર નાણાં ચૂકવવાનો લખી આપેલો આદેશ છે. બેંક ડ્રાફટ કાઢી આપવા માટે નિશ્ચિત કમિશન લે છે. ડ્રાફટ કઢાવનાર વ્યક્તિ બેંકની ગ્રાહક હોય એ જરૂરી નથી. ડ્રાફ્ટ દ્વારા બેંક એક સ્થળેથી અન્ય સ્થળે નાણાં મોકલી આપે છે. બેંકો મેઈલ ટ્રાન્સફર દ્વારા પણ ગ્રાહકોના નાણાં અન્ય સ્થળે મોકલી આપે છે.
- **શાખપત્રો, પ્રવાસી ચેક વગેરે લખી આપવા :** વ્યાપારી બેંકો લોકોને વધુ ઉપયોગી બનાવવાના હેતુથી શાખપત્રો, શાખપરિપત્રો, ભલામણ પરિપત્ર, પ્રવાસી ચેક વગેરે લખી આપે છે. શાખપત્ર એ કોઈ એક બેંકે અન્ય સ્થળે આવેલી કે વિદેશમાં આવેલી પોતાની પ્રતિનિધિ બેંક પર લખેલ વિનંતીપત્ર છે. શાખપત્રમાં તે લખનાર બેંક તરફથી અન્ય બેંકને એવી વિનંતી કરવામાં આવે છે કે અમુક વ્યક્તિએ નક્કી કરેલી મર્યાદામાં રહીને, લખેલા ચેકની ચુકવણી કરી આપવી અને તેના નાણાં પોતાને ખાતે ઉધારવા. પ્રવાસ દરમિયાન નાણાંની સલામતી રહે તે માટે બેંક પ્રવાસી ચેક કાઢી આપે છે.
- **વિદેશી હૂંડિયામણ સંબંધી વ્યવહારો કરવા :** વ્યાપારી બેંકો નીચેની રીતે દેશના નિકાસ વેપારમાં શાખ પૂરી પાડે છે અને એ રીતે નિકાસને પ્રોત્સાહન આપવામાં મદદરૂપ થાય છે. પેકિંગ માટે શાખ આપવી, રોકડ સહાય આપવી, લેણાં બિલ હૂંડીઓ સામે ધિરાણ આપવું, નિકાસ હૂંડી વટાવી આપવી, હૂંડીયામણ અંકુશ અંગે માર્ગદર્શન, માલવહન, જકાત વગેરે માટેના દસ્તાવેજો તૈયાર કરી આપવા વગેરે કાર્યો કરે છે.
- **ગ્રાહકોના રેફરી તરીકે કાર્ય :** વ્યાપારી બેંકો ગ્રાહકોના રેફરી (refere) તરીકે પણ સેવા બજાવે છે. જેમાં તે ગ્રાહકોની આર્થિક પરિસ્થિતિ, ધંધાકીય શાખ, સદ્ધરતા વગેરે વિષે માહિતી પૂરી પાડે છે. બેંકોની આ પ્રકારની સેવા ધંધા-ઉદ્યોગોના વિકાસમાં અગત્યનો ભાગ ભજવે છે.
- **અંડરરાઈટંગનું કાર્ય :** વ્યાપારી બેંકો સરકારી તથા અર્ધ સરકારી સંસ્થાઓ અને સંયુક્ત મૂડી કંપનીઓ (Joint Stock Companies)ની લોનોનું અંડરરાઈટિંગ પણ કરે છે. વ્યાપારી બેંકો સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓ, જાહેર ઉપયોગિતાની સેવાઓ પૂરી પાડતી સંસ્થાઓ, કોર્પોરેશનો અને કંપનીઓના બેંકર તરીકે સેવાઓ આપે છે. તેમની લોનો અને શેરોના અંડરરાઈટિંગની કામગીરી બજાવીને તેઓ લોન અને શેરોના ભરણામાં સહાયભૂત બને છે.
- **મૂડીરોકાણ અંગે સલાહ આપવી :** વ્યાપારી બેંકો ગ્રાહકોને નાણાંનું રોકાણ કરવા બાબતમાં સલાહ અને માર્ગદર્શન આપવાનું કાર્ય પણ કરે છે. આ બાબતમાં તેઓ શેરદલાલોની મદદ લઈને કાર્ય કરે છે. બેંકર ગ્રાહકને પ્રવર્તમાન વ્યાજ દરો, જુદા જુદા શેરોના ભાવો વગેરે વિષે માહિતી આપે છે. જો કે આમાં બેંકરની કોઈ જવાબદારી ઊભી થતી નથી.

- **ગેરંટી આપવાનું કાર્ય :** બેંકો ત્રાહિત વ્યક્તિઓ કે પક્ષોની તરફેણમાં પોતાના ગ્રાહકો વતી ગેરંટી આપવાનું કાર્ય પણ કરે છે. આવી ગેરંટી કે બાંયધરી સામાન્ય રીતે કોઈ કરારના પાલન માટે આપવામાં આવે છે. ગેરંટીપત્રમાં અમલની મુદત અને તેની મહત્તમ જવાબદારીનો નિર્દેશ કરેલો હોય છે. બેંક જ્યારે પોતાના ગ્રાહક વતી ગેરંટી આપે છે ત્યારે સામાન્ય રીતે તે ગ્રાહક પાસેથી તારણ મેળવી લે છે.
- **વ્યાપાર અને ઉદ્યોગ વિષે આંકડાકીય માહિતી:** કેટલીક વ્યાપારી બેંકો દેશના વ્યાપાર અને ઉદ્યોગ વિષે આંકડાકીય માહિતી એકઠી કરી જનરલ કે બુલેટીન રૂપે પ્રસિદ્ધ કરે છે. આ પ્રકારની માહિતી દેશના અર્થતંત્રના મહત્ત્વના ક્ષેત્રની પ્રગતિ વિષે ખ્યાલ આપે છે. તેના આધારે વ્યાપાર અને ઉદ્યોગ સંબંધમાં સરકારની નીતિ કેવી હોવી જોઇએ તે બાબતમાં અભિપ્રાય આપી શકાય છે.
- **પાર્ટિસિપેટિંગ સર્ટિફિકેટ કાઢી આપવા :** મૂડીરોકાણ કરતાં લોકો માટે ટૂંકા ગાળામાં ઊંચું વળતર મેળવી આપવા માટે ભારતમાં વિદેશી બેંકોએ પાર્ટિસિપેટિંગ સ્કીમ શરૂ કરી છે તે ટૂંકમાં 'P' સર્ટિફિકેટ તરીકે ઓળખાય છે. જે વાસ્તવમાં થાપણ સર્ટિફિકેટ કહી શકાય. ન્યૂયોર્કની નેશનલ સિટી બેંકે વિદેશોમાં પોતાનો ધંધો વિકસાવવા માટે આ થાપણ સર્ટિફિકેટની યોજના શરૂ કરી હતી. ભારતમાં નેશનલ સિટી બેંક, અમેરિકન એક્સપ્રેસ વગેરે બેંકોએ 'P' સર્ટિફિકેટ કાઢી આપવાની શરૂઆત કરી છે.
- **મર્ચન્ટ બેંકિંગ :** ભારતમાં સ્ટેટ બેંક ઓફ ઈન્ડિયાએ સૌપ્રથમ મર્ચન્ટ બેકિંગની શરૂઆત કરી. મર્ચન્ટ બેંકિંગમાં વ્યાપારિક પેઢીઓ અને ઔદ્યોગિક પેઢીઓને બેંકિંગ સિવાયની સેવાઓ આપવાની કામગીરીનો સમાવેશ થાય છે. વ્યાપારી બેંકો મર્ચન્ટ બેંકિંગનો જુદો વિભાગ રાખે છે. આ વિભાગ નવા ઔદ્યોગિક સાહસ શરૂ કરનાર નિયોજકો કે ઉદ્યોગ સાહસિકોને સલાહ અને સહાય પૂરા પાડે છે. તે ઉપરાંત ચાલુ પ્લાંટના વિસ્તરણ માટે અને ઉત્પાદનમાં વસ્તુનું વિવિધીકરણ કરવા માટે પણ સલાહ આપે છે. પ્રોજેક્ટ શરૂ કરવાથી માંડીને તે પૂર્ણ થાય ત્યાં સુધીમાં જ્યાં જ્યાં સરકારની મંજૂરીની જરૂર હોય ત્યાં ત્યાં તે મેળવી આપે છે. વિદેશી હૂંડિયામણના સ્રોત મેળવવામાં મદદ કરે છે. શેરો બહાર પાડવામાં તે મેનેજર તરીકે કાર્ય કરે છે અને શેરોનું અંડરરાઈટિંગ પણ કરે છે.
- **મોબાઈલ બેંકિંગ :** છેલ્લા કેટલાંક વર્ષોથી ભારતની અમુક વ્યાપારી બેંકોએ મોબાઈલ બેંકિંગની શરૂઆત કરેલી છે. મોબાઈલ બેંક એટલે ફરતી બેંક. એક વાહનમાં કામ કરતી હોય છે. આ વાહનમાં કાઉન્ટર અને રોકડ રકમ રાખવા માટે તિજોરી હોય છે. ભારતમાં બેંક ઓફ પતિયાળાએ સૌપ્રથમ ફરતી બેંકની શરૂઆત કરી હતી. પાકા રસ્તાઓનો અપૂરતો વિકાસ, પૂરતી સલામતીનો અભાવ વગેરેને લીધે દેશમાં હજી ફરતી બેંકને ધારી સફળતા મળી નથી.
- **કોરસપોન્ડન્ટ બેંકિંગ સેવા :** કોરસપોન્ડન્ટ બેંકિંગ એ બેંકિગની એવી વ્યવસ્થા છે કે જેમાં વ્યક્તિ એ પોતે બેંકમાં પોતાના કામ માટે રૂબરૂ આવવાની જરૂર હોતી. તેમાં 24-Hours Banking, ATM, Internet Banking, online Banking વગેરે પ્રકારની બેંકિંગ સેવાઓનો સમાવેશ થાય છે. કોરસપોન્ડન્ટ બેંકિંગ એ અવૈયક્તિક બેંકિંગ કહી શકાય કે જેમાં વ્યક્તિએ પોતે બેંકના કામકાજ માટે બેંકમાં રૂબરૂ જવાની આવશ્યકતા રહેતી નથી.
- **ATM (Automatic Teller Machine) :** ઓટોમેટિક ટેલર મશીનમાં કાર્ડ દ્વારા નિશ્ચિત રકમ સુધીની રોકડ રકમ તુરત જ મળી શકે છે. ગ્રાહકે ચેક અને પાસબુક રજૂ કરવાની રહેતી નથી. રોકડ રકમ મેળવવા માટે ટોકન લઈને કાઉન્ટર પર લાઈનમાં ઊભા રહેવું પડતું નથી. એ. ટી. એમ માટેનું કાર્ડ ધરાવનાર ગ્રાહકો આ કાર્ડ દ્વારા પોતાની ઈચ્છા પ્રમાણે ગમે તે સમયે નિશ્ચિત રોકડ રકમ મેળવી શકે છે. કેટલીક વ્યાપારી બેંકોએ હવે કોમ્પ્યુટરના આગમન પછી Internet Banking, Online Banking, Anywhere Banking પણ શરૂ કરેલ છે. પરિણામે કેટલાક ગ્રાહકોને હવે બેંકિંગ સેવા તુરત જ, વિના વિલંબે મળવા માંડી છે. તેમાં પણ ગ્રાહકોએ બેંકમાં વ્યક્તિગત રીતે રૂબરૂ જવાની જરૂર નથી.

4.3 વ્યાપારી બેન્કની શાખ સર્જનની પ્રક્રિયા

- **શાખસર્જનનો અર્થ :** કુલ થાપણોનો અમુક ભાગ રોકડમાં હાથ પર રાખીને બાકીના ભાગનું ગ્રાહકોને ધિરાણ આપીને વ્યાપારી બેંકો શાખનું સર્જન કરતી હોય છે. ફેડરીક બેન્હામના મતે "જ્યારે બેંક પોતાના ગ્રાહકને અતિરિક્ત (વધારાના) ઉપાડની છૂટ આપીને કે જમીનગીરીઓની ખરીદી કરીને, તેના નાણાં રોકડમાં ચૂકવવાને બદલે પોતાના ચેકથી ચુકવીને પોતાની થાપણોમાં વધારો કરે છે અને તેના દ્વારા વ્યાજ મેળવે છે. ત્યારે બેન્કે શાખનું સર્જન કર્યું કહેવાય."
- **શાખસર્જનની મહત્વની બાબતો:**

- બેંક પોતાના ગ્રાહકોને ઓવરડ્રાફટની છૂટ આપે છે. એટલે કે ગ્રાહકના ચાલુ ખાતામાં જેટલી રકમ જમા હોય તેના કરતાં નક્કી કરેલી વધુ રકમ ચેક દ્વારા ઉપાડવાની છૂટ આપે છે.
- બેંક પોતાના ગ્રાહકો પાસેથી જામીનગીરીઓ ખરીદે છે.
- બેંક ઓવરડ્રાફટની નક્કી કરેલી રકમનાં નાણાં અને જામીનગીરીઓની ખરીદીનાં નાણાં રોકડમાં નહિ પણ પોતાના ચેક દ્વારા ચુકવે છે. આમ કરીને, બેંકો પોતાની થાપણોમાં વધારો કરીને વ્યાજ કમાય છે.

- **શાખસર્જનનો પાયો :** વ્યાપારી બેંકો નફાનો હેતુ ધરાવતી હોય છે. આથી બેંકો વધારાની થાપણોનું વેપારીઓ અને ઉદ્યોગપતિઓને ધિરાણ કરીને નફો કમાય છે. થાપણદારો જે રોકડ રકમના રૂપમાં થાપણો બેંકમાં જમા કરાવે છે તેમને પ્રાથમિક થાપણો કહે છે. આ પ્રાથમિક થાપણો શાખસર્જનનો એટલે કે સર્જિત થાપણોનો આધારસ્તંભ કે પાયો ગણી શકાય. કારણ કે આ પ્રાથમિક થાપણો કેટલી છે તેના પર સર્જિત થાપણો કે શાખસર્જનના પ્રમાણનો આધાર રહે છે.
- **શાખસર્જન એટલે સર્જિત થાપણોનું સર્જન :** વ્યાપારી બેંકો જ્યારે પોતાના ગ્રાહકોને લોન કે ધિરાણ આપે છે ત્યારે તે માટેની રકમ રોકડમાં આપવાને બદલે સંબંધિત ગ્રાહકના ખાતામાં તેટલી રકમ જમા કરવામાં આવે છે. ધિરાણ લેનાર ગ્રાહક, જેમ જેમ અને જેટલા જેટલા પ્રમાણમાં નાણાંની જરૂર પડે છે ત્યારે તે બેંક પર ચેક લખે છે અને બેંક તે ચેકની ચુકવણી કરે છે. બેંક ધિરાણ કે લોન આપે છે ત્યારે રોકડ ગુમાવ્યા વગર વ્યાજ કમાય છે. અહીં જેટલી રકમનું ધિરાણ કે લોન આપેલ હોય તેટલી રકમ જે તે ગ્રાહકના ખાતામાં જમા થતી હોય છે. આથી જ કહેવાય છે કે, "લોન થાપણોનું સર્જન કરે છે." (Loans Create deposits) ગ્રાહકના ખાતામાં આ રીતે જમા થતી રકમ બેંક નાણું કે શાખી નાણું બને છે. બેંકે આ રીતે જે નવાં નાણાંનું સર્જન કર્યું તે શાખસર્જન કહેવાય.

• શાખસર્જનની પદ્ધતિઓ (સર્જિત થાપણો ઊભી કરવાની પદ્ધતિઓ)

- **ધિરાણ કે લોન આપીને :** વ્યાપારી બેંક જ્યારે કોઈ વ્યક્તિને ધિરાણ કે લોન આપે છે ત્યારે તેની રકમ રોકડમાં ન આપતાં, તે વ્યક્તિના નામનું નવું ખાતું ખોલીને તેમાં તેટલી રકમ જમા કરે છે. ત્યારબાદ મંજૂર થયેલ ધિરાણ કે લોનની રકમ જેટલી રકમ ગ્રાહકની જરૂરિયાત મુજબ ચેક દ્વારા ઉપાડવાની છૂટ આપવામાં આવે છે. અહીં ગ્રાહકના ખાતામાં જે રકમ જમા થાય છે તે બેંકની સર્જિત થાપણ બને છે. અહીં સર્જિત થાપણ જેટલી રકમનું શાખસર્જન થયું કહેવાય.
- **ઓવરડ્રાફ્ટની સગવડ આપીને :** વ્યાપારી બેંકો જ્યારે પોતાના ગ્રાહકોને ઓવરડ્રાફ્ટની સગવડ આપે છે ત્યારે પણ ઓવરડ્રાફ્ટની નક્કી કરેલી રકમ જેટલી રકમનું શાખસર્જન થતું રહે છે. કારણ કે અહીં જેટલી રકમનો ઓવરડ્રાફ્ટ બેંક મંજૂર કરે તેટલી રકમ રોકડમાં ન આપતા બેંક તે ગ્રાહકના ખાતામાં જમા કરે છે ત્યારબાદ ગ્રાહકને ઓવરડ્રાફ્ટની મંજૂર થયેલી રકમ જેટલી રકમ જરૂરિયાત પ્રમાણે ચેક દ્વારા ઉપાડવાની છૂટ આપવામાં આવે છે. અહીં ઓવરડ્રાફ્ટની મંજૂર થયેલી રકમ જેટલી રકમની સર્જિત થાપણો ઊભી થાય છે, જે શાખસર્જનનું પ્રમાણ નક્કી કરે છે.
- **જામીનગીરીઓની ખરીદી કરીને :** વ્યાપારી બેંકો, શેર, બોન્ડ, ડિબેન્ચર વગેરે જામીનગીરીઓની ખરીદી કરીને પણ શાખસર્જન કરે છે. બેંકો જામીનગીરીઓની જે ખરીદી કરે છે તેમના નાણાં રોકડમાં આપતી નથી. પરંતુ તેટલી રકમનો ચેક આપે છે. અહીં પણ જામીનગીરીઓની ખરીદીને લીધે બેંકોની સર્જિત થાપણોમાં વધારો થાય છે.
- **વિનિમયપત્રો વટાવી આપીને :** વસ્તુઓનાં ખરીદ-વેચાણમાંથી ઉદ્ભવતા વિનિમય પત્રો (Bills of exchange) પાકે તે પહેલા વટાવી આપીને પણ વ્યાપારી બેંકો શાખસર્જન કરતી હોય છે. વિનિમયપત્ર ધારકને વિનિમયપત્ર પાકે તે પહેલાં નાણાંની જરૂર હોય તો તે બેંક પાસે તે વટાવીને તેનાં નાણાં મેળવી શકે છે. બેંક જરૂરી વટાવ કાપી લઈને બાકીની રકમ રોકડમાં ન આપતાં, તેના ખાતામાં જમા કરી દે છે અને સર્જિત થાપણો ઊભી કરે છે.

• શાખસર્જન માટેની શરતો :

- **વ્યાપારી બેંકોનો સહયોગ:** શાખસર્જનની પ્રક્રિયા એ હકીકતમાં બહુવિધ શાખસર્જન (multiple credit creation)ની પ્રક્રિયા છે. કારણ કે અર્થતંત્રમાં જે કુલ શાખસર્જન થાય છે તેમાં બધી વ્યાપારી બેંકોનો સહયોગ થાય છે. જો બધી વ્યાપારી બેંકો શાખસર્જનમાં સાથ અને સહકાર ન આપે તો શાખસર્જનની પ્રક્રિયામાં અવરોધાય છે.
- **રોકડ નાણાંનો વ્યાપક પુરવઠો :** વ્યાપારી બેંકો શાખસર્જનની પ્રક્રિયા આગળ ધપાવી શકે તે માટે દેશમાં રોકડ નાણાંનો પુરવઠો પૂરતા પ્રમાણમાં હોય એ જરૂરી છે. જો દેશમાં મધ્યસ્થ બેંક દ્વારા નાણાં સંકુચનની નીતિ અમલમાં

મૂકવામાં આવે તો રોકડ નાણાનો પુરવઠો મર્યાદિત બને છે અને તેવા સંજોગોમાં વ્યાપારી બેંકો પાસે પ્રાથમિક થાપણો અલ્પ પ્રમાણમાં આવે તો શાખસર્જન ઘટે છે.

- **લોકોની રોકડ પસંદગી :** રોકડ પસંદગી એટલે લોકોની રોકડ નાણ હાથ પર રાખવાની વૃત્તિ. જો લોકોની રોકડ પસંદગી વધે તો શાખસર્જનનું પ્રમાણ ઘટે છે. અર્થતંત્રમાં મંદીના સંજોગોમાં લોકોની રોકડ પસંદગી ઊંચી રહે છે. પરિણામે મંદી શાખસર્જનમાં વધારો થઈ શકતો નથી. શાખ સર્જન માટે રોકડ પસંદગી ઓછી હોવી જોઈએ.
- **રોકડ અનામત દર :** વ્યાપારી બેંકોએ કેટલા પ્રમાણમાં ન્યૂનતમ રોકડ અનામત રાખવી તે બાબત મધ્યસ્થ બેંક વખતોવખત નક્કી કરે છે. જો મધ્યસ્થ બેંક રોકડ અનામતનું પ્રમાણ વધારે તો વ્યાપારી બેંકોની શાખસર્જન કરવાની શક્તિમાં ઘટાડો થાય છે. આથી એમ કહી શકાય કે જેમ રોકડ અનામતનું પ્રમાણ ઓછું તેમ વ્યાપારી બેંકોની શાખસર્જન વધે છે.
- **ધિરાણની માંગ :** અર્થતંત્રમાં ધિરાણ માટેની માંગ પૂરતા પ્રમાણમાં હોય તો જ વ્યાપારી બેંકોની શાખસર્જનની પ્રક્રિયા આગળ વધે છે. ધિરાણ માટેની માંગનો આધાર દેશના અર્થતંત્રમાં તેજીના સંજોગો છે કે મંદીના સંજોગો છે તે બાબત પર રહેલો છે. તેજીના સંજોગોમાં ધિરાણ માટેની માંગ વધુ રહે છે અને તેનાથી ઊલટું, મંદીના સંજોગોમાં ધિરાણ માટેની માંગ ઓછી રહે છે.
- **જામીનગીરીઓની પ્રાપ્યતા :** પ્રમાણિત જામીનગીરીઓ કેટલા પ્રમાણમાં પ્રાપ્ય છે એ બાબત શાખસર્જનની પ્રક્રિયા પર અસરકર્તા નીવડે છે. વ્યાપારી બેંકો જ્યારે ધિરાણ આપે છે ત્યારે શેર, બોન્ડ્ઝ, વિનિમયપત્રો, વગેરે તારણ તરીકે લે છે. તેથી જો આ પ્રકારની પ્રમાણિત જામીનગીરીઓનું પ્રમાણ જ ઓછું હોય તો ધિરાણમાં અવરોધ ઊભો થાય છે અને તેના પરિણામે શાખસર્જનની પ્રક્રિયા અવરોધાય છે.
- **થાપણોમાં વિક્ષેપ ન પડવો જોઈએ :** સર્જિત થાપણોમાં વિક્ષેપ પડે તો બેંકની શાખસર્જન કરવાની શક્તિ ઘટે છે. આથી શાખસર્જનની પ્રક્રિયા આગળ વધતી રહે તે માટે એ જરૂરી બની જાય છે કે સર્જિત થાપણોમાં વિક્ષેપ ન પડવો જોઈએ. ધિરાણ કે લોન લેનાર વ્યક્તિ તેનાં નાણાં વપરાશ ખર્ચમાં વાપરી નાખે અને તે અન્ય બેંકમાં થાપણ તરીકે જમા ન થાય ત્યારે થાપણોમાં વિક્ષેપ કે ભંગાણ પડે છે, અને તેના પરિણામે શાખસર્જનની પ્રક્રિયા આગળ વધી શકતી નથી.

• ઉદાહરણ દ્વારા શાખસર્જનની સમજૂતી :

- ધારો કે, ગ્રાહકોની રોકડ નાણાંની માંગને પહોંચી વળવા માટે બેંકો 10 ટકા રોકડ અનામત રાખે છે. શરૂઆતમાં A બેંક પાસે ર. 10,000 ની રોકડ રકમ જમા થવા માટે આવે છે, જેમ બેંકની પ્રાથમિક થાપણ બને છે. A બેંક રૂ.. 1000 રોકડ અનામત રાખી બાકીના રૂ. 9,000 સર્જિત થાપણ તરીકે જમા કરશે, જે વધારાનું નાણાંભંડોળ થશે. આ વધારાની રકમનું બેંક ધિરાણ કરી શકે છે.
- ધારો કે, A બેન્કે X વ્યક્તિને રૂ. 9,000 ની લોન આપી. X વ્યક્તિએ Y વ્યક્તિને લેણાં પેટે રૂ. 9,000 નો ચેક આપ્યો. Y વ્યક્તિનું ખાતું B બેંકમાં છે. B બેંક 900 રોકડ અનામત રાખી બાકીના 8100નું ધિરાણ કરશે.
- આમ, શરૂઆતની પ્રાથમિક થાપણ રૂ. 10,000 હોય અને રોકડ અનામતનું પ્રમાણ 10 ટકા હોય તો, કુલ શાખસર્જન રૂ. 1,00,000 થાય, અને ચોખ્ખું શાખસર્જન રૂ. 90,000 થાય.

• કુલ શાખસર્જન માટેનુ સૂત્ર : $\frac{\text{પ્રાથમિક થાપણ} \times 100}{\text{રોકડ અનામતનું પ્રમાણ}}$

- ચોખ્ખા શાખસર્જન માટેનુ સૂત્ર : કુલ શાખસર્જન - પ્રાથમિક થાપણ.
- નોંધનીય છે કે રોકડ અનામતના પ્રમાણ અને કુલ શાખસર્જન વચ્ચે વ્યસ્ત કે અવળો સંબંધ છે. તેથી, જેમ રોકડ અનામતનું પ્રમાણ ઓછું હોય તેમ કુલ શાખસર્જન વધુ થાય, અને જેમ રોકડ અનામતનું પ્રમાણ વધુ હોય તેમ કુલ શાખસર્જન ઓછું થાય.

• શાખસર્જનની મર્યાદાઓ :

- **રોકડ નાણાંનું પ્રમાણ :** વ્યાપારી બેંકોની શાખસર્જનની શક્તિ દેશમાં કુલ રોકડ નાણાંના પ્રમાણ દ્વારા મર્યાદિત થતી હોય છે. દેશમાં રોકડ નાણાંનું પ્રમાણ જેમ વધારે તેમ બેંકોની શાખસર્જન કરવાની શક્તિ વધુ રહે છે. પરંતુ વાસ્તવિકતા એ છે કે વ્યાપારી બેંકો પોતે રોકડ નાણાંના પ્રમાણમાં વધારો કે ઘટાડો કરી શકતી નથી. દેશમાં રોકડ

નાણાંના પ્રમાણમાં વધારો કે ઘટાડો કરવાની સત્તા દેશની મધ્યસ્થ બેંક પાસે હોય છે. દેશમાં કુલ રોકડ નાણાંના પ્રમાણને નિયંત્રિત કરવાની મધ્યસ્થ બેંકની સત્તા વ્યાપારી બેંકોની શાખસર્જન પર મર્યાદા મૂકે છે.

- **લોકોની રોકડ પસંદગી :** લોકોની રોકડ પસંદગી પણ શાખસર્જનની પ્રવૃત્તિ પર અંકુશીત કરે છે. લોકોની રોકડ પસંદગી વધે, એટલે કે લોકોની હાથ પર રોકડ નાણાં રાખવાની વૃત્તિ વધે તો વ્યાપારી બેંકોની શાખસર્જન કરવાની શક્તિમાં વધારો થઈ શકે નહિ.
- **રોકડ અનામતનું પ્રમાણ:** વ્યાપારી બેંક દ્વારા રાખવામાં આવતું રોકડ અનામતનું ન્યૂનતમ પ્રમાણ તેની શાખસર્જન કરવાની શક્તિ પર મહત્ત્વની મર્યાદા મૂકે છે, કુલ થાપણોનો અમુક ભાગ રોકડ અનામત તરીકે બેંક પોતાની પાસે રાખતી હોય છે. કુલ થાપણોનો વધુ ભાગ ન્યૂનતમ અનામત તરીકે રાખવો પડે તેમ હોય તો તેટલા અંશે બેંકોની શાખસર્જન કરવાની શક્તિ ઘટવા પામે છે. ઉદાહરણ તરીકે, કુલ થાપણોની રોકડ અનામત 10 ટકાને બદલે 20 ટકા રાખવાનું જરૂરી બને તો અગાઉ કરતાં ઓછું શાખસર્જન થશે. બેંકો પાસેનું રોકડ અનામતનું પ્રમાણ દેશની મધ્યસ્થ બેંક દ્વારા નિયંત્રિત થતું હોય છે.
- **ધિરાણ માટેની માંગ :** અર્થતંત્રમાં ધિરાણ માટેની માંગ જ ઓછી હોય તો શાખસર્જન કઈ રીતે વિસ્તાર પામી શકે? આ દૃષ્ટિએ વિચારતાં, ધિરાણ માટેની માંગ શાખસર્જન પર એટલે કે સર્જિત થાપણો ઊભી કરવાની શક્તિ પર અસર કરતું અગત્યનું પરિબળ ગણાય. મંદીના સંજોગોમાં ધિરાણ, માટેની માંગ ઘટે છે તેથી શાખસર્જનનું પ્રમાણ ઘણું મર્યાદિત બની જાય છે.
- **અસ્કયામતોનું પ્રમાણ :** વ્યાપારી બેંકો જ્યારે ધિરાણ કરે છે ત્યારે ગ્રાહક પાસેથી કોઈ ને કોઈ પ્રકારની અસ્કયામતો તારણ તરીકે લેતી હોય છે. બેંકો શેર, બોઝ, જમીનગીરી, જમીન, મકાન, યંત્ર સામગ્રી વગેરે તારણ તરીકે લઈને ધિરાણ કરતી હોય છે. કોઈને કોઈ પ્રકારની અક્યામતો વગર ધિરાણ મળી શકે નહિ. આમ, અસ્કયામતોનું પ્રમાણ શાખસર્જનની શક્તિની મર્યાદા બને છે.
- **મધ્યસ્થ બેંકની શાખ નીતિ :** વ્યાપારી બેંકોની શાખસર્જનની પ્રવૃત્તિ દેશની મધ્યસ્થ બેંકની શાખનીતિ દ્વારા નિયંત્રિત થતી હોય છે. અર્થતંત્રની પરિસ્થિતિ લક્ષમાં રાખીને મધ્યસ્થ બેંક વખતોવખત શાખ નીતિ (Credit policy) જાહેર કરે છે. સામાન્ય રીતે, મંદીના સંજોગોમાં શાખ વિસ્તરણની નીતિ જાહેર થાય છે, તો તેજીના સંજોગોમાં શાખ સંકુચનની નીતિ અમલમાં મૂકવામાં આવે છે. જો કે શાખસર્જન કેટલા પ્રમાણમાં વિસ્તરશે કે સંકુચન પામશે તેનો આધાર ધંધા ઉદ્યોગની પ્રવર્તમાન સ્થિતિ, રોજગારી, આવક, ખર્ચ વગેરે પરિબળો પર રહે છે.
- **કુલ અનામતો :** વ્યાપારી બેંકો કેટલા પ્રમાણમાં શાખસર્જન એટલે કે સર્જિત થાપણો ઊભી કરી શકો તેનો આધાર બેંકો પાસેની કુલ અનામતો પર રહેલો છે. બેંકો પાસે કુલ અનામતોનું પ્રમાણ ઓછું તો શાખસર્જન મર્યાદિત બને છે. બેંકોની કુલ અનામતોના પ્રમાણ પર મધ્યસ્થ બેંકની નાણાકીય નીતિ (monetary policy) સક્રિયપણે અસર કરતી હોય છે.
- **થાપણોમાં વિક્ષેપ :** જે વ્યક્તિને ચેક દ્વારા નાણાં ચૂકવવામાં આવ્યા હોય તે વ્યક્તિ લોનનાં નાણાં ઉપાડી વપરાશ ખર્ચમાં વાપરી નાખે તો તેને લીધે થાપણોમાં વિક્ષેપ પડવાથી શાખ સર્જન મર્યાદિત બને છે. વ્યાપારી બેંકોને અન્ય બેંકમાં તે રકમ થાપણ તરીકે જમા ન થાય તો થાપણોમાં વિક્ષેપ કે ભંગાણ પડે છે. જે વ્યક્તિને ચેક દ્વારા નાણાં ચૂકવવામાં આવ્યા છે તે અમુક રકમ વપરાશ માટે પોતાની પાસે રોકડમાં રાખે તો તેટલા અંશે શાખસર્જન ઘટે છે.

4.4 મધ્યસ્થ બેન્કના કાર્યો

કોઈ પણ દેશની બેકિંગ પદ્ધતિમાં મધ્યસ્થ બેંક સર્વોચ્ચ સ્થાન ધરાવે છે. અન્ય વ્યાપારી બેંકો કરતાં દેશમાં મધ્યસ્થ બેંકનું સ્થાન વિશિષ્ટ પ્રકારનું છે. મધ્યસ્થ બેંક દેશના અર્થતંત્રની આર્થિક સ્થિરતા જાળવી રાખનાર એક કેન્દ્રીય સંસ્થા છે. ઇંગ્લેંડમાં મધ્યસ્થ બેંક (બેંક ઓફ ઇંગ્લેડ) 19મી સદીના મધ્ય ભાગથી તેની કામગીરી શરૂ કરેલ છે. યુ.એસ.એ.ની મધ્યસ્થ બેંક (ફેડરલ રિઝર્વ બેંક)ની સ્થાપના 1913માં થયેલી અને તે રીતે ભારતમાં રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયાની સ્થાપના 1935માં થઈ છે. મધ્યસ્થ બેંક તેની વિશાળ નાણાકીય સત્તાઓના આધારે દેશની બધી જ વેપારી બેંકોનું નિરીક્ષણ કરે છે અને સાથોસાથ તેમની શાખસર્જનની પ્રવૃત્તિનું નિયંત્રણ પણ કરે છે.

- **મધ્યસ્થ બેંકનો અર્થ :**

- વેરા સ્મિથ : "કેન્દ્રિય બેંકિંગ પ્રણાલીમાં કોઈ એક બેંકને નોટ પ્રચાલનનો સંપૂર્ણ ઈજારો આપવામાં આવે છે."

- આંતરરાષ્ટ્રીય ચુકવણી બેંક : "કેન્દ્રિય બેંક તેને કહે છે કે જેનું પ્રધાન કાર્ય દેશમાં ચલણ અને શાખી નાણાંનું નિયમન કરવાનું છે."
- હોટ્રે : "કેન્દ્રિય બેંક બેંકોની બેંક છે તથા તેની મુખ્ય વિશિષ્ટતા એ છે કે તે બેંકો માટે અંતિમ ઋણદાતાનું કાર્ય કરે છે."
- આમ, મધ્યસ્થ બેંક એવી સંસ્થા છે કે જે દેશના વિશાળ આર્થિક હિત માટે નાણાંના આંતરિક અને બાહ્ય મૂલ્યમાં સ્થિરતા જાળવવાના હેતુથી નાણાં, શાખ તેમજ બેંકિંગ પ્રથાનું નિયમન કરે છે. મધ્યસ્થ બેંક આર્થિક સ્થિરતાની જાળવણી કરીને ઉત્પાદન તથા રોજગારીને પ્રોત્સાહન પૂરું પાડીને દેશની આર્થિક પ્રગતિમાં પોતાનું યોગદાન કરતી એક વિશિષ્ટ સંસ્થા છે.

• મધ્યસ્થ બેંકના કાર્યો

- **કાયદેસરનું નાણું બહાર પાડવાનું કાર્ય :** આજે વિશ્વના દરેક દેશમાં મધ્યસ્થ બેંક ચલણી નોટો બહાર પાડવાની સત્તા અને એક માત્ર અધિકાર ધરાવે છે. મધ્યસ્થ બેંક તેના ઉત્ક્રાંતિ કાળથી જ આ કાર્ય બજાવતી આવી છે. વ્યાપારી બેંકો આ કાર્ય બજાવી શકતી નથી અને તેને લગતી સત્તા પણ ધરાવતી નથી. ભારતમાં એક રૂપિયાની નોટ સિવાયની તમામ નોટો રિઝર્વ બેંક બહાર પાડે છે. તાજેતરમાં દુનિયાના ઘણા દેશોએ ન્યૂનતમ અનામત પદ્ધતિનો સ્વીકાર કર્યો છે. આ પદ્ધતિ મુજબ મધ્યસ્થ બેંક ચલણના પીઠબળ તરીકે સુવર્ણ અને પરદેશી જામીનગીરીઓની અનામતો અમુક ન્યૂનતમ પ્રમાણમાં રાખવાની હોય છે. ભારતમાં 1956થી ન્યુનતમ અનામત પદ્ધતિનો અમલમાં છે. આપણી રિઝર્વ બેંક ચલણી નોટો સામે રૂ. 200 કરોડની ન્યૂનતમ અનામતો રાખે છે, જેમાંથી 115 કરોડનું સોનું અને 85 કરોડની વિદેશી જામીનગીરીઓ રાખવામાં આવે છે. આ પદ્ધતિ ભારત જેવા વિકાસમાન દેશો માટે વધુ ઉપયોગી નીવડે છે.
- **સરકારના બેંકર તથા એજન્ટ તરીકેનું કાર્ય :** મધ્યસ્થ બેંકો સરકારના બેંકર, એજન્ટ તથા સલાહકાર તરીકેનું કાર્ય બજાવે છે. વ્યાપારી બેંકો જે સેવા તેના ગ્રાહકો માટે અને ગ્રાહકો વતી બજાવે છે તેવી જ રીતે મધ્યસ્થ બેંક સરકારી ખાતાંઓ અને જાહેર સાહસો તેમજ અન્ય નાણાકીય બાબતોની વ્યવસ્થા કરી આપે છે. મધ્યસ્થ બેંક સરકાર વતી જાહેર લોન બહાર પાડે છે અને તે અંગેનો તમામ વહીવટ પણ કરે છે. મધ્યસ્થ બેંક સરકારને ટૂંકી મુદત માટે લોન પણ આપે છે. ટૂંકમાં, તે તમામ પ્રકારનો સરકારી નાણાકીય કામકાજો એક યા બીજી રીતે બજાવે છે. મધ્યસ્થ બેંક વિદેશી હૂંડિયામણનું ખરીદ-વેચાણ પણ કરે છે. તે એક સાચા સલાહકાર તરીકે ખાધપુરવણી, આયોજન, અવમૂલ્યન વગેરે પ્રશ્નો અંગે સરકારને યોગ્ય સલાહસૂચનો કરે છે. આંતરરાષ્ટ્રીય નાણાકીય બાબતો અંગે પણ તે સરકારના પ્રતિનિધિ તરીકે ફરજ બજાવે છે.
- **વ્યાપારી બેંકોના બેન્કર તરીકેનું કાર્યઃ** વિશાળ અર્થમાં મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકોના બેંકર તરીકે ત્રણ પ્રકારનાં કાર્યો બજાવે છે. વ્યાપારી બેંકોની રોકડ અનામતોના વાલી તરીકે, અંતિમ સહાયક તરીકે અને નાણાકીય હેરફેર, પતાવટ, ફેરવટાવ વગેરેની કામગીરી બજાવીને. પ્રો. કાઉથર જણાવે છે કે, "જેવી રીતે વ્યાપારી બેંકો અને તેમના ગ્રાહકો વચ્ચે લેવડદેવડનો સંબંધ હોય છે તેવી રીતે મધ્યસ્થ બેંક અને અન્ય વ્યાપારી બેંકો વચ્ચે લેવડદેવડનો સંબંધ હોય છે." આ રીતે મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકોનું નેતૃત્વ લઈ તેમના એક સલાહકાર અને મિત્ર તરીકે પણ ફરજ બજાવે છે.
- **વ્યાપારી બેંકોના અંતિમ સહાયક તરીકેનું કાર્ય :** મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકોના અંતિમ સહાયક તરીકેની કામગીરી પણ બજાવે છે. આ કાર્ય મુજબ મધ્યસ્થ બેંક વ્યાપારી બેંકોને કટોકટીના સમયે નાણાકીય સહાય આપે છે. જ્યારે વ્યાપારી બેંકો ફડચામાં જતી હોય તેવા સમયે મધ્યસ્થ બેંક તેમને સહાય આપી કટોકટીમાંથી ઉગારી લે છે. આ કાર્યને મધ્યસ્થ બેંકના મૂળભૂત કાર્ય છે. મધ્યસ્થ બેંકની ફેરવટાવની કામગીરી અર્થતંત્રમાં શાખના માળખાને વધુ તરલ બનાવે છે.
- **વિદેશી હૂંડિયામણ દરની સ્થિરતા જાળવવાનું કાર્ય :** મધ્યસ્થ બેંક વિદેશી હૂંડિયામણના દરની સ્થિરતા જાળવાનું અગત્યનું કાર્ય પણ છે. આ માટે મધ્યસ્થ બેંક સુવર્ણ અને વિદેશી જામીનગીરીઓના સ્વરૂપમાં અનામતો રાખે છે. જો વિદેશી ચલણનું દેશના ચલણમાં મૂલ્ય વધી જાય તો મધ્યસ્થ બેંક નક્કી કરેલા દરે વિદેશી ચલણ વેચી તેના પુરવઠામાં વધારો કરે છે અને જો દેશના ચલણનું વિદેશી ચલણમાં વિનિમય મૂલ્ય વધી જાય તો મધ્યસ્થ બેંક દેશના ચલણના પુરવઠામાં વધારો કરે છે અને એ રીતે દેશના ચલણનું મૂલ્ય સ્થિર રાખે છે.

- **બેંકો વચ્ચેની લેવડદેવડ તથા પતાવટનું કાર્યઃ** વેપારી બેંકોના નાણાંની પતાવટ (clearing house)ની કામગીરી તથા એક સ્થળની અન્ય સ્થળે નાણાં મોકલવાની સવલતોનું કાર્ય બજાવી મધ્યસ્થ બેંક વેપારી બેંકની મહત્ત્વની સેવા બજાવે છે. ભારત જેવા દેશમાં અર્થતંત્રના ઝડપી વિકાસ માટે તથા ખેતી અને ઉદ્યોગોની નાણાકીય જરૂરિયાતોની પતાવટ માટે આ સેવા બજાવી મધ્યસ્થ બેંક વિકાસની પ્રક્રિયાની વેગ આપે છે.
- **શાખનિયંત્રણનું કાર્ય :** જેમ શાખસર્જન એ વ્યાપારી બેંકોનું મહત્ત્વપૂર્ણ કાર્ય ગણવામાં આવે છે તેમ શાખનિયંત્રણ એ મધ્યસ્થ બેંકનું મહત્ત્વપૂર્ણ કાર્ય ગણાય છે. વ્યાપારી બેંકો જ્યારે જરૂર કરતાં વિશેષ પ્રમાણમાં શાખસર્જન કરે છે ત્યારે અર્થતંત્રમાં ફુગાવો સર્જાય છે. આથી મધ્યસ્થ બેંક પોતાની નાણાકીય નીતિ દ્વારા વ્યાપારી બેંકોની શાખસર્જનની પ્રવૃત્તિનું નિયમન કરે છે અને તે રીતે આર્થિક સ્થિરતા જાળવી રાખે છે. મધ્યસ્થ બેંક શાખનું નિયંત્રણ કરે છે અને તે માટે જુદા જુદા પગલાંઓ લે છે. આ પગલાંઓ નાણાંકીય નીતિના એક ભાગરૂપે જ લેવામાં આવે છે.
- **આર્થિક વિકાસને પોષક એજન્સીનું કાર્ય :** ઉપરોક્ત કાર્યો ઉપરાંત વર્તમાન સમયમાં મધ્યસ્થ બેંક દેશના આર્થિક વિકાસને પોષક હોય એવી નીતિ અમલમાં મૂકી વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવામાં મદદરૂપ નીવડે છે. શરૂઆતમાં મધ્યસ્થ બેંક આ પ્રકારનું કાર્ય કરતી ન હતી. પરંતુ હાલમાં તમામ દેશોમાં મધ્યસ્થ બેંક આ કાર્ય કરે છે. રાજ્યની સામાન્ય આર્થિક નીતિ સાથે સુસંગત હોય એવી નાણાકીય નીતિ અનુસરીને દેશમાં સ્થિરતા અને વિકાસની પ્રક્રિયાને ઝડપી બનાવવાનું મધ્યસ્થ બેંકનું કાર્ય નોંધપાત્ર છે. મધ્યસ્થ બેંક દેશના નાણા તંત્રને અને નાણાકીય સંસ્થાઓને ખૂબ જ સંગઠિત અને વ્યવસ્થિત બનાવે છે કે જેના દ્વારા અર્થતંત્રમાં વિશાળ મૂડીરોકાણના કાર્યક્રમો હાથ ધરી શકાય. મધ્યસ્થ બેંક મૂડીસર્જન કરવામાં મહત્ત્વનો ફાળો આપે છે. ભારત જેવા દેશમાં આર્થિક આયોજનની શરૂઆતથી જ આયોજન સાથે સુસંગત થાય તેવી નાણાકીય નીતિ અપનાવવામાં મધ્યસ્થ બેન્કની મહત્વની કામગીરી રહી છે.

આમ, મધ્યસ્થ બેંકનાં વિવિધ કાર્યો છે. મધ્યસ્થ બેંક દેશના વિશાળ હિતમાં શાખનિયંત્રણ અને નાણાકીય નીતિનો અમલ કરે છે. આજે દુનિયાના લગભગ બધા જ દેશોમાં મધ્યસ્થ બેંક આ હકીકતના સંદર્ભમાં ચલણી અને શાખી એમ બંને પ્રકારનાં નાણાંનું નિયમન કરે છે. વિશ્વના તમામ દેશો આજે પોતાની મધ્યસ્થ બેંકની સહાય વડે આર્થિક સ્થિરતા જાળવે છે. મધ્યસ્થ બેંક "એક મિત્ર, દાર્શનિક અને માર્ગદર્શક' તરીકે પોતાની ફરજ બજાવે છે. સમયના બદલાતા પ્રવાહો અને વહેણો સાથે કોઈ પણ દેશની મધ્યસ્થ બેંકની કામગીરીનું સ્વરૂપ વધુ વિશાળ બન્યું છે. ભારત જેવા વિકાસમાન અર્થકારણમાં મધ્યસ્થ બેંક સમગ્ર નાણાકીય વ્યવસ્થાનું સંચાલન અને નિયમન કરે છે.

****

સંદર્ભ :

- *https://epgp.inflibnet.ac.in*
- *https://en.wikipedia.org*
- *www.economicsdiscussion.net*
- *Money,Banking, Public Finance & International Economy, Uttarakhand Open University*